# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 35 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 February 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં મુખ્ય પ્રધાને પણ વિદ્યાર્થીઓને આપ્યું માર્ગદર્શન

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પરીક્ષા પે ચર્ચાની આઠમી કડી અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે કરેલા રાષ્ટ્ર વ્યાપી સંવાદનું પ્રસારણ સમગ્ર રાજ્યની શાળાઓમાં પણ કરવામાં આવ્યું હતું. નરેન્દ્રભાઈ મોદીના 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમના પ્રસારણને ગુજરાતની ૪૦ હજારથી વધારે શાળાના ૬૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ નિહાળ્યું હતું. રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના વસ્ત્રાલમાં આવેલી ક્રિસ્ટલ ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે આ કાર્યક્રમનું પ્રસારણ નિહાળ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે અર્થસભર સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે શિક્ષણ રાજ્યપ્રધાન પ્રફુલ પાનશેરિયા અને રાજ્ય સહકાર પ્રધાન જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિતિ રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, દરેક વિદ્યાર્થીએ પોતાના જીવનકાળમાં એકવાર વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા લિખિત એક્ઝામ વોરિયર પુસ્તક અવશ્ય વાંચવું જોઈએ. આ પુસ્તકમાં બોર્ડની એક્ઝામને લઈને વિદ્યાર્થીઓનાં મનમાં ઊભા થતા દરેક સવાલોના જવાબ મળશે. આ પુસ્તક વાંચીને સૌ વિદ્યાર્થીઓએ હળવા પણ થવું જોઈએ. પરીક્ષા પે ચર્ચાની આ આઠમી શ્રેણી છે. પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ આજે દેશ અને દુનિયામાં જાણીતો બન્યો છે. લાખો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ આ કાર્યક્રમમાં જોડાઈ રહ્યા છે, જે આ કાર્યક્રમની સફળતા સાબિત કરે છે. મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી એક એવું વ્યક્તિત્વ છે, જે દરેક જનમાનસ સાથે સંકળાયેલું છે. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશની દરેક બાબતો અને વિષય પર ખૂબ ઝીણવટપૂર્વક કામ કરી રહ્યા છે, જેના કારણે ભારતને દેશ અને દુનિયામાં ગૌરવ મળ્યું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ અવસરે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, ૨૧મી સદી એ જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. ૨૧મી સદીમાં દરેક વિદ્યાર્થીઓને શિક્ષણની ખૂબ આવશ્યકતા છે, શિક્ષણ વગર ચાલે એમ નથી એટલે માર્ક્સ ભલે વત્તા-ઓછા આવે પણ શિક્ષણ મેળવવું ખૂબ જરૂરી છે. દરેક વિદ્યાર્થીએ પોતાના સમગ્ર દિવસનું ટાઇમ શેડ્યૂલ બનાવવું જોઈએ. રમત-ગમત માટે કેટલો સમય આપવો? ટીવી માટે કેટલો સમય? તેમજ ભણવા માટે કેટલો સમય આપવો? તેનું યોગ્ય આયોજન કરવું જોઈએ.

# અમદાવાદ ઍરપોર્ટ પર જેદ્દાહથી આવેલી ફ્લાઈટમાં બૉમ્બ હોવાની ધમકી મળતાં સુરક્ષા એજન્સીઓ ઍલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં ફ્લાઇટમાં બૉમ્બની સતત મળી રહેલી ધમકીઓ વચ્ચે અમદાવાદ એરપોર્ટ પર જેદ્દાહથી આવેલી ઇંડિગો એરલાઇન્સની ફ્લાઇટમાં બૉમ્બ હોવાની ધમકી મળી હતી. આ ધમકી મુદ્દે સુરક્ષા તંત્ર ઍલર્ટ થઈ ગયું હતું અને તાત્કાલિક તપાસ હાથ ધરાઈ હતી. સુરક્ષા એજન્સીઓને ફ્લાઇટમાં ચકાસણી બાદ કશું શંકાસ્પદ નહીં મળતાં રાહતનો શ્વાસ લીધો હતો.

અમદાવાદ એરપોર્ટ પર જેદ્દાહથી આવેલી ઈંડિગો એરલાઈન્સની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળ્યા બાદ સ્થાનિક પોલીસ, સુરક્ષા એજન્સીઓ તેમ જ ફાયર વિભાગે એરપોર્ટ પર બેઠક કરી હતી. આ ધમકી બાદ એરપોર્ટની સુરક્ષા વધારવામાં આવી હતી. અમદાવાદમાં એરપોર્ટ ઉપર છેલ્લા બે મહિનામાં અનેકવાર ફ્લાઇટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી રહી છે. જ્યારે દેશભરમાં છેલ્લા બે મહિનામાં ૧૦૦થી વધુ ફ્લાઈટને આ પ્રકારની ખોટી ધમકી મળી ચૂકી છે, જેથી સમગ્ર એવીએશન ઉદ્યોગમાં અને હવાઇ મુસાફરોની ચિંતામાં વધારો થયો છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ ધમકી મળ્યા બાદ ફ્લાઈટમાંથી તમામ મુસાફરોને ડિબોર્ડ કરી દેવામાં આવ્યા હતાં. તમામનો લગેજ પણ ચેક કરી લેવાયો હતો. તમામ મુસાફરોના હેન્ડરાઇટિંગ સેમ્પલ પણ લેવાયા હતાં. તમામ ૧૮૦ મુસાફરો પાસે અંગ્રેજીમાં બૉમ્બ ઝેડ અને પોતાનો સીટ નંબર લખાવવામાં આવ્યો હતો. આ મામલે બૉમ્બ રેટ કમિટીની રચના કરી દેવાઈ હતી. મુસાફરમાંથી કોઈ મુસાફરે ચિઠ્ઠી લખેલું સાબિત થશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. ઝોન ૪ ડીસીપી કાનન દેસાઇએ જણાવ્યું હતું કે બૉમ્બની ધમકી મળતાં ધમકી આપનાર વ્યક્તિ અંગે તપાસ કરવામાં આવી રહી છે.

# ગાંધીનગરમાં આરોગ્ય પ્રધાનની ઉપસ્થિતિમાં સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનું લોન્ચિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગર ખાતે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે. પી. નડ્ડાના અધ્યક્ષસ્થાને તથા રાજ્યના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનું વર્ચ્યુઅલ લોન્ચિગ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીમાં ફાઈલેરિયા રોગ નિર્મુલનનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો, જેના ભાગરૂપે તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫થી ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં, નર્મદાના નાંદોદ અને ડેડીયાપાડા તેમજ ડાંગ જિલ્લાના વઘઈ એમ ચાર તાલુકાની લગભગ ૫.૪૬ લાખ વસ્તીમાં સામૂહિક દવા વિતરણ કામગીરીનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં ટી.બી. અને પોલિયો જેવા વિવિધ પ્રકારના ગંભીર રોગોને જડમૂળથી નાશ કરવા રાજ્ય સરકાર હરહંમેશ ખડેપગે રહે છે.

તેવી જ રીતે ફાઈલેરિયા એટલે કે 'હાથીપગા રોગ'ને નાબૂદ કરવા તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન માસ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશન એટલે કે સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો બીજો તબક્કો હાથ ધરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ચાર તાલુકાના કુલ ૫.૪૬ લાખ નાગરિકોને ડી.ઇ.સી. અને આલ્બેન્ડાઝોલ નામની દવા આરોગ્ય કાર્યકર-દવા વિતરક દ્વારા રૂબરૂમાં ગળાવવામાં આવશે. જ્યારે, બે વર્ષથી નાનાં બાળકો, સગર્ભા મહિલા, અતિશય બીમાર વ્યક્તિ અને પ્રસૂતિના એક અઠવાડિયા સુધીની ધાત્રી માતાઓને આ દવા ગળાવામાં આવશે નહિ. આ અભિયાન અંતર્ગત તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમ્યાન ઉપર્યુક્ત તાલુકા વિસ્તારની તમામ ૭૭૬ આંગણવાડી, ૭૪૮ શાળાઓ અને ૧૩ જેટલી કોલેજોમાં આરોગ્ય કાર્યકરોની ૬૧૦ ટીમો દ્વારા બાળકોને દવા રૂબરૂમાં ગળાવવામાં આવશે. વધુમાં જાહેરસ્થળો ખાતે ૫૬ જેટલા બૂથ ગોઠવીને પણ રૂબરૂમાં દવા ગળાવવામાં આવશે.

# સરકારી કર્મચારીઓ સાવધાનઃ રાજયવ્યાપી ટ્રાફિક ડ્રાઈવ આજથી શરૂ, સરકારી કચેરી બહાર ટ્રાફિક પોલીસ તહેનાત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા માટે આવતીકાલથી પોલીસ દ્વારા ફરી એકવાર ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. ડીજીપી વિકાસ સહાયે આ અંગે પરિપત્ર બહાર પાડીને સરકારી કર્મચારીઓને હેલ્મેટના નિયમનું કડક પણે પાલન કરાવવા સૂચના આપી હતી. નિયમનું પાલન ન કરનારા કર્મચારી સામે કાર્યવાહી કરવાની પણ પોલીસને સૂચના આપી હતી.

ડીજીપી ગુજરાત તરફથી સોશિયલ મીડિયા એક્સ પર કરવામાં આવેલી પોસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાતના તમામ સરકારી કર્મચારીઓ, રાજ્યના જવાબદાર નાગરિકો તરીકે તમારા બધા પાસેથી બીજાઓ માટે રોલ મૉડેલ બનવાની અપેક્ષા રાખવામાં આવે છે. આજે તમે બધા ટ્રાફિક નિયમોનું પાલન કરવાની, ખાસ કરીને હેલ્મેટ પહેરવાની પ્રતિજ્ઞા લો તો હું તેને બિરદાવીશ.

આ ઉપરાંત પરિપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાત રાજ્યના તમામ સરકારી અધિકારી અને કર્મચારીઓ રાજ્યના જવાબદાર નાગરિકો તરીકે ઓળખ ધરાવે છે. તેઓ બીજા નાગરિકો માટે 'રોલ મોડલ' બને તેવી અપેક્ષા છે અને સરકારી કર્મચારીઓ દ્વારા તમામ નિયમોનું પાલન થાય તે અપેક્ષિત અને જરૂરી છે. રાજ્યમાં હેલ્મેટના નિયમનું અમલીકરણ ખૂબ જરૂરી છે. જેથી અકસ્માતમાં થતા મૃત્યુ અને ગંભીર ઈજાઓ પર અંકુશ લાવી શકાય. હેલ્મેટના નિયમનો અમલ રાજ્યના તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ કરે તે માટે ૧૧ ફેબ્રુઆરીથી રાજ્યની તમામ સરકારી કચેરીના પ્રવેશદ્વાર પર ટ્રાફિક પોલીસનું ડિપ્લોયમેન્ટ કરી અસરકારક કાર્યવાહી કરાવવા સૂચના છે. ડીજીપી વિકાસ સહાયના આ પરિપત્ર બાદ હવે સરકારી કચેરીમાં ટુ-વ્હિલર લઈને જતા તમામ કર્મચારીઓએ હેલ્મેટ પહેરવું પડશે નહીંતર તેમને ત્યાં જ દંડ કરવામાં આવી શકે છે. આટલું જ નહીં કચેરીમાં કામ અર્થે જતા લોકોએ પણ હેલ્મેટના નિયમનું પાલન કરવું પડશે નહીંતર તેમને પણ ટ્રાફિક પોલીસ દ્વારા દંડ કરવામાં આવી શકે છે. ગયા અઠવાડિયે પણ પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી. ટ્રાફિક પોલીસે સરકારી કચેરીઓમાં ડ્રાઈવ કરી હતી. જેમાં પોલીસ વિભાગ પણ સામેલ હતો. આ ડ્રાઈવ દરમિયાન હેલ્મેટ વગરના ૬૧૬ કેસો કરવામાં આવ્યા હતા. જ્યારે ૩,૨૮,૧૦૦ રૂપિયા દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ૩૦૭ અન્ય કેસો કરવામાં આવ્યા હતા અને ૧,૬૬,૨૦૦ રૂપિયા દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. એક દિવસની ડ્રાઈવ દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી.

# ગુજરાતમાં કઠોળની નિકાસ વધીને ૨.૪૭ લાખ ટન થઈઃ ગત વર્ષની સરખામણીએ બમણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એપ્રિલ ૨૦૨૪થી જાન્યુઆરી ૨૦૨૫ સુધીના નિકાસના આંકડાઓ પર નજર નાખીએ, તો ગુજરાતે કઠોળ, ગુવાર ગમ અને ડેરી ઉત્પાદનોની નિકાસમાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો છે. એગ્રિકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીના અહેવાલ મુજબ, આ સમયગાળા દરમિયાન ૨,૪૭,૭૮૯ ટન કઠોળની નિકાસ થઈ હતી. જે ગત વર્ષ કરતા બમણી છે. કઠોળની ખેતી અને ઉત્પાદકતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વિશ્વભરમાં ૧૦ ફેબ્રુઆરીનો દિવસ 'વિશ્વ કઠોળ દિવસ' તરીકે ઊજવવામાં આવે છે.

ગુજરાત આજે કઠોળના ઉત્પાદનમાં એક મુખ્ય યોગદાનકર્તા રાજ્ય તરીકે ઊભર્યું છે. તુવેર અને ચણાના અનુક્રમે ૧૧૬૩ કિગ્રા પ્રતિ હેક્ટર અને ૧૬૯૯ કિગ્રા પ્રતિ હેક્ટરના ઉત્પાદન સાથે ગુજરાત આ બંને કઠોળના ઉત્પાદનમાં દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. આ ઉપરાંત, મગ અને અડદની ઉત્પાદકતામાં ગુજરાત દેશમાં પાંચમું સ્થાન ધરાવે છે, જેમાં મગનું ઉત્પાદન ૮૧૦ કિગ્રા પ્રતિ હેક્ટર અને અડદનું ઉત્પાદન ૭૨૧ કિગ્રા પ્રતિ હેક્ટર છે. ગુજરાતમાં ચણા, મગ, અડદ, મઠ, તુવેર, ચોળા, વાલ, વટાણા વગેરે જેવા વિવિધ પ્રકારના કઠોળનું વાવેતર થાય છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં કઠોળના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. કઠોળ હેઠળનો કુલ વિસ્તાર ૨૦૧૮-૧૯ માં ૬.૬૨ લાખ હેક્ટરથી વધીને ૨૦૨૨-૨૩માં ૧૩.૧૦ લાખ હેક્ટર થયો છે. કઠોળનું ઉત્પાદન ૨૦૧૮-૧૯માં ૬.૭૯ લાખ મેટ્રિક ટનથી વધીને ૨૦૨૨-૨૩માં ૧૮.૧૧ લાખ મેટ્રિક ટન થયું છે. ચણાનો વાવેતર વિસ્તાર ૨૦૧૮-૧૯માં ૧.૭૩ લાખ હેક્ટરથી વધીને ૨૦૨૨-૨૩માં ૭.૬૪ લાખ હેક્ટર થયો છે.

# રાજ્યમાં આરટીઓ ઈન્સ્પેક્ટરની હડતાળથી લોકોને હાલાકીઃ આજે માસ સીએલ પર ઊતરવાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરમાં આરટીઓનાં મોટર વ્હિકલ્સ ડિપાર્ટમેન્ટનાં ટેકનિકલ ઓફિસર એસોસિયેશન દ્વારા પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. વિવિધ આરટીઓનાં કર્મચારીઓ સોમવારે 'નો લોગિન ડે' અભિયાન સાથે હડતાળ પર ઊતરી ગયા હતા. કર્મચારીઓ કચેરીમાં લોગીન નહીં કરી વિરોધ નોંધાવ્યો હતો. જેથી તમામ કામગીરીઓ ખોરવાઈ ગઈ હતી અને અરજદારો આરટીઓ કચેરી પહોંચી રહ્યા હોવાથી લાંબી લાઈનો લાગી ગઈ હતી. જોકે અહીં પહોંચ્યા બાદ લોકોને હડતાળ અંગેની જાણ કરવામાં આવતા રોષ જોવા મળ્યો હતો. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતની આરટીઓ કચેરી પર એપોઈન્ટમેન્ટ લઈને કામગીરી માટે આવેલા અરજદારોની કામગીરી ન થતા રોષ ઠાલવતા નજરે પડ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સહિત રાજ્યભરમાં તમામ આરટીઓ કચેરીનું કામકાજ ઠપ્પ થયું હતું. તમામ ટેકનિકલ ઓફિસર દ્વારા સમૂહમાં લોગીન ન કરીને પોતાની માગ રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ તમામ આરટીઓમાં ટેકનિકલ ઓફિસર એટલે કે રાજ્યના ૭૦૦ જેટલા ટેકનિકલ ઓફિસર દ્વારા માસ સીએલ પર ઊતરવાની પણ જાહેરાત કરી હતી. જેથી આવતીકાલે પણ અરજદારોને ધરમના ધક્કા ખાવા પડશે. ટેક્નિકલ ઓફિસર એસોસિયેશનની માગ હતી કે, ઝડપથી તેમના દ્વારા રજૂ કરવામાં આવેલી માગ સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવે તો તેઓ પોતાની હડતાળ પૂર્ણ કરશે અને ફરીથી કામગીરી પર પરત ફરશે.

ગત ૩ ફેબ્રુઆરીએ મોટર વ્હિકલ્સ ડિપાર્ટમેન્ટ ટેકનિકલ ઓફિસર એસોસિયેશન દ્વારા પડતર રહેલાં પ્રશ્નોને લઈને કચેરીના વડાને આવેદનપત્ર પાઠવાયું હતું. ત્યારબાદ આખા અઠવાડીયા દરમિયાન લગલગાટ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કર્મચારીઓએ ૪ ફેબ્રુઆરીએ કાળી પટ્ટી પહેરીને ફરજ બજાવી હતી, ૫ ફેબ્રુઆરીએ સોશિયલ મીડિયા અભિયાન છેડ્યું હતું, જ્યારે ૬ટ્ઠીનાં રોજ સૂત્રોચ્ચાર અને ઘંટનાદ સહિતના કાર્યક્રમો કરીને વિરોધ વ્યક્તા કર્યો હતો. ત્યારબાદ ૭મીએ જોબ ચાર્ટ મુજબ ફરજ દરમિયાન 'વર્ક ટુ રૂલ' અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

૧૦મી ફેબ્રુઆરીનાં રોજ સોમવારે તમામ ટેકનિકલ અધિકારીઓ કચેરી તેમજ ચેકપોઈન્ટ ખાતે કોઈપણ પ્રકારની કામગીરી દરમિયાન પોતાનું લોગીન નહીં કરીને 'નો લોગીન ડે' અભિયાનને આગળ ધપાવ્યું હતું.

# ગુજરાતના ૩૫૦૦ કૃષિલક્ષી પ્રોજેક્ટ્સ માટે એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ યોજના હેઠળ ૩૯૦૦ કરોડની સહાય મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૃષિ ક્ષેત્રની સમૃદ્ધિ એ હરહંમેશથી ભારત અને ગુજરાત સરકારની પ્રાથમિકતા રહી છે. દેશના ખેડૂતોને સ્વનિર્ભર બનાવવા વડા પ્રધાન મોદીએ વર્ષ ૨૦૨૦માં ફાર્મ-ગેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂ. ૧ લાખ કરોડ સાથે એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ યોજનાની જાહેરાત કરી હતી જે વર્ષ ૨૦૩૩ સુધી અમલમાં રહેશે. આ યોજના હેઠળ કૃષિ આધારિત ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવામાં આવે છે. ભારત સરકારની આ મહત્વકાંક્ષી યોજનામાં એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ યોજના હેઠળ પ્રાઈમરી પ્રોસેસિંગ યુનિટ, વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ તથા એગ્રો પ્રોસેસિંગ જેવા વિવિધ એગ્રિ ઈન્ફ્રા સ્ટ્રકચર પ્રોજેક્ટસને રૂ. ૨ કરોડ સુધીની તમામ લોન ઉપર વાર્ષિક ૩ ટકાની વ્યાજ સહાય, મહતમ ૭ વર્ષ સુધીની મર્યાદામાં આપવામાં આવે છે.

કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ગુજરાતના ૩,૫૦૦ પ્રોજેક્ટ્સ માટે રૂ. ૩,૯૦૦ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સમાં ૬૪૩ સોર્ટિંગ અને ગ્રેડિંગ યુનિટ, ૫૮૫ વેરહાઉસ, ૫૫૫ કસ્ટમ હાયરિંગ સેન્ટર, ૫૪૦ પ્રાયમરી પ્રોસેસિંગ યુનિટ તેમ જ ૨૩૬ જેટલા કોલ્ડ સ્ટોરેજ અને કોલ્ડ ચેઈનના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. તાજેતરમાં જ ભારત સરકાર દ્વારા નવી દિલ્હી ખાતે એઆઈએફ એક્સેલન્સ ઍવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ યોજનાના સફળ અમલીકરણ અને ઉત્કૃષ્ટ કામગીરીમાં ગુજરાત રાજ્ય પાંચમા ક્રમે આવતા કેન્દ્રીય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણ હસ્તે ગુજરાતને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

# ભાવનગર-હરિદ્વાર એક્સપ્રેસ ટ્રેન ૧૩ ફેબ્રુઆરીથી શરૂઃ ટ્રેન ૩૫ સ્ટેશન પર રોકાણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં પવિત્ર ડુબકી લગાવવા માટે લોકોમાં ગજબનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન ગુજરાતના યાત્રિઓની માગણી અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે બોર્ડે ભાવનગર ટર્મિનસથી હરિદ્વાર સુધીની સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનને અઠવાડિયામાં બે દિવસ (સોમવાર અને ગુરુવાર) પૂર્વ નિર્ધારિત સમય મુજબ ચલાવવાની મંજૂરી આપી હતી. જેને પગલે ૧૩ જાન્યુઆરી ગુરુવારથી ભાવનગર-હરિદ્વાર ટ્રેનની સપ્તાહની બીજી ટ્રીપની શરૂઆત થશે. ભાવનગર ડિવિઝનના ડીવિઝનલ રેલવે મેનેજર રવીશ કુમારના માર્ગદર્શન હેઠળ ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી હરિદ્વાર સુધી ૧૩ ફેબ્રુઆરીથી દર ગુરુવારે ટ્રેન ઉપડશે.

ટ્રેન નંબર ૧૯૨૭૧ (ભાવનગર-હરિદ્વાર) દર ગુરુવારે રાત્રે ૨૦:૨૦ કલાકે ભાવનગરથી ઉપડશે અને શનિવારે સવારે ૦૩:૪૦ કલાકે હરિદ્વાર પહોંચશે. પરત ફરતી વખતે, ટ્રેન નંબર ૧૯૨૭૨ (હરિદ્વાર-ભાવનગર) દર શનિવારે સવારે ૦૫:૦૦ કલાકે હરિદ્વારથી પ્રસ્થાન કરશે અને રવિવારે બપોરે ૧૨:૦૦ કલાકે ભાવનગર પહોંચશે. આ ટ્રેન કુલ ૩૫ સ્ટેશનો પર રોકાણ કરશે, જેમાં ભાવનગર પરા, સુરેન્દ્રનગર, મહેસાણા, જોધપુર, હિસાર, પટિયાલા અને સહારનપુર જેવા મુખ્ય સ્ટેશનોનો સમાવેશ થાય છે. મુસાફરોની સુવિધા માટે ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચની સુવિધા ઉપલબ્ધ રહેશે.

# ગુજરાતમાં ચાલુ નાણાકીય વર્ષમાં ૭૯૯૨ કંપનીઓનું રજિસ્ટ્રેશન થયુઃ ૯૬૮ કંપની બંધ થઈ

અમદાવાદઃ ગુજરાતમાં રોકાણ લાવવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. દેશ વિદેશની કંપનીઓને રાજ્યમાં પ્લાન્ટ સ્થાપવા માટે સરકાર દ્વારા પૉલિસી તૈયાર કરવામાં આવી છે. ત્યારે રાજ્યમાં ચાલુ નાણાકીય વર્ષમાં ૭૯૯૨ કંપનીઓનું રજિસ્ટ્રેશન થયુ હતું અને તેની સામે ૯૬૮ કંપની બંધ થઈ હોવાની વિગતો લોકસભાના સત્રમાં રજૂ કરવામાં આવી હતી. ચાલુ નાણાકિય વર્ષમાં નવી કંપનીઓના રજિસ્ટ્રેશન તથા બંધ થવાના કિસ્સાઓમાં સમગ્ર દેશમાં રાજ્યનો સાતમો ક્રમાંક છે.ચાલુ વર્ષમાં ૯૬૮ કંપનીઓને તાળા લાગ્યા છે. તેમાંથી ૧૧૯નુ અન્ય કંપનીઓ સાથે મર્જર થયુ હતું. ૭૫ એલએલપીમાં રૂપાંતરીત થઈ હતી. ૨૭નું વિસર્જન થયું હતું. જયારે ૭૪૭ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝની યાદીમાંથી રદ થઈ હતી. ૨૦૨૨-૨૩માં ૮૯૬૪ કંપનીઓનું રજિસ્ટ્રેશન થયું હતું. ૨૦૨૩-૨૪માં આ સંખ્યા ૧૦૨૦૮ની થઈ હતી. ૨૦૨૨-૨૪માં ૨૭૯૧ તથા ૨૦૨૩-૨૪માં ૧૦૨૯ કંપનીઓ બંધ થઈ હતી. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં નોંધાયેલી કંપનીઓ વિશે સવાલ કરીને તેમણે કંપની કાયદા હેઠળ કંપનીઓની નોંધણીને પ્રોત્સાહન આપવા સરકારે લીધેલાં પગલાની વિગતો માંગી હતી. તેમના સવાલનો જવાબ આપતાં કોર્પોરેટ બાબતોના પ્રધાન હર્ષ મલ્હોત્રાએ લેખિતમાં કહ્યું હતું, કે ૬૩ નિયમોને ફોજદારી ગુનાની યાદીમાંથી હટાવીને સરળ કરાયા છે. નાની કંપનીઓ માટે મૂડીના ધોરણ બે કરોડથી વધારીને ચાર કરોડ કરાયા છે. સમગ્ર દેશમાં ૧૩૮૦૨૭ કંપનીઓનું રજિસ્ટ્રેશન થયુ હતું તે પૈકી ૫.૭૯ ટકા ગુજરાતમાં નોંધાઈ હતી. કંપની બંધ થવામાં પણ ગુજરાત સાતમા ક્રમે છે. સમગ્ર દેશમાં આ સંખ્યા ૧૭૬૫૪ની હતી.

# ગાંધીનગરમાં ૨૦૦ સરકારી-અર્ધસરકારી સંસ્થાઓના આવાસોની મુદત પૂરીઃ ભાડાં વસૂલાત માટે કાર્યવાહી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓને ફાળવવામાં આવેલા આવાસોને લઈને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકાર દ્વારા વિવિધ બોર્ડ-નિગમ અને સંસ્થાઓને ફાળવેલા લગભગ ૨૦૦ આવાસોની મુદત ૩૦ જૂન ૨૦૨૩ના રોજ પૂરી થઈ ગઈ છે, જેને વધારવામાં આવી નથી. આ આવાસોમાં એરફોર્સ સેક્ટર-૯, કેન્દ્રીય વિદ્યાલય, બીએસએનએલ, બેંક ઓફ બરોડા, ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ, ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ (જીઆઈડીસી), ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, વિમા નિગમ, ગ્રામ્ય ગૃહ નિર્માણ બોર્ડ અને ડેરી ડેવલપમેન્ટ બોર્ડ જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

સરકારે માત્ર ૪૩૦ આવાસોને ડિસેમ્બર-૨૦૨૪ સુધીની મંજૂરી આપી છે. બાકીના આવાસોની મુદત દોઢ વર્ષ પહેલા પૂરી થઈ ગઈ હોવાથી, નિયમ મુજબ ભાડાની વસૂલાત પણ શક્ય બની નથી. આ કારણે મોટાભાગની સંસ્થાઓના આવાસો રદ્દ કરવામાં આવ્યા છે.

# પાટણના વડાવલીમાં ચાર બાળક સહિત પાંચ લોકોનું તળાવમાં ડૂબી જતાં મોત

અમદાવાદઃ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના વડાવલી ગામમાં નવ ફેબ્રુઆરી રવિવારના રોજ લઘુમતી સમુદાયના પાંચ લોકોનાં તળાવમાં ડૂબી જતાં મોત થયાં હતાં. આ દુર્ઘટનામાં એક જ પરિવારનાં બે બાળકો અને તેમની માતાનાં પણ મોત નીપજ્યાં હતાં. એકસાથે પાંચ જણના ડૂબવાની ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો હતો. સોમવારે લઘુમતી સમાજના પાંચેય લોકોના જનાજા એક સાથે નીકળ્યા હતા. આ દરમિયાન આખું ગામ સ્તબ્ધ અને શોકમાં સરી પડ્યું હતું. વડાવલી ગામના પશુપાલન સાથે સંકળાયેલા લઘુમતી કોમના એક જ પરિવારના ફિરોઝાબાનુ કાળુમિયા સિપાઈ ( મલેક) ઉં.વ ૩૭ માતા, માહીરાબાનુ કાળુમિયા સિપાઈ (મલેક) ઉં.વ ૦૯) પુત્રી, અબ્દુલ કાદિર કાળુમિયા સિપાઈ (મલેક) ઉં.વ. સાત )પુત્ર તથા અન્ય સિમરન ઉર્ફે સીમ્મુ સલીમભાઈ મહાલ ઉં.વ ૧૩ તથા સોહિલ રહિમભાઈ કુરેશી ઉં.વ ૧૬ વાળાઓ રવિવારે પોતાના બકરા ચરાવવા માટે ગામની નજીક આવેલી સીમમાં ગયાં હતાં. આ દરમિયાન મોડી સાંજે બકરાઓ ઘરે પરત ફર્યા હતા પરંતુ ચારો ચરાવવા ગયેલા લોકો પરત ન આવતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા અને ભારે શોધખોળ હાથ ધરી હતી. ગામની નજીક આવેલા તળાવ પાસે પહોંચતા તમામ મૃતકોના ચંપલ તળાવની પાસે પડેલા હોય પરિવારજનોને તળાવમાં ડુબ્યા હોવાની આશંકા જતા સ્થાનિક તરવૈયાઓની મદદથી શોધખોળ હાથ ધરી હતી. જેથી શોધખોળના અંતે તમામે પાંચેય મૃતકોની લાશો નીકળતા ગામની અંદર તેમજ પરિવારજનોમાં હૈયાફાટ રૂદન સાથે શોકનું મોજું ફરી વળ્યું હતું.

મૃતકોના પરિવારના સભ્ય ઈસ્માઈલ કુરેશીએ જણાવ્યું હતું કે, શનિ-રવિની રજા હતી એટલે આખો પરિવાર બકરી ચરાવવા માટે ગયો હતો. સાંજે ૫-૬ વાગ્યા બાદ બકરીઓ પરત ઘરે આવી ગઈ, પણ પરિવાર આવ્યો નહીં. ત્યાર બાદ ગામના લોકો દોડતા તળાવ પાસે ગયા.

# કચ્છના તત્કાલીન એસપી કુલદીપ શર્મા ૪૧ વર્ષ જૂના કેસમાં દોષી જાહેરઃ ત્રણ માસની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છમાં રાજકીય અગ્રણીને ૪૧ વર્ષ પૂર્વે માર મારવાના કેસમાં કોર્ટે તત્કાલીન એસપી કુલદીપ શર્માને દોષી જાહેર કર્યા હતાં. ભુજ કોર્ટે કુલદીપ શર્માને વર્ષ ૧૯૮૪ના કેસમાં ત્રણ માસની સજા ફટકારી હતી. કુલદીપ શર્મા સાથે બીજા આરોપી ગિરીશ વસાવડાને પણ ત્રણ માસની સજા આપી હતી. આ ચુકાદો ફરિયાદી ઈભલા શેઠના મૃત્યુ પામ્યા બાદ આવ્યો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે કચ્છના અબડાસાના મંધરા અબદુલ્લા હાજી ઇબ્રાહિમ ઉર્ફે ઇભલા શેઠ નલીયામાં નોંધાયેલા કેસ મામલે તત્કાલિન ધારાસભ્ય ખરાશંકર જોષી, માંડવીના ધારાસભ્ય જયકુમાર સંઘવી, ગાભુભા જાડેજા, શંકર ગોવિંદજી જોષી સહિતના આગેવાનો સાથે એસપી કચેરીએ મળવા માટે આવ્યા હતા. આ દરમિયાન તે વખતના એસપી કુલદીપ શર્માએ તેમનું અપમાન કરી અપશબ્દો બોલીને સાથી અધિકારીઓને બોલાવી માર મરાયાનો આક્ષેપ કરાયો હતો અને આ બાબતે તે વખતે ઈભલા શેઠને ઇજા પહોંચી હોવાથી ભુજની ચીફ જયુડિશિયલ કોર્ટમાં એસપી સહિત ચાર આરોપી સામે ફરિયાદ દાખલ થઈ હતી. આ કેસમાં કુલ ચાર આરોપી હતા. જેમાંથી બે આરોપી કેસ દરમિયાન મૃત્યુ પામ્યા હતા, જ્યારે અન્ય બે આરોપી કુલદીપ શર્મા તથા ગિરીશ વસાવડા સામે આ કેસમાં ચાર્જ ફ્રેમ થયા હતા. આ કેસની સુનાવણી ૨૮ જાન્યુઆરીના રોજ પૂરી થઈ હતી. ત્યારબાદ સોમવારે આ કેસનો ચૂકાદો જાહેર કરાયો હતો.

દૈનિક
# મુંબઈ સમાચાર
203 વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 35 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 February 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




ફોરમ વર્લ્ડવાઇડ પ્રસ્તુત કરે છે

## યુરોપ 2025

ઘર ઘર માં લોકપ્રિય એવા ફોરમ શાહ ના કુશળ માર્ગદર્શન હેઠળ. 20 વર્ષો ના અનુભવ સાથે... યુરોપ માં કિચન કેરેવાન સુવિધાઓ નો ઇતિહાસ રચનાર એ જ ફોરમ વર્લ્ડવાઇડ.. 2025 માટે વચનબદ્ધ

FORAM WORLDWIDE® #ChaloForamKeSang



























### યુરોપ ફક્ત ફોરમ શાહ સાથે જ કેમ ?

- ★ ટુર માં અમારા પોતાના રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ આપવા ની ઐતિહાસીક ઉપલબ્ધી. 2006 થી પોતાના માલિકીની કિચન કેરેવાન સાથે ની ટુરો નું સફળતાપૂર્વક સંચાલન કરનાર એક માત્ર પાયોનીયર.
- ★ પોતાના વર્ષોના અનુભવી IN-HOUSE ગુજરાતી ટુર મેનેજર અને રાજસ્થાની મહારાજ ની સુવિધાઓ
- ★ ઘર ઘર માં લોકપ્રિય એવા ફોરમ વિરલ શાહ ના કુશળ માર્ગદર્શન હેઠળ 20 વર્ષો ના અનુભવ સાથે. યુરોપ માં મહારાજ અને કિચન કેરેવાન સાથે ની સુવિધાઓ નો ઇતિહાસ રચનાર એ જ ફોરમ વર્લ્ડવાઇડ
- ★ ફક્ત અમારી સાથે માણો SWITZERLAND ના 3 MOUNTAINS - MT. TITLIS WITH ICE FLYER, JUNGFRAU, HARDER KULM WITH FUNICULAR RIDE
- ★ સવાર - બપોર - સાંજ અમારા રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ ઘર જેવી રસોઈ (જૈન પણ ). બપોરનું FULL FLEDGE ગુજરાતી/મારવાડી લંચ સાથે સાથે રાત્ર ના ટેસ્ટી વેરાઈટી MULTI CUISINE ડિનર
- ★ વિશ્વભર માં વસતા આપણા ગુજરાતી NRI પ્રવાસીઓ માટે ખાસ ટુરો નું આયોજન
- ★ દરેક સ્થળે કિચન કેરેવાન ની સુવિધા (SWIZTERLAND & PARIS માં પણ) ફક્ત ફોરમ સાથે જ સંભવ
- ★ કિચન કેરેવાન ની સુવિધા પૂર્ણ UK-SCOTLAND-IRELAND, EASTERN EUROPE અને ICELAND માં પણ ફક્ત ફોરમ વર્લ્ડવાઇડ સાથે સંભવ છે
- ★ અગત્ય ના બધાજ જોવા લાયક સાઇટસીઇંગ નો સમાવેશ (NO HIDDEN CHARGES)
- ★ ICELAND RING - RING ROAD NO. 1 ફરાવનાર એકમાત્ર કંપની
- ★ સંપૂર્ણ EASTERN EUROPE WITH CROATIA મા કિચન કેરેવાન ના પાયોનિયર
- ★ 2 રાત્રી LOFOTEN ISLAND માં મુકામ ફક્ત અમારી સાથે
- ★ હાર્ટ ઓફ SWITZERLAND ઇન્ટરલેકન માં 3 રાત્રી મુકામ ફક્ત ફોરમ સાથે જ સંભવ
- ★ વેનિસ માં ગન્ડોલા રાઇડ સાથે પેરિસ બાય નાઇટ ટુર (ફક્ત ફોરમ સાથે)
- ★ UK SCOTLAND IRELAND માં કિચન કેરેવાન સાથે ફોરમ વર્લ્ડવાઇડ એ માત્ર પાયોનિયર
- ★ અચેનસી લેક ક્રુઝ - 45 MINS CRUISE RIDE ON LARGEST LAKE IN TYROL
- ★ સમગ્ર ટુર દરમિયાન A/C કોચ ની મુસાફરી

**જાહેર માંગ સાથે અમને સારો પ્રતિસાદ મળ્યા બદલ, અમે ડિસ્કાઉન્ટ ઓફર 28 ફેબ્રુઆરી 2025 સુધી વધારી છે.**



આ ઉપરાંત યુરોપ ની બીજી ટુરો પણ ઉપલબ્ધ

| | |
|---|---|
| SPAIN-PORTUGAL (15N\|16D) | ARCTIC (11N\|12D) |
| GREECE (07N\|08D) | TURKEY (11N\|12D) |

**OTHER 2025 SECTORS**
AUSTRALIA | NEW ZEALAND | CANADA | SOUTH AMERICA
SCANDINAVIA | JAPAN | FAR EAST | GREECE | UK SCOTLAND
TURKEY | BAKU | DUBAI | VIETNAM | SOUTH AFRICA |

**FORAM 9324366095 | DIVYA 9833998338 | DINESH 8591728602 | BHAKTI 9321236935 | DHRUV 8169369686**
HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900
BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000
WWW.FORAMWORLDWIDE.COM I INFO@FORAMWORLDWIDE.COM I FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

# કેનેડા અમેરિકાનું એકાવનમું રાજ્ય બને એ બાબતે ટ્રમ્પ ગંભીર છેઃ જસ્ટિન ટ્રુડો

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રવિવારે દર્શાવવામાં આવેલા સુપર બૉલ પ્રિશૉ દરમિયાન કહ્યું હતું કે કેનેડા અમેરિકાનું એકાવનમું રાજ્ય બને એ બાબતે હું ગંભીર છું.

એક ચેનલને આપેલી મુલાકાત દરમિયાન પૂછવામાં આવેલા પ્રશ્નનો ઉત્તર આપતાં ટ્રમ્પે કહ્યું હતું કે કેનેડાને આપવામાં આવતી સબસિડીને કારણે દર વરસે અમેરિકાને ૨૦૦ અબજ ડૉલરનું નુકસાન થઈ રહ્યું હોવાને કારણે મને લાગે છે કે કેનેડા અમેરિકાનું એકાવનમું રાજ્ય બની જાય તે વધુ સારું હશે.

કુદરતી સ્રોતોથી સમૃદ્ધ કેનેડા પાસેથી અમેરિકા તેલ સહિતની જરૂરી વસ્તુઓની ખરીદી કરે છે. તાજેતરના વરસોમાં બંને દેશ વચ્ચેના વેપારની ખાધ વધીને ૭૨ અબજ ડૉલર થઈ ગઈ છે. આ ખાધ અમેરિકા દ્વારા કેનેડાથી કરવામાં આવતી આયાતનું પ્રતિબિંબ પાડે છે.

કેનેડા અમેરિકાનું એકાવનમું રાજ્ય બની જાય એવું તાજેતરમાં ટ્રમ્પે અનેકવાર કહ્યું છે. જોકે ટ્રમ્પના આ વિચારોથી કેનેડાના નાગરિકો ખૂબ જ નારાજ છે.

કેનેડાના બિઝનેસ અને શ્રમિક નેતાઓ સાથે શુક્રવારે બંધબારણે યોજાયેલી બેઠક દરમિયાન કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડૉએ કહ્યું હતું કે અમેરિકાની નજર કેનેડાના કુદરતી સંસાધનો પર છે અને તે એ મેળવવા માગતું હોવાને કારણે કેનેડા અમેરિકાનું એકાવનમું રાજ્ય બને એવા ટ્રમ્પના વિચારો વાસ્તવિક છે.

અમારી વચ્ચે થયેલી વાતચીત મુજબ ટ્રમ્પની ઈચ્છા કેનેડાને વહેલામાં વહેલી તકે અમેરિકામાં ભેળવી દેવાની છે એમ જણાવતાં ટ્રુડૉએ કહ્યું હતું કે કેનેડા પાસે ઉપલબ્ધ કુદરતી સંસાધનોથી અમેરિકા પરિચિત છે અને વહેલામાં વહેતી તકે તેનો લાભ લેવા તે ઉત્સુક છે. (એજન્સી)

# અખિલેશે પ્રયાગરાજમાં ટ્રાફિક અરાજકતા બદલ યોગીની ટીકા કરી

લખનઊ : સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે સોમવારે પ્રયાગરાજમાં ટ્રાફિક અંધાધૂંધી બદલ ઉત્તર પ્રદેશ સરકારની ટીકા કરી હતી. અખિલેશે દાવો કર્યો હતો કે ટ્રાફિક જામને લીધે આવશ્યક જણસોની તંગી સર્જાઈ છે અને મહાકુંભ મેળાની મુલાકાત લેતાં શ્રદ્ધાળુને અગવડ પડી રહી છે.

અખિલેશે 'એક્સ' પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે પ્રયાગરાજમાં ઠેર ઠેર ટ્રાફિક જામને લીધે શ્રદ્ધાળુને ધાન્ય, શાકભાજી, મસાલા કે પેટ્રોલ-ડીઝલ મળતું નથી. આથી પ્રયાગરાજમાં કરોડો ભૂખ્યા, તરસ્યા, થાકેલા અને નબળા પડેલા શ્રદ્ધાળુઓ ફસાઈ ગયા છે અને દરેક કલાકે પ્રયાગરાજ તરફ જતા રોડની હાલત બદતર થતી જાય છે. આ અતિશય ગંભીર પરિસ્થિતિ છે.

લોકો તેમના અનુભવ અને ટ્રાફિક અરાજકતાની ફરિયાદ કરતા હોય એવા વીડિયો પણ અખિલેશે મુક્યા છે.

અખિલેશે વધુમાં કહ્યું હતું કે જ્યારે રાજ્યોમાં બંધારણીય સિસ્ટમ તૂટી જાય છે તો કમાન બીજાને સોંપવામાં આવે છે. એ જ પ્રમાણે સક્ષમ વ્યક્તિને વહીવટની કમાન સોંપવી જોઈએ. બિનકાર્યક્ષમ લોકો સિસ્ટમ ચલાવી શકતા નથી અને ફક્ત અપપ્રચાર કરે છે. (એજન્સી)

### આંતરિક અસંતોષની અટકળો વચ્ચે

# કેજરીવાલ ભગવંત માન અને પંજાબના 'આપ' ધારાસભ્યોને મળશે

નવી દિલ્હી/ ચંડીગઢઃ આમ આદમી પાર્ટી (આપ)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ મંગળવારે દિલ્હીમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, રાજ્યના પ્રધાન અને પાર્ટીના ધારાસભ્યોને મળશે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આપની કારમી હાર અને પાર્ટીના પંજાબ એકમમાં વધી રહેલા અસંતોષની અટકળો વચ્ચે આ બેઠક યોજાઈ રહી છે. જોકે, 'આપ' સાંસદ માલવિંદર સિંહ કંગે અસંતોષના અહેવાલોને નકારી કાઢ્યા અને મંગળવારની બેઠકને ''નિયમિત રણનીતિ સત્ર'' ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, ''આ પ્રકારની પ્રક્રિયા પાર્ટીમાં સામાન્ય છે.'' ભવિષ્યની વ્યૂહરચના ઘડવા માટે તમામ એકમો પાસેથી પ્રતિસાદ લેવામાં આવે છે. પંજાબના મુખ્યપ્રધાન ભગવંત માન અને આપ ધારાસભ્યો અરવિંદ કેજરીવાલને મળશે અને ભવિષ્યની રણનીતિ પર ચર્ચા કરશે. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, ચર્ચા દિલ્હી ચૂંટણી પરિણામોનું વિશ્લેષણ કરવા અને ૨૦૨૭માં યોજાનારી પંજાબ ચૂંટણી માટે રણનીતિ ઘડવા પર કેન્દ્રિત હશે.

દિલ્હીમાં એક દાયકા સુધી સત્તામાં રહેલી આપને પાંચમી ફેબ્રુઆરીની ચૂંટણીમાં મોટો ફટકો પડ્યો. દિલ્હી વિધાનસભામાં આપ ૭૦ માંથી ફક્ત ૨૨ બેઠકો જીતી શકી હતી. ભાજપે રાષ્ટ્રીય રાજધાનીમાં ૪૮ બેઠકો જીતીને આપને સત્તામાંથી બહાર કરી દીધી છે. આવી સ્થિતિમાં આપ માટે અન્ય રાજ્યોમાં તેની ચૂંટણી સંભાવનાઓ અંગે ચિંતા વધી ગઈ છે.

એવી અટકળો છે કે કેટલાક ધારાસભ્યો પક્ષના નેતૃત્વથી નાખુશ છે અને અન્ય વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. ૨૦૨૨ની પંજાબ વિધાનસભા ચૂંટણીમાં આપએ ૧૧૭માંથી ૯૨ બેઠકો જીતીને પ્રચંડ વિજય મેળવ્યો હતો. કેટલાક લોકો માને છે કે દિલ્હીમાં પાર્ટી નેતૃત્વનો પંજાબ સરકાર પર પ્રભાવ હજુ પણ છે. એવી પણ અટકળો છે કે કેજરીવાલ હવે પંજાબના રાજકારણમાં વધુ સક્રિય ભૂમિકા ભજવવાનું વિચારી શકે છે.

# કુપવાડામાં સર્ચ ઓપરેશન દરમિયાન ત્રાસવાદીઓએ છુપાવેલા શસ્ત્રો અને દારૂગોળો પકડાયા

શ્રીનગરઃ સુરક્ષા દળોએ સોમવારે જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં અંકુશ રેખા સાથેના કર્નાહ વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન શસ્ત્રો અને દારૂગોળોનો જથ્થો જપ્ત કર્યો હતો, એમ અધિકારીઓએ અહીં જણાવ્યું હતું.

આ વિસ્તારમાં હથિયારો અને દારૂગોળો હોવાની માહિતીને પગલે સેના અને પોલીસની સંયુક્ત ટીમે કર્નાહ તહસીલના બાદી મોહલ્લા અમરોહીમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

સર્ચ ઓપરેશન દરમિયાન, સુરક્ષા દળોએ એક એકે ૪૭ રાઈફલ, એક એકે મેગેઝિન, એક સાઈગા એમકે રાઈફલ, એક સાઈગા એમકે મેગેઝિન અને ૧૨ રાઉન્ડ મળી આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, હથિયારો અને દારૂગોળો ખાદ્યપદાર્થોની દુકાનની પાછળ એક થેલીમાં રાખવામાં આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

# હરિયાણામાં ફેબ્રુઆરીમાં ત્રણ નવા ફોજદારી કાયદા અમલી બનશે

ચંડીગઢઃ હરિયાણામાં આ મહિનાના અંત સુધીમાં ત્રણ નવા ફોજદારી કાયદા અમલી બનશે, એમ મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ સોમવારે કહ્યું હતું.

આ નવા ત્રણ કાયદામાં ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમનો સમાવેશ થાય છે.

આ ત્રણ નવા ફોજદારી કાયદા અનુક્રમે અંગ્રેજોના શાસનકાળના ઈન્ડિયન પીનલ કોડ (આઈપીસી), કોડ ઑફ ક્રિમિનલ પ્રોસિજર અને ઈન્ડિયન ઍવિડન્સ ઍક્ટ ૧૮૬૨નું સ્થાન લેશે.

સૈનીના અધ્યક્ષપદ હેઠળ મળેલી બેઠકમાં ત્રણ નવા કાયદાના અમલ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ફેબ્રુઆરીના અંત સુધીમાં હરિયાણામાં આ નવા ત્રણ કાયદા અમલી બનાવવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

બેઠકમાં હાજર રહેનારાઓમાં હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈની, મુખ્ય સચિવ વિવેક જોશી, ગૃહ ખાતાના વધારાના મુખ્ય સચિવ, રાજ્ય પોલીસના વડા શત્રુજિત કપૂર વગેરેનો સમાવેશ થતો હતો. (એજન્સી)

# સુપ્રીમ કોર્ટે ભ્રામક જાહેરાતો બદલ દિલ્હી, આંધ્ર પ્રદેશ, જમ્મુ અને કાશ્મીરનાં મુખ્ય સચિવોને સમન્સ પાઠવ્યા

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે દિલ્હી, આંધ્ર પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીર સહિત ઘણા રાજ્યોને ફટકાર લગાવી હતી અને તેમના મુખ્ય સચિવોને આયુર્વેદિક, સિદ્ધ અને યુનાની દવાઓની ગેરકાયદે જાહેરાતો સામે કાર્યવાહી કરવામાં ''નિષ્ફળતા'' માટે સમન્સ પાઠવ્યા હતા.

ન્યાયમૂર્તિ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની ખંડપીઠે જણાવ્યું હતું કે તેના આદેશોનો ભાગ્યે જ કોઈ અમલ થયો છે.

ખંડપીઠે મુખ્ય સચિવોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો કે આ રાજ્યો શા માટે આદેશોનુ પાલન નથી કરતાં.

વરિષ્ઠ એડવોકેટ શાદાન ફરાસતે, એમિકસ ક્યુરી તરીકે હાજર થઈને, મોટાભાગના રાજ્યોએ માફી સ્વીકારી અને ઉલ્લંઘન કરનારાઓને નિર્દોષ છોડતી વખતે બાંહેધરી આપી હતી.

સર્વોચ્ચ અદાલતે આંધ્ર પ્રદેશ, દિલ્હી, ગોવા, ગુજરાત અને જમ્મુ અને કાશ્મીરને નિયમ ૧૭૦ના અમલ અંગેના જવાબ સહિત એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

''અમે આ રાજ્યોને જવાબો દાખલ કરવા માટે આ મહિનાના અંત સુધીનો સમય આપીએ છીએ,'' એમ તેણે કહ્યું હતું અને ૭ માર્ચે આ મામલો પોસ્ટ કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતે ગયા વર્ષે ૨૭ ઓગસ્ટે આયુષ મંત્રાલય દ્વારા જારી કરાયેલી સૂચના પર સ્ટે મૂક્યો હતો, જેમાં ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ રૂલ્સ, ૧૯૪૫ના નિયમ ૧૭૦ને બાદ કરવામાં આવ્યો હતો જે આયુર્વેદિક, સિદ્ધ અને યુનાની દવાઓની ભ્રામક જાહેરાતોને પ્રતિબંધિત કરે છે.

કોર્ટે કહ્યું કે મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલ નોટિફિકેશન તેના ૭ મે, ૨૦૨૪ના આદેશની ''વિરુદ્ધ'' છે.

ગેરમાર્ગે દોરતી જાહેરાતો પર અંકુશ લગાવતા, સર્વોચ્ચ અદાલતે ૭ મે, ૨૦૨૪ના રોજ નિર્દેશ આપ્યો હતો કે જાહેરાત જારી કરવાની પરવાનગી આપવામાં આવે તે પહેલાં, કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ નિયમો, ૧૯૯૪ની લાઇન પર જાહેરાતકર્તાઓ પાસેથી સ્વ-ઘોષણા મેળવવી જોઈએ.

# અમેરિકાની સંસ્થાએ ભારતના ભાગલા કરવા વિવિધ સંસ્થાઓને આપ્યા રૂપિયા, સરકાર તપાસ કરાવેઃ ભાજપ સાંસદ

નવી દિલ્હી : ભારતીય જનતા પાર્ટીના સાંસદ નિશિકાંત દુબેએ અમેરિકાની સંસ્થા 'યુએસએડ' દ્વારા ભારતને વિભાજિત કરવા માટે વિવિધ સંસ્થાઓને રૂપિયા આપવાનો દાવો કરતા સોમવારે સરકાર સમક્ષ માગ કરી હતી કે સરકાર આ મામલાની તપાસ કરે અને જો કોઇ વ્યક્તિ દોષિત ઠરે તો જેલમાં મોકલી દેવામાં આવે. દુબેએ કૉંગ્રેસ સાથે અમેરિકન બિઝનેસમેન જ્યોર્જ સોરોસ સાથે સંબંધ હોવાનો આરોપ ફરી દોહરાવ્યો હતો.

શૂન્યકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતા ભાજપના સાંસદે કહ્યું હતું કે અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે 'યુએસએડ' સંસ્થાને સંપૂર્ણપણે બંધ કરી દીધી છે, કારણ કે તે વર્ષોથી વિવિધ સરકારોને ઊથલાવી પાડવા માટે પૈસા ખર્ચી રહી હતી.

તેમણે કહ્યું કે વિપક્ષે જણાવવું જોઈએ કે યુએસએડએ ભારતના ભાગલા પાડવા માટે જ્યોર્જ સોરોસના ઓપન સોસાયટી ફાઉન્ડેશનને ૫,૦૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા કે નહીં. દુબેએ સવાલ ઉઠાવ્યો હતો કે શું 'યુએસએડ'એ તાલિબાનને રૂપિયા આપ્યા હતા કે નહીં?

તેમણે કહ્યું કે આ અમેરિકન સંસ્થાએ આતંકવાદી અને નક્સલવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા કેટલાક સંગઠનોને પૈસા આપ્યા હતા કે નહીં. ભાજપના સાંસદે દેશમાં માનવાધિકારના નામ પર અને સેન્ટર ફોર પૉલિસી રિસર્ચના નામ પર વિવિધ સંસ્થાઓને યુએસએડ દ્વારા પૈસા આપવાનો આરોપ લગાવતા સરકારને વિનંતી કરી કે તેઓ આની તપાસ કરે અને દેશને નુકસાન પહોંચાડવા માટે પૈસા લેનારાઓને જેલમાં ધકેલી મોકલે.

દુબે દ્વારા લગાવવામાં આવેલા આ આરોપો સામે કૉંગ્રેસના સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. કેટલાક સભ્યો આ સંદર્ભમાં મુદ્દો ઉઠાવવા માગતા હતા. જોકે, અધ્યક્ષા સંધ્યા રાયે કહ્યું કે શૂન્યકાળમાં વ્યવસ્થાનો કોઈ પ્રશ્ન જ હોતો નથી. ભાજપના સાંસદ દુબે અગાઉ પણ ગૃહમાં આ મુદ્દાઓ ઉઠાવતા રહ્યા છે.

# પશ્ચિમ બંગાળમાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા શરૂઃ ૯.૮૪ લાખ વિદ્યાર્થીઓએ આપી પરીક્ષા

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં સોમવારથી ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષાઓ (માધ્યમિક) શરૂ થઈ ગઈ છે. આ પરીક્ષાઓ બાવીસ ફેબ્રુઆરી સુધી ચાલશે. પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષણ બોર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે રાજ્યભરમાં ૨,૬૮૩ કેન્દ્રો પર યોજાઈ રહેલી પરીક્ષામાં લગભગ ૯.૮૪ લાખ ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે.

પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન રામાનુજ ગાંગુલીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, ''સવારે ૧૧ વાગ્યે શરૂ થયેલી ત્રણ કલાકની પરીક્ષા કોઈપણ અનિચ્છનીય ઘટના કે મોટી ફરિયાદ વિના સરળતાથી ચાલી હતી.'' તેમણે કહ્યું કે ૯,૮૪,૭૫૩ પરીક્ષાર્થીમાંથી છોકરીઓની સંખ્યા ૫,૫૫,૯૫૦ છે.

તેમણે કહ્યું કે પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા પર સખત પ્રતિબંધ છે. પરીક્ષા આપનારા નિરીક્ષકો અને અધિકારીઓને પણ હોલની અંદર ઇલેક્ટ્રોનિક ડિવાઇસ લાવવાની મંજૂરી નથી. બોર્ડના અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'માલદા જિલ્લાના તમામ ૧૨૨ પરીક્ષા કેન્દ્રો સીસીટીવી કવરેજથી સજ્જ છે.'

તેમણે વધુમાં માહિતી આપી હતી કે ૨૦૨૧-૨૦૨૩માં સોશિયલ મીડિયા પર પ્રશ્નપત્રોના કથિત પ્રસારની ઘટનાઓ પ્રકાશમાં આવી હોવાથી માલદા જિલ્લામાં ખાસ દેખરેખના પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે. જોકે, તે નકલી હોવાનું જાણવા મળ્યું હતું.

# રાજસ્થાનઃ જયપુરમાં કાર અકસ્માતમાં મહિલા અને બે પુત્રીનાં મોત

જયપુરઃ સોમવારે અહીં બે કાર સામસામે અથડાતા થયેલા અકસ્માતમાં એક મહિલા અને તેની બે પુત્રીનું મોત થયું હતું અને અનેક જણ ઘાયલ થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત સોમવારે સવારે ચોમુ-રેનવાલ સ્ટેટ હાઈવે પર થયો હતો, જેના કારણે ભારે ટ્રાફિકજામ થઈ ગયો હતો.

ક્રેનની મદદથી ક્ષતિગ્રસ્ત વાહનોને દૂર કરવામાં આવ્યા હતા, ત્યારબાદ વાહનવ્યવહાર ફરી શરૂ કરી શકાયો હતો.

રેનવાલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દેવેન્દ્ર ચાવલાએ જણાવ્યું હતું કે હરસોલી ઈંટના ભઠ્ઠા પાસે બે કાર વચ્ચે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ઘાયલ થયેલા તમામ લોકોને બે એમ્બ્યુલન્સની મદદથી રેનવાલ (જયપુર) ઉપ-જિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાંથી તેમને ચોમુની હૉસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, કિશનગઢ રેનવાલ પંચાયત સમિતિના ગ્રામ પંચાયત મલિકપુરના બાબુલાલ યાદવ સોમવારે સવારે પરિવાર સાથે નીકળ્યા હતા. રસ્તામાં કાર સામેથી આવતી અન્ય કાર સાથે અથડાઈ હતી.

પોલીસે જણાવ્યું હતું કે કારમાં મુસાફરી કરી રહેલા બાબુલાલ યાદવની પત્ની જમના દેવી (૪૮) અને તેમની પુત્રી શિમલા (૨૬)નું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. કારમાં મુસાફરી કરી રહેલા બાબુલાલ યાદવ, તેમનો પુત્ર સુનીલ અને બે પુત્રી રાજુ અને લક્ષ્મી ઘાયલ થયા હતા. લક્ષ્મી (૨૦)નું સારવાર દરમિયાન મોત થયું હતું.

# શેખ હસીનાના દીકરાના અપહરણ અને હત્યાનું કાવતરું રચવાના આરોપમાં સંપાદક નિર્દોષ જાહેર

ઢાકાઃ બાંગ્લાદેશની એક કોર્ટે પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીનાના પુત્ર સજીબ વાઝેદ જોયનું ૨૦૧૫માં અમેરિકામાં અપહરણ અને હત્યાના નિષ્ફળ કાવતરા સંબંધિત કેસમાં એક પ્રમુખ ન્યૂઝપેપરના સંપાદકને નિર્દોષ જાહેર કર્યા હતા. ડેઇલી સ્ટાર અખબારે અહેવાલ આપ્યો હતો કે ચુકાદો આપતાં ઢાકાના ચોથા એડિશનલ મેટ્રોપોલિટન સેશન્સ જજ તારિક અઝીઝે આ કેસમાં તેમની દોષિત ઠેરવવાની અને સજા સામે મહમુદુર રહેમાનની અપીલ સ્વીકારી હતી.

જસ્ટિસે કહ્યું હતું કે અપીલકર્તા સામે લગાવવામાં આવેલા આરોપો ખોટા અને બનાવટી હોવાનું જણાયું છે. ન્યાયાધીશે તેમના આદેશમાં કહ્યું કે નીચલી અદાલત દ્વારા આપવામાં આવેલી સજા રદ કરીને અપીલકર્તાને નિર્દોષ જાહેર કરવામાં આવે છે. ચુકાદા પછી દૈનિક અમર દેશના સંપાદક મહમુદુરે પત્રકારોને જણાવ્યું હતું કે તેમને આખરે કોર્ટમાંથી ન્યાય મળ્યો છે અને તેઓ ફાસીવાદ સામેની તેમની લડાઈ ચાલુ રાખશે, જે દેશનો પણ સંઘર્ષ છે. નોંધનીય છે કે ગયા વર્ષે ૧૭ ઓગસ્ટના રોજ ઢાકાની એક કોર્ટે તેમની ગેરહાજરીમાં સાત વર્ષની જેલની સજા ફટકારી હતી. આ જ કેસમાં વરિષ્ઠ પત્રકાર શફીક રહેમાન, જાતીયતાવાદી સામાજિક સાંસ્કૃતિક સંગઠનના ઉપપ્રમુખ મોહમ્મદ ઉલ્લાહ મામુન, તેમના પુત્ર રિઝવી અહમદ સીઝર અને અમેરિકા સ્થિત ઉદ્યોગપતિ મિઝાનુર રહેમાન ભુઇયાને પણ તેમની ગેરહાજરીમાં સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. મહમુદુર સાડા પાંચ વર્ષ દેશનિકાલમાં રહ્યા બાદ ગયા વર્ષે ૨૭ સપ્ટેમ્બરે બાંગ્લાદેશ પાછા ફર્યા હતા. બે દિવસ પછી તેણે ઢાકામાં ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કર્યું અને તેમને જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા.

ફરિયાદ મુજબ, મામુન અને ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ જોયના અપહરણ અને હત્યાનું કાવતરું ઘડવા માટે યુકે, યુએસ અને બાંગ્લાદેશમાં વિવિધ સ્થળોએ કથિત રીતે મુલાકાત કરી હતી.

# પંજાબમાં આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશઃ ત્રણની ધરપકડ

અમૃતસરઃ પંજાબ પોલીસે એક આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. અહીં ત્રીજી ફેબ્રુઆરીના બંધ પોલીસ ચોકી પાસે કરવામાં આવેલા વિસ્ફોટમાં સામેલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ જાણકારી અધિકારીઓએ સોમવારે આપી હતી.

પોલીસે તેમના કબજામાંથી એક એકે-૪૭ રાઇફલ, બે પિસ્તોલ અને કારતૂસ પણ જપ્ત કર્યા છે. ધરપકડ બાદ શંકાસ્પદોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. તેમાંથી એક પોલીસ અધિકારી પાસેથી પિસ્તોલ છીનવી લીધી અને ગોળીબાર કર્યો હતો. પોલીસે જણાવ્યું કે જવાબી ફાયરિંગમાં બે આરપીઓ ગોળી વાગવાથી ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ ત્રણેયની ઓળખ લવપ્રીત સિંહ, બૂટા સિંહ અને કરણદીપ સિંહ તરીકે થઇ છે. જેઓ અમૃતસર ગ્રામીણના રહેવાસી છે અને તેમના સંબંધો દુબઇ સ્થિત એક વ્યક્તિ સાથે છે. જેણે તેમને ભંડોળ અને શસ્ત્રો પૂરા પાડવામાં મદદ કરી હતી. ધરપકડની પુષ્ટિ કરતા અમૃતસર પોલીસ કમિશ્નર ગુરપ્રીત સિંહ ભુલ્લરે જણાવ્યું કે આ મોડ્યુલને આતંકવાદી હેપ્પી પાસિયા અને અન્ય લોકો દ્વારા વિદેશથી ઓપરેટ કરવામાં આવતું હતું. પ્રારંભિક તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ૩ ફેબ્રુઆરીના રોજ ફતેહગઢ ચૂરીયાં બાયપાસ રોડ પર બંધ પોલીસ ચોકી પાસે થયેલા વિસ્ફોટ પાછળ તેમનો હાથ હતો.

# મમતા કુલકર્ણીનું મહામંડલેશ્વરના પદેથી રાજીનામું

મહાકુંભ નગર (ઉત્તર પ્રદેશ) : થોડા અઠવાડિયા પહેલાં સાંસારિક જીવન ત્યજનાર અને મહામંડલેશ્વર તરીકે નિમણૂક પામનાર મમતા કુલકર્ણીએ સોમવારે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું. કિન્નર અખાડાના મહામંડલેશ્વર કૌશલ્યાગિરિએ આ વાતને અનુમોદન આપ્યું હતું. સોશિયલ મીડિયા પર એક વીડિયો મેસેજ મૂકી મમતાએ કહ્યું હતું કે હું, મહામંડલેશ્વર યમાઈ મમતા નંદગિરિ મારા હોદ્દા પરથી રાજીનામું આપું છે. મારા મહામંડલેશ્વર બનવાથી કિન્નર અખાડા અને બીજા સંતો વચ્ચે સમસ્યા ઊભી થઈ હતી. ૨૫ વર્ષની તપસ્યા બાદ મને આ પદ દેવામાં આવ્યું હતું. મને મહામંડલેશ્વરનું પદ મળવા સામે અનેક લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. મેં ચૈતન્ય ગગનગિરિ મહારાજના માર્ગદર્શનમાં ૨૫ વર્ષ તપસ્યા કરી હતી.

બાવન વર્ષની મમતાએ ગયા મહિને પોતાનું 'પિંડદાન' કરીને કિન્નર અખાડાના નેજા હેઠળ સંન્યાસ લીધો હતો. કિન્નરોએ આ અખાડાની સ્થાપના કરી છે અને એ જૂના અખાડા હેઠળ કામ કરે છે. અખાડા એ હિન્દુઓની ધાર્મિક વ્યવસ્થા છે અને મૃત્યુ પામેલા પૂર્વજોને અંજલિ આપવા પીંડદાન આપવામાં આવે છે. (એજન્સી)

### મણિપુરના સીએમનું રાજીનામું

# ઘણા સમય પહેલા લઇ લેવું જોઇતું હતુંઃ પ્રિયંકા ગાંધી

મલપ્પુરમઃ મણિપુરના મુખ્ય પ્રધાન એન. બીરેન સિંહનું રાજીનામું ઘણા સમય પહેલા લઇ લેવું જોઇતું હતું, એમ કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોમવારે જણાવ્યું હતું.

આ મુદ્દે તેમને પૂછવામાં આવતા તેમણે પત્રકારોને જણાવ્યું કે પૂર્વોત્તર રાજ્યમાં બે વર્ષથી હિંસા ચાલી રહી છે. આની ઘણા સમય પહેલા જરૂર હતી. આ મણિપુરમાં(બે) વર્ષથી ચાલી રહ્યું છે. બિરેન સિંહે રવિવારે ઇમ્ફાલ સ્થિત રાજભવનમાં રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. રાજ્યમાં મે ૨૦૨૩માં વંશીય હિંસા ફાટી નીકળી ત્યારથી અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ લોકોનાં મોત થયાં છે અને હજારો લોકો બેઘર થયા છે.

વાયનાડ લોકસભા સાંસદ પ્રિયંકા ગાંધીએ છેલ્લા બે દિવસમાં તેમના સંસદીય મતવિસ્તારમાં અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. તેઓ સોમવારે નવી દિલ્હી રવાનાં થતાં પહેલાં પોતાના સંસદીય મતવિસ્તારમાં જંગલી પ્રાણીઓના હુમલામાં જીવ ગુમાવનારા લોકોના ઘરની મુલાકાત લેવાનાં હતાં.

# 'કૉંગ્રેસ ગઠબંધનની રાજનીતિ કરશે કે એકલી લડશે?': તારિક અનવર

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં સતત ત્રીજી વખત કૉંગ્રેસની શરમજનક હાર બાદ પાર્ટીના વરિષ્ઠ નેતા તારિક અનવરે સોમવારે કહ્યું હતું કે સૌથી જૂની પાર્ટીએ સ્પષ્ટ કરવાની જરૂર છે કે તે ગઠબંધનનું રાજકારણ કરવા માગે છે કે એકલા ચાલવા માંગે છે. તેમણે પક્ષના સંગઠનાત્મક માળખામાં મૂળભૂત ફેરફારોની પણ માંગ કરી હતી. જોકે તેમણે આ વિશે વધુ કંઈ કહ્યું નહોતું. બિહારના કટિહારના પાર્ટી સાંસદ અનવરે 'એક્સ' પર લખ્યું હતું કે, ''કૉંગ્રેસે તેની રાજકીય રણનીતિ સ્પષ્ટ કરવાની જરૂર છે. તેમણે નક્કી કરવું પડશે કે તેઓ ગઠબંધનનું રાજકારણ કરશે કે એકલા લડશે. કૉંગ્રેસના ભૂતપૂર્વ મહાસચિવ અનવરે કહ્યું હતું '' પાર્ટીના સંગઠનમાં મૂળભૂત ફેરફારો કરવા જરૂરી બની ગયા છે.'' દિલ્હી વિધાનસભા ચૂંટણીનાં પરિણામો શનિવારે જાહેર થયા હતા. આ વખતે પણ કૉંગ્રેસ વિધાનસભા ચૂંટણીમાં એક પણ બેઠક જીતી શકી નથી. વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીનું પ્રદર્શન સતત ત્રીજી વખત નબળું રહ્યું છે.

૨૦૩ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 35 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 February 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સ્થાનિક સોનામાં ₹ ૯૬૬ની આગઝરતી તેજી

# શુદ્ધ સોનું પહેલી જ વાર ₹ ૮૫,૦૦૦ને પાર




(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ આજે (સોમવારે) સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ લાદવાની જાહેરાત કરવાની યોજના ધરાવે છે એવા અહેવાલો સાથે આજે વૈશ્વિક બજારમાં ટ્રેડ વૉર છેડાઈ જવાની ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ૧.૫ ટકા જેટલા અને ચાંદીના ભાવ ૧.૩ ટકા જેટલા ઉછળી આવ્યાના નિર્દેશો હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૬૨થી ૯૬૬ની ઝડપી તેજી સાથે રૂ. ૮૫,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. જોકે, ગત શુક્રવારે સ્થાનિકમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૨૯નો ઉછાળો આવી ગયો હોવાથી આજે ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહ્યું હોવા છતાં વિશ્વ બજાર પાછળ ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪૨નો સુધારો આગળ ધપ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની પણ ઊંચા મથાળેથી લેવાલી મર્યાદિત રહી હોવા છતાં સત્રના અંતે હાજરમાં વેરા રહિત ભાવ કિલોદીઠ રૂ. ૧૪૨ના સાધારણ સુધારા સાથે રૂ. ૯૫,૫૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત રૂપિયામાં અન્ડરટોન નરમાઈનો રહેતાં વેરા રહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૯૬૨ વધીને રૂ. ૮૫,૩૨૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૬૬ વધીને રૂ. ૮૫,૬૬૫ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું

(જુઓ પાનું ૨) ▶▶

TOSAA®
Kitchenware & House hold
For Bulk / B2B Enquiry: 7777065380
Available on: amazon.com Flipkart
Available at All Ecommerce Shopping Site.

## કટક વન-ડે દરમિયાન વીજળી ખોરવાઈઃ ઓડિશા સરકારે જવાબ માગ્યો

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 78,390/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY ALL OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

ભુવનેશ્વર : કટકના બારાબતી સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચે બીજી વન-ડે રમાતી હતી ત્યારે ફ્લડલાઈટની ખરાબીને લીધે રમત ખોરવાઈ ગઈ એની નોંધ લઈને રાજ્ય સરકારે ઓડિશા ક્રિકેટ એસોસિયેશનને કારણદર્શક નોટિસ મોકલાવી છે અને ૧૦ દિવસમાં જવાબ માગ્યો છે.

રવિવારની મૅચમાં એક ટાવરની ફ્લડલાઈટ કામ ન કરતાં મૅચમાં સુમારે અડધા કલાકનો વિક્ષેપ પડ્યો હતો.

ઓડિશાના સ્પોટ્ર્સ ડિરેક્ટર સંજય બેહેરાએ એસોસિયેશનના સચિવને પત્ર લખીને કહ્યું છે કે એસોસિયેશનને ફ્લડલાઈટની ખરાબીના કારણનો વિગતવાર ખુલાસો દેવાનો, આ ભૂલ માટે જે જવાબદાર હોય એ વ્યક્તિઓ કે એજન્સીને શોધી કાઢવાનો અને ભવિષ્યમાં આવું ન બને એ માટે લીધેલા પગલાંની જાણ કરવાનો નિર્દેશ આપે છે. આ પત્રના મળ્યાના દસ દિવસની અંદર એસોસિયેશને એનો નિષ્કર્ષ મોકલવો પડશે એમ ખેલકૂદ વિભાગે કહ્યું હતું.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે કટકના બારાબતી સ્ટેડિયમમાં એક ટાવરની ફ્લડલાઈટમાં ખરાબી થતાં મૅચમાં ૩૦ મિનિટનો વિક્ષેપ પડ્યો હતો. આને લીધે ખેલાડીઓ અને દર્શકોને અગવડ પડી હતી.

ખેલકુદ ખાતાના પ્રધાન સૂર્યવંશી સુરજે કહ્યું હતું કે જે લોકો આમાં દોષિત હોય તેમની સામે કડક પગલાં લેવા જોઈએ. તેમણે સૂચવ્યું હતું કે આવા લોકોની ધરપકડ કરવી જોઈએ આ એક ગંભીર બાબત છે.

દરમિયાન કૉંગ્રેસ અને બીજુ જનતા દળે રાજ્ય સરકારની ટીકા કરતાં કહ્યું હતું કે આ બનાવે ઓડિશાનું નામ ખરાબ કર્યું છે. (એજન્સી)■




## ખેડા જિલ્લાના નડિયાદમાં ઝેરી નશાકારક પીણું પીતા ત્રણ વ્યક્તિનાં મોત નિપજ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધીના અમલ વચ્ચે નડિયાદમાં ઝેરી માદક પીણું પીવાના કારણે ત્રણ લોકોના મોત નિપજ્યાં હોવાનું પોલીસે જણાવ્યું હતું. નડિયાદના જવાહર નગરમાં ત્રણ લોકોએ ઝીરા નામનું પીણું પીધા બાદ તેમની તબિયત લથડી હતી. જેથી તેમને સારવાર અર્થે સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં જ્યાં તેમને ફરજ પરના તબિબોએ મૃત જાહેર કર્યા હતાં.

નાયબ પોલીસ અધિક્ષક વી.આર. બાઝપાઈએ જણાવ્યું હતું કે, સાંજે સાડા છથી સાત વાગ્યાના અરસામાં ત્રણ લોકોએ ઝેરી પીણું પીતા તેમની તબિયત લથડી હતી. જેથી તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમને આઠેક વાગ્યાના અરસામાં મૃત જાહેર કરાયા હતાં. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. નવેમ્બર ૨૦૨૩માં પણ નડિયાદમાં કરિયાણાની દુકાનમાં વેચાઈ રહેલી આયુર્વેદિક સિરપ પીવાથી કેટલાક લોકોના મોત થયા હતાં. પોલીસની તપાસમાં આ ત્રણેય

(જુઓ પાનું ૨) ▶▶

MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com

**પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫**

## ટીમ વર્કથી સફળતા હાંસલ કરી શકાય : મોદી

નવી દિલ્હીઃ ફેબ્રુઆરી અને માર્ચ મહિનાનો સમય એટલે પરીક્ષાનો સમય. વિદ્યાર્થીઓ તેમની બોર્ડ અને બીજી અલગ અલગ પરીક્ષાઓની તૈયારી કરવા મંડી પડે. એવા સમયે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પરીક્ષા પે ચર્ચા કરીને શાળાના વિદ્યાર્થીઓને નેતૃત્વ કુશળતા અને ટીમ વર્કથી સફળતા કેવી રીતે હાંસલ કરવી એ વિશે મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

પીએમ મોદીએ સાદા અને સરળ શબ્દોમાં સમજાવ્યું હતું કે જો ક્લાસનો મોનિટર તમને સમયસર આવવાનું કહે અને પોતે મોડો આવે તો શું થાય? મોનિટરે સૌથી પહેલા સમયસર આવવાનું શીખવું પડશે. તેણે હોમવર્ક કરવું પડશે, બધાની મદદ પણ કરવી પડશે અને દરેકની મુશ્કેલીઓ સમજી એમની કાળજી પણ લેવી પડશે. એણે બધાનું વિચારવું પડશે. તો જ લોકો

(જુઓ પાનું ૨) ▶▶




## પંજાબમાં વચગાળાની ચૂંટણી થવાની કૉંગ્રેસી સાંસદની આગાહી

નવી દિલ્હી : કૉંગ્રેસના સાંસદ અને પંજાબના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સુખજિન્દર સિંહ રંધવાએ સોમવારે આગાહી કરી હતી કે પંજાબમાં વચગાળાની ચૂંટણી થશે. તેમણે દાવો કર્યો હતો કે આપના વિધાનસભ્યો દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ધબડકા પછી પક્ષ છોડી દેશે.

આપના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ મંગળવારે દિલ્હીમાં પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન, રાજ્યના પ્રધાનો અને પક્ષના વિધાનસભ્યોને મળવાના છે. આપનો દિલ્હીની ચૂંટણીમાં કારમો પરાજય અને પક્ષના પંજાબના એકમમાં આંતરિક અસંતોષની પશ્ચાદભૂમાં આ બેઠક યોજાવાની છે.

દિલ્હી ચૂંટણીનાં પરિણામ અને એની પંજાબ

(જુઓ પાનું ૨) ▶▶

## ₹ ૧.૮૮ લાખ કરોડની જીએસટી કરચોરી પકડાઈ

નવી દિલ્હીઃ કેન્દ્રીય જીએસટી એધિકારીઓએ એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન રૂ. ૧.૮૮ લાખ કરોડની જીએસટી કરચોરી પકડી પાડી હોવાની માહિતી સોમવારે લોકસભામાં આપવામાં આવી હતી.

રાજ્યકક્ષાના નાણા ખાતાના પ્રધાન પંકજ ચૌધરીએ કહ્યું હતું કે એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન આઈટીસી ફ્રોડ કેસ સહિત ૭૨,૩૯૩ કેસમાં રૂ. ૧.૮૮ લાખ કરોડની જીએસટી કરચોરી કરવામાં આવી હતી.

આ મામલે ૧૩૨ જણની ધરપકડ કરવામાં આવી હતી અને રૂ. ૨૦,૧૨૮ કરોડની રિકવરી કરવામાં આવી હતી, એમ તેમણે કહ્યું

(જુઓ પાનું ૨) ▶▶







## સ્ટીલ અને એલ્યુમિનિયમના ઉત્પાદનોની આયાત પર પચીસ ટકા ડ્યૂટી લાદવાની ટ્રમ્પની જાહેરાત

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કૅનેડા અને મૅક્સિકોથી સ્ટીલ અને એલ્યુમિનિયમના ઉત્પાદનોની આયાત પર પચીસ ટકા ડ્યૂટી લાદવાની સોમવારે જાહેરાત કરી હતી. અઠવાડિયાના અંતે ટ્રમ્પ અન્ય આયાતી ડ્યૂટીની પણ જાહેરાત કરશે.

અમેરિકામાં આવતા સ્ટીલ અને એલ્યુમિનિયમના તમામ ઉત્પાદનો પર પચીસ ટકા કરવેરો લાદવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

અરસપરસ સમાન કરવેરાની પણ ટ્રમ્પ મંગળવારે કે બુધવારે જાહેરાત કરે તેવી શક્યતા છે. અન્ય દેશ અમેરિકાના જે તે ઉત્પાદન પર જેટલો કરવેરો વસૂલે છે અમેરિકા પણ તે દેશ પાસેથી એજ ધોરણે કરવેરો વસૂલશે.

પત્રકારોને આપેલી મુલાકાતમાં ટ્રમ્પે કહ્યું હતું કે હાલમાં અન્ય દેશ જો અમેરિકા પાસેથી ૧૩૦ ટકા કરવેરો વસૂલતો હશે અને અમેરિકા તેની પાસેથી શૂન્ય કરવેરો વસૂલતો હશે તો હવે પછી એમ નહીં રહે.

સરકારના બજેટની ખાધ પુરવામાં આ પગલું મદદરૂપ થશે, એમ ટ્રમ્પે કહ્યું હતું.

ટ્રમ્પની આ જાહેરાતને પગલે બજાર ગગડ્યું હતું. ટ્રમ્પનાં આ પગલાંને કારણે આવનારાં મહિનાઓમાં ફુગાવો વધે તેવી શક્યતા હોવાને કારણે લોકોએ તેને ચિંતાનો વિષય લેખાવ્યો હતો. (એજન્સી)■

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બિરેનસિંહે રાજીનામું આપવામાં બહુ મોડું કર્યું

**મણિપુરના** મુખ્ય પ્રધાનપદેથી અંતે એન. બિરેનસિંહે રાજીનામું આપી દીધું અને સારી વાત એ છે કે, બિરેનસિંહનું રાજીનામું સ્વીકારી પણ લેવાયું છે. મણિપુરમાં છેલ્લાં દોઢ વર્ષથી ચાલી રહેલી હિંસાને કારણે ભાજપની આબરૂનો ધજાગરો થઈ ગયેલો. વિપક્ષો સતત કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અને રાજ્યની ભાજપ સરકારના માથે માછલાં ધોઈ રહ્યા હતા પણ ભાજપની નેતાગીરીના પેટનું પાણી નહોતું હાલતું.

રવિવારે અચાનક જ બિરેનસિંહને ભાજપ હાઈકમાન્ડનું તેડું આવ્યું અને દિલ્હી બોલાવાયા. બિરેનસિંહે રવિવારે સવારે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા અને પછી બપોરે ભાજપ તથા સાથી પક્ષોના ધારાસભ્યો સાથે જઈને રાજીનામું ધરી દીધું. મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ બિરેનસિંહનું રાજીનામું સ્વીકારી લેતાં બિરેનસિંહની મુખ્ય પ્રધાન તરીકેની ઈનિંગનો અંત આવી ગયો છે. મણિપુરમાં ૨૦૨૨ના ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી એ જોતાં બિરેનસિંહની સરકારની મુદત પૂરી થવામાં આખાં બે વર્ષ બાકી છે તેથી ભાજપે નવા મુખ્ય પ્રધાન શોધવા પડશે.

બિરેનસિંહના રાજીનામા પછી રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ તેમને કાર્યકારી મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળવા કહ્યું છે તેના પરથી લાગે છે કે, ભાજપને મણિપુરમાં નવા મુખ્ય પ્રધાનની પસંદગી કરવાની કોઈ ઉતાવળ નથી. રાજ્યપાલે સોમવારથી શરૂ થનારું મણિપુર વિધાનસભાનું સત્ર પણ રદ કરી દીધું છે એ જોતાં હમણાં મણિપુરમાં કોઈ પણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ નહીં ચાલે એ પણ સ્પષ્ટ છે. વિધાનસભાની બેઠક મળે ને માછલાં ધોવાય તેનો કરતાં બેઠક જ ના મળે તો કકળાટ નહીં એમ સમજીને આ નિર્ણય લેવાયો છે. ભાજપ દિલ્હીમાં મુખ્ય પ્રધાનની પસંદગી કર્યા પછી નિરાંતે મણિપુરમાં પણ મુખ્ય પ્રધાનની પસંદગી કરશે એવું લાગે છે.

ભાજપે બિરેનસિંહનું રાજીનામું લેવાનો નિર્ણય લીધો એ સારું કર્યું પણ બહુ મોડું કરી દીધું છે તેમાં બેમત નથી. મણિપુરમાં ૩ મે, ૨૦૨૩થી કુકી-મૈતઈ સમુદાય વચ્ચે ચાલી રહેલી હિંસામાં ૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને આ હિંસાને ૬૫૦થી વધુ દિવસો વીતી ગયા છે એ જોતાં ભાજપ અત્યાર લગી ઘોરતો હતો તેમાં શંકા નથી. બિરેન સિંહ પણ નૈતિકતાને નેવે મૂકીને સાવ નફફટ બનીને સત્તાને વળગી રહ્યા હતા. આઘાતની વાત એ હતી કે, દોઢ વર્ષથી ચાલી હિંસા ચાલી રહી હોવા છતા કશું બોલતા જ નહોતા, ૨૦૨૪ના વરસના છેલ્લા દિવસે તેમણે મોં ખોલીને મણિપુરમાં થયેલી હિંસા અને તેમાં થયેલી જાનહાનિ માટે માફી માગી હતી. ૩૧ ડીસેમ્બરે મીડિયાને સંબોધતાં બિરેનસિંહે કહેલું કે, મણિપુર માટે આખું વર્ષ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ રહ્યું છે અને હું તેના કારણે ખૂબ જ દુઃખી છું. ૩ મે, ૨૦૨૩થી આજ સુધી જે કંઈ પણ થઈ રહ્યું છે તેના માટે હું જનતાની માફી માગુ છું. આ હિંસામાં ઘણાં લોકોએ પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે, ઘણાં લોકો તેમના ઘર છોડી ગયાં એ બદલ હું ખરેખર દિલગીર છું અને હું માફી માગવા આવ્યો છું.

બિરેનસિંહ માફી માગવાના બદલે રાજીનામું આપી દેવાની જરૂર હતી કેમ કે મણિપુરમાં ભાજપની સરકાર હોય અને કેન્દ્રમાં પણ ભાજપની સરકાર હોવા છતાં કુકી-મૈતઈ સમુદાય વચ્ચે ચાલતી હિંસા પોણા બે વર્ષથી રોકી ના શક્યા એ બહુ મોટી નિષ્ફળતા જ કહેવાય. મણિપુરમાં થઈ એવી હિંસા ભારતના બીજા કોઈ રાજ્યમાં થઈ નખી. આ હિંસા દરમિયાન સત્તાવાર રીતે જ ૬૦ હજાર લોકો બેઘર થયાં છે, સેંકડો મહિલાઓ પર બળાત્કાર થયા છે અને મહિલાઓને જાહેરમાં નગ્ન કરીને ગેંગ રેપ કરવા સહિતની અતિ ઘૃણાસ્પદ ઘટનાઓ નોંધાઈ હોવા છતાં ભાજપે એન. બિરેનસિંહને ચાલુ રાખ્યા એ તેમની મોટી નિષ્ફળતા હતી.

બિરેનસિંહે પોતે લોકોની માફી માગી ત્યારે આપેલા આંકડા પ્રમાણે, હિંસામાં લગભગ ૨૦૦ લોકો માર્યા ગયા છે અને કુલ ૧૨,૨૪૭ એફઆઈઆર નોંધવામાં આવી છે. ૬૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. લગભગ ૫,૬૦૦ હથિયારો અને લગભગ ૩૫,૦૦૦ દારૂગોળો મળી આવ્યો છે. બિરેનસિંહે કેન્દ્ર સરકારનાં મોંફાટ વખાણ કરતાં કહેલું કે, મણિપુરમાં હિંસા માટે કારણભૂત મુદ્દાઓને ઉકેલવામાં સફળતા મળી છે. કેન્દ્ર સરકારે વિસ્થાપિત પરિવારોને મદદ કરવા માટે પૂરતા સુરક્ષા કર્મચારીઓ અને ભંડોળ પૂરું પાડ્યું છે અને વિસ્થાપિતો માટે નવા મકાનો બનાવવા માટે પણ નાણાં આપ્યાં છે. આ બધા પ્રયત્નોના કારણે છેલ્લા મહિનાથી રાજ્યમાં શાંતિ છે અને હિંસાની કોઈ ઘટના બની નથી. છૂટાછવાયા વિરોધ પ્રદર્શન માટે પણ લોકો રસ્તા પર ઉતરતાં નથી. સરકારી ઓફિસો દરરોજ ખુલી રહી છે અને શાળાઓમાં બાળકોની સંખ્યા વધી રહી છે.

બિરેનસિંહે બીજી પણ ઘણી વાતો કરેલી ને બધી વાતો માંડવાનો અર્થ નથી પણ મુખ્ય મુદ્દો એ જ છે કે, બિરેનસિંહ મણિપુરના મુખ્ય પ્રધાન હોય કે ના હોય કોઈ ફરક જ નહોતો પડતો. મણિપુર લશ્કરના હવાલે હતું અને મણિપુરમાં શાંતિ સ્થપાઈ તેનું કારણ ભારતીય લશ્કર હતું. મણિપુરમાં સ્થિતી કાબૂ બહાર ગઈ પછી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે જખ મારીને ઇમ્ફાલ ખીણનાં ૫ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર એક્ટ (અફ્સ્પા) લાગુ કરીને લશ્કરને કમાન સોંપવી પડી હતી. આર્મીએ કડક બનીને ઘરે ઘરે ફરીને કોમ્બિંગ કરતાં લોકો જાતે જ તેમના હથિયારો જમા કરાવવા માંડ્યાં તેમાં હિંસાબંધ થઈ હતી.

મણિપુરમાં અત્યારે શાંતિ છે અને આ શાંતિ જળવાય એ માટે ભાજપે કોઈ સક્ષમ નેતાને મુખ્ય પ્રધાન બનાવવો જોઈએ. મણિપુરમાં હિંસાનું કારણ મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચેનો ઝગડો છે. બિરેનસિંહ આ ઝગડાને શાંત ના પાડી શક્યા કેમ કે એ પોતે પૂર્વગ્રહ સાથે વર્તતા હતા. બિરેનસિંહે ચોક્કસ સમુદાયને છાવર્યો તેના કારણે હિંસા ભડકી. એ માટે મતબેંકનું રાજકારણ જવાબદાર હતું. તેના કારણે એ સ્થિતિ સર્જાઈ છે કે, મણિપુર અત્યારે બે છાવણીમાં વહેંચાઈ ગયેલું છે. મૈતેઈ સમુદાયના વિસ્તારોમાં કુકી સહિતના આદિવાસી નથી જઈ શકતા ને કુકી સમુદાય સહિતના આદિવાસીઓના વિસ્તારોમાં મૈતેઈ સમુદાયનાં લોકો નથી જઈ શકતાં. એક રાજ્યમાં આ સ્થિતિ સર્જાય એ કમનસીબી કહેવાય પણ બિરેનસિંહની આ દેન છે.

ભાજપના નવા મુખ્ય પ્રધાન આ નફરતને ઓગાળે એ જરૂરી છે કેમ કે આ નફરત લાંબા ગાળે આતંકવાદમાં પરિણમી શકે છે. આર્મીએ આતંકવાદના બફર એરીયાઝ મનાતા વિસ્તારોમાં કોમ્બિમંગ કરીને હથિયારો જપ્ત કરી લીધાં તેના કારણે સ્થિતિ સુધરેલી છે. છેલ્લા દોઢ વર્ષમાં જે વિસ્તારોમાં જવાની કોઈની હિંમત નહોતું કરતું એ વિસ્તારોમાં ઘૂસીને આર્મી હથિયારો જપ્ત કરી રહી છે તેથી હિંસા થતી નથી પણ આર્મીને કાયમી ધોરણે ના રાખી શકાય એ જોતાં નવા મુખ્ય પ્રધાને પોતે શાંતિ સ્થાપવી પડશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિર ઋતુ, મંગળવાર, તા. ૧૧–૨–૨૦૨૫, વ્રતની પૂનમ, પારસી ૭મો મહેર માસારંભ,

- ભારતીય દિનાંક ૨૨, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ– ૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ–૧૪
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૩મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર પુષ્ય સાંજે ક. ૧૮–૩૩ સુધી, પછી આશ્લેષા.
- ચંદ્ર કર્કમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ભરતીઃ સવારે ક. ૧૧–૧૭, મધ્ય રાત્રે ક. ૦૦–૦૭ • ઓટઃ સાંજે ક. ૧૭–૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૨૮ (તા. ૧૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, માઘ શુક્લ – ચતુર્દશી. વ્રતની પૂનમ, પારસી ૭મો મહેર માસારંભ, અગ્નિ ઉત્સવ (ઓરિસ્સા), ફ્લોટિંગ ફેસ્ટિવલ – થૈ પુષ્યમ (દક્ષિણ ભારત), બુધ કુંભમાં બપોરે ક. ૧૨–૫૪. ભદ્રા સાંજે ક. ૧૮–૫૫ થી ૩૧–૦૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે. • મુહૂર્ત વિશેષઃ વ્રતની પૂનમનો ઉપવાસ, કુળદેવી – દેવતા – સ્થાનક દર્શન યાત્રા. મંગળ–શનિ–ગુરુ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, સપ્તસતી પાઠ હવન, શનિ–ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાઠ, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્, શ્રીસુક્ત, પુરુસુક્ત અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન, તુલસીપૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, હજામત, પર્વપૂજા નિમિત્તે નવા વાસણ, આભૂષણ, વસ્ત્રો. સુવર્ણની ખરીદી, નિત્ય થતાં પશુ લે–વેંચ, દુકાન–વેપાર, સ્થાવર લેવડદેવડના કામકાજ. • આચમનઃ ચંદ્ર–શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, સૂર્ય–હર્ષલ ચતુષ્કોણ રાજકારણમાં હાનિ પહોંચે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર ત્રિકોણ, સૂર્ય–હર્ષલ ચતુષ્કોણ (તા. ૧૨)
- ગ્રહગોચરઃ સૂર્ય–મકર, વક્રી મંગળ–મિથુન, બુધ–મકર/ કુંભ, માર્ગી ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## પ્રજામત

### સ્વસ્થ ને નીરોગી રહેવા માટે કસરત છે જરૂરી

અગાઉ લોકો શ્રમ કરતા હતાં. શ્રમ કરવાને કારણે તેમનું શરીર સ્વસ્થ અને નીરોગી રહેતું હતું. બીમારીઓ પણ દૂર રહેતી હતી. આખા ગામમાં એક જ ડૉક્ટર હોય અને તે પણ નવરો બેઠો હોય. પછી જમાનો બદલાયો. સુવિધાઓ વધવા લાગી, કેલ્ક્યુલેટર, કોમ્પ્યુટર, લેપટૉપ, સાઇકલ, ટૂ વ્હિલર અને ફોર વ્હિલર આવતા લોકોનો શારીરિક શ્રમ ઘટી ગયો. સમય પ્રમાણે નવી–નવી સગવડો આવતી ગઈ. આજે બધું આંગળીના ટેરવે મળતું થયું છે એને કારણે લોકોએ ઘરની બહાર નીકળવાનું બંધ કરી દીધું છે. ઘરની બહાર નીકળવાથી તેમની જે કસરત થતી હતી એ હવે બંધ થઈ ગઈ છે. લોકો ધીરે ધીરે આળસુ બની ગયા છે. કસરતને નામે મીંડું છે. એને કારણે વિવિધ બીમારીઓ આમંત્રણ વગર ઘર કરી ગઈ છે. એથી લોકોએ પોતાના સ્વાસ્થ્ય માટે સજાગ થવું જોઈએ. પોતાના માટે ફરજિયાત સમય કાઢવો જોઈએ. કસરત કરવાથી દવાઓ પાછળ પૈસા વેડફવા નહીં પડે. તન નીરોગી અને તંદુરસ્ત બનશે.

**રાજકુમાર ગાલા** (ઘાટકોપર ઇસ્ટ)

### પાણીનું કરો જતન

જળ એ જ જીવન. આપણી પહેલી જરૂરિયાત પાણી છે. પાણી વગર જીવન શક્ય નથી. જોકે ગ્લોબલ વોર્મિંગને કારણે પ્રદૂષણ ખાસ્સુ વધી રહ્યું છે. વરસાદ અનિયમિત અને ઓછો-વત્તો પડે છે. એવામાં પાણીનું જતન કરવાની વ્યવસ્થા આપણા ઘરમાં થાય એવો પ્રયાસ કરવો જોઈએ. આપણે પાણીનો સંગ્રહ કરતાં શીખવું જોઈએ. એ સાથે જ એ વાતનું પણ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે પાણી બંધિયાર ન રહે. કુદરતે એવી ગોઠવણ કરી છે કે દિવસમાં બે વખત ભરતી અને ઓટ દ્વારા દરિયાના પાણીને હલબલાવી નાખે છે. એથી આપણે સંગ્રહ કરેલું પાણી સ્થિર ન રહે એની તકેદારી રાખવી જોઈએ.

એક કુટુંબમાં પાંચ વ્યક્તિ દ્વારા દરરોજ પચીસ લીટર પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. એથી આખા વર્ષના પાણીના સ્ટોક માટે વરસાદી પાણીનો સંગ્રહ કરવો જોઈએ. એના માટે ૭.૫ ઘન મીટરની જગ્યા જોઈએ. ટૂંકમાં એક બાથરૂમ જેટલી જગ્યા.

પાણી બગડે નહીં એ માટે ૦.૫ હોર્સ પાવરનાં પમ્પમાંથી બે આઉટલેટ કાઢી તેમાંથી એક આઉટલેટનો પાઇપ પાણીની ટાંકીમાં નાખીને પાણીને વલોવી શકાય છે. આખા વર્ષ દરમ્યાન વરસાદનું પાણી સોલર કૂકરમાં ઉકાળીને પીવાથી તંદુરસ્તી જળવાઈ રહે છે.

**– જયંત પટેલ** (દહીંસર ઇસ્ટ)

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

# ટ્રમ્પની પ્રમુખ તરીકેની બીજી મુદતમાં ભાગીદારી વિકસાવવાની અનુકૂળ તકઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે અમેરિકાની મારી મુલાકાત પ્રમુખ તરીકેની ટ્રમ્પની પ્રથમ મુદત દરમિયાન કરવામાં આવેલા જોડાણને સફળ બનાવવાની તક હશે. ફ્રાન્સ અને અમેરિકાની મુલાકાતે જતા અગાઉ આપેલા નિવેદનમાં મોદીએ કહ્યું હતું કે આ મુલાકાત બંને દેશ વચ્ચે ટેક્નોલોજી, વેપાર, સંરક્ષણ, ઊર્જા અને પુરવઠા સહિતના ક્ષેત્રમાં સહકાર વધારવાના એજન્ડાને આગળ લઈ જવામાં મદદરૂપ થશે.

પ્રમુખ તરીકેની ટ્રમ્પની બીજી મુદતમાં આ પહેલી મુલાકાત હશે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે બંને દેશના લોકોનાં હિત તેમ જ લાભ માટે અમે સાથે મળીને કામ કરીશું અને ભાવિ વિશ્વને વધુ સારો આકાર આપીશું.

મારા ખૂબ જ સારા મિત્ર ટ્રમ્પને મળવા હું ઉત્સુક છું એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે અને તેમની પ્રથમ મુદત દરમિયાન અમે ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી વિકસાવવા માટે અમે સાથે મળીને કામ કર્યું હતું.

અમેરિકાની બે દિવસની મુલાકાતે જતા અગાઉ મોદી ૧૦થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન ફ્રાન્સની મુલાકાત લેશે. પ્રમુખ ઍમ્માન્યૂઅલ મૅકોનના આમંત્રણને માન આપીને હું ફ્રાન્સની મુલાકાતે જઈ રહ્યો છું, એમ તેમણે કહ્યું હતું.

વૈશ્વિક નેતાઓ અને ગ્લોબલ ટૅક સીઈઓના મેળાવડા જેવી એઆઈ ઍક્સન સમિટમાં ઈનોવેશન અને જાહેરહિત માટે એઆઈ ટૅકનોલૉજીના ઉપયોગ, સુરક્ષા અને વિશ્વસનીયતા જેવા મુદ્દે વ્યાપક ચર્ચાવિચારણા કરવામાં આવશે, એમ મોદીએ કહ્યું હતું.

આ મુલાકાત મને મૅક્રોન સાથે ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી માટેના ૨૦૪૭ હોરાઈઝન રોડમેપની સમીક્ષા કરવાની તક પૂરી પાડશે, એમ મોદીએ કહ્યું હતું.

સમગ્ર વિશ્વના ફ્રાન્સમાં પ્રથમ ભારતીય એલચીકચેરીનું ઉદ્‌ઘાટન કરવા બંને નેતા ફ્રાન્સના ઐતિહાસિક માર્શેલી શહેર તેમ જ ઈન્ટરનેશનલ થર્મોન્યૂક્લિઅર એક્સપરિમેન્ટલ રિએક્ટર પ્રોજેક્ટની મુલાકાત લેશે.

પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધમાં શહીદ થયેલા ભારતીય સૈનિકોને માઝારગસ વાર સિમેન્ટરી ખાતે શ્રદ્ધાંજલિ આપવા પણ હું જઈશ, એમ મોદીએ કહ્યું હતું. (એજન્સી) ■

ઉત્તર પ્રદેશના ઈટાવામાં

# મહાકુંભમાંથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની બસને નડ્યો અકસ્માતઃ બેનાં મોત, ૨૧ ઈજાગ્રસ્ત

ઇટાવા (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના ઇટાવા જિલ્લામાં સોમવારે સવારે મહાકુંભથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓને લઈ જતી બસ ટ્રક સાથે અથડાતા બે મહિલાઓનાં મોત થયાં હતાં અને ૨૧ અન્ય ઘાયલ થયા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આ માહિતી આપી હતી.

સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ સંજય કુમારે જણાવ્યું હતું કે ફ્રેન્ડ્સ કોલોની પોલીસ સ્ટેશન વિસ્તારમાં એશિયન હાઇવે પર ભરથાણા રોડ બ્રિજ પર ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે એક બસ ટ્રક સાથે અથડાઈને પલટી ગઈ હતી.

તેમણે જણાવ્યું હતું કે બસમાં સવાર લોકો પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં સ્નાન કરીને નોઈડા પરત ફરી રહ્યા હતા. વરિષ્ઠ પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે બસમાં સવાર મીરા અને નીલુ નામની મહિલાઓના મોત થયા હતા અને ૨૧ અન્ય ઘાયલ થયા હતા.

તેમણે કહ્યું કે ઘાયલોને જિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી બેને સૈફઈ મેડિકલ કૉલેજમાં રિફર કરવામાં આવ્યા હતા. કુમારે જણાવ્યું કે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. ■

# અરુણાચલ પ્રદેશ અને અક્સાઇ ચીનને ભારતનો પ્રદેશ બતાવતા ચીન નારાજ

ઇટાનગરઃ બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકારના પતન બાદ ચીન હવે બાંગ્લાદેશ પર દબાણ લાવી રહ્યું છે. બાંગ્લાદેશની સરકારી શાળાઓના પુસ્તકોમાં અરુણાચલ પ્રદેશને ભારતનો ભાગ દર્શાવવા સામે ચીને વાંધો વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત બાંગ્લાદેશમાં સર્વે વિભાગની વેબસાઈટ પરના નકશાઓ સામે પણ તેણે વાંધો ઉઠાવ્યો છે જેમાં અરુણાચલ પ્રદેશ અને અક્સાઇ ચીનને ભારતના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યા છે. ચીને જણાવ્યું છે કે આ બંને ભાગો તેના છે. હકીકતમાં આ બંને ભાગો ભારતના છે જેના પર ચીન પોતાની આદતને કારણે વિવાદો ઊભા કર્યા કરે છે. આ મામલે બાંગ્લાદેશે ચીનને જવાબ આપ્યો હતો અને કોઈપણ ફેરફાર કરવાનો હાલના તબક્કે સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક બોર્ડની સલાહ લીધી છે. નવા પાઠ્યપુસ્તકોની છાપકામની પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ હોવાથી તાત્કાલિક સુધારા શક્ય નથી.આ ઉપરાંત બાંગ્લાદેશના પુસ્તકો અને વેબસાઈટના નકશામાં હોંગકોંગ અને તાઈવાનને પણ સ્વતંત્ર દેશો તરીકે દર્શાવવામાં આવ્યા હતા જેના પર ચીને ચિંતા વ્યક્ત કરી હતી કારણ કે ચીન બંને દેશો પોતાના હોવાનો દાવો કરતું આવ્યું છે. ચીનની વિસ્તરણ વાદી નીતિ અને ખોટા દાવાઓથી સમગ્ર વિશ્વ પરેશાન છે. ભારતનો પડોશી દેશ હોવાને કારણે ડ્રેગન હંમેશા ખોટા દાવાઓ કરતો રહે છે. ક્યારેક તે પૂર્વ લદાખમાં સરહદને લઈને તણાવ પેદા કરે છે તો ક્યારેક તે અરુણાચલ પ્રદેશ પર પોતાનો દાવો કરે છે. આ ઉપરાંત દક્ષિણ સમુદ્ર તાઇવાન, હોંગકોંગ વગેરેને લઈને ચીન અને અન્ય પ્રદેશો વચ્ચે વિવાદો છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### શુદ્ધ સોનું

હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની ભીતિ હેઠળ બન્ને કિંમતી ધાતુઓમાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે ભાવમાં તેજીનો અન્ડરટોન રહ્યો હતો. આજે એક તક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૯૦૫.૯૮ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ આગલા બંધ સામે ૧.૫ ટકા વધીને ૨૯૦૩.૧૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને વાયદામાં ભાવ ૧.૫ ટકા વધીને ઔંસદીઠ ૨૯૨૯.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૨૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ટ્રમ્પના નવાં ટેરિફની જાહેરાતો ફુગાવા વૃદ્ધિલક્ષી અને વૃદ્ધિની ચિંતા કરાવે તેવી હોવાથી સલામતી માટેની માગને ટેકે સોનાના ભાવ ઉછળી રહ્યા છે અને ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સપાટી તરફ વધી રહ્યા હોવાનું યુબીએસનાં વિશ્લેષક ગિઓવન્ની સ્ટેનુવોએ જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે ટ્રમ્પે ગત સપ્તાહના અંતે જણાવ્યું હતું કે તેઓ સોમવારે સ્ટીલ અને એલ્યુમિનિયમની તમામ આયાત સામે ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરશે તેમ જ આગામી મંગળવાર કે બુધવારે તાત્કાલિક ધોરણે અમલી બને તેમ રેસિપ્રોકલ ટેરિફ (અન્ય દેશોની સમકક્ષ ડ્યૂટી) અથવા તો જેવા સાથે તેવાની નીતિ અપનાવીને ટેરિફ લાદવાની જાહેરાત કરશે.

આમ ટ્રમ્પનાં આ નિવેદનને પગલે બજારમાં ટેરિફ વૉરની ભીતિ સપાટી પર આવી છે અને સોનામાં એકતરફી તેજીનો માહોલ જોવા મળી રહ્યો હોવાનું એએનઝેડ બૅન્કના સ્ટ્રેટેજિસ્ટ ડેનિયલ હેઈન્સે જણાવ્યું હતું. વધુમાં ફેડરલ રિઝર્વનાં અધિકારીઓએ ગત શુક્રવારે જણાવ્યું હતું કે ટ્રમ્પની નીતિઓની અર્થતંત્ર પર કેવી અસર પડશે તેની અસ્પષ્ટતાઓના અભાવનો સામનો કરી રહ્યા છીએ અને રોજગાર ક્ષેત્રે મજબૂત વલણ જોવા મળ્યું હોવા છતાં ફુગાવો હજુ ઊંચી સપાટીએ હોવાથી અમને વ્યાજદરમાં કપાત કરવાની કોઈ ઉતાવળ નથી, એમ તેમણે ઉમેર્યું હતું. ■

### ટીમ વર્કથી

વિચારશે કે આ મારી સંભાળ રાખે છે અને એ તમારો આદર કરશે. તમારે સૌથી પહેલા તમારું વર્તન બદલવું પડશે. તો જ તમે નેતા તરીકે, મોનિટર તરીકે સ્વીકાર્ય બનશો.

પીએમ મોદીએ બાળકોને નેતૃત્વના ગુણો વિશે જણાવતા કહ્યું હતું કે ક્લાસના મોનિટર માટે કે એક નેતા માટે પણ ટીમ વર્ક ઘણું મહત્ત્વનું છે. જો તમે કોઇને કંઇ કામ આપો છો તો તમારે એ કામમાં તેને આવતી મુશ્કેલીઓ પણ શોધવી પડશે અને એનો ઉકેલ પણ લાવીને આપવો પડશે. તમારે પડકારો સામે લડતા શીખવું જ પડશે. તો જ લોકો તમને માન્યતા આપશે. તમને આજે કોઇ વિષયમાં ૩૦ ગુણ મળ્યા તો તમારે હવે પછી ૩૫ ગુણ મેળવવાનો પ્રયાસ કરવો જોઇએ અને ધીમે ધીમે તમારા લક્ષ્યની મર્યાદા વધારતા જવી જોઇએ. તમારે સતત પ્રયાસ કરવા જોઇએ અને ક્યારેય નિષ્ફળતાઓથી નાસીપાસ નહીં થવું જોઇએ. નિષ્ફળતાઓને શિક્ષક બનાવી તેની પાસેથી શીખવું જોઇએ. આ એક પડકાર છે, જેની સામે તમારે લડવું પડશે. ■

### પંજાબમાં

પરની અસર વિશે પૂછવામાં આવતા રંધવાએ કહ્યું હતું કે કેજરીવાલ કહેતા હતા કે જો હું ભ્રષ્ટ હોઉ તો મને મત આપતા નહીં. હવે દિલ્હીવાસીઓએ જનાદેશ આપી દીધો છે અને કેજરીવાલ ખરાબ રીતે હારી ગયા છે. આપના સુપ્રીમો કહે છે કે મારા સિવાય કોઈ પ્રમાણિક નથી. કેજરીવાલ, તેમના નાયબ મુખ્ય પ્રધાન (મનીષ સિસોદિયા) અને જેલ ખાતાના પ્રધાન હારી ગયા છે.

કૉંગ્રેસના નેતાએ વધુમાં કહ્યું હતું કે આપની બેઠક દિલ્હીમાં થઈ રહી છે. આને બદલે કેજરીવાલે પંજાબમાં જવું જોઈતું હતું. આપના અનેક વિધાનસભ્યો વિવિધ પક્ષો સાથે સંપર્કમાં છે. તેમનું પતન થશે અને તેમના અનેક લોકો તેમને છોડીને જતા રહેશે.

હું મોવડીમંડળને અનુરોધ કરું છું કે આપણે તેમના વિધાનસભ્યો અને પ્રધાનોને પક્ષમાં લેવાનું ટાળવું જોઈએ. (એજન્સી) ■

### ₹ ૧.૮૮ લાખ

હતું. વર્ષ ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં કુલ ૨૦, ૫૯૨ કેસમાં સીજીએસટી અધિકારીઓએ રૂ. ૨.૩૦ લાખ કરોડની જીએસટી કરચોરી પકડી પાડી હતી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે એ મામલે ૨૨૩ જણની ધરપકડ કરવામાં આવી હતી અને રૂ. ૩૧,૭૫૮ કરોડની રિકવરી કરવામાં આવી હતી.

એ જ પ્રમાણે વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૧-૨૨માં અનુક્રમે રૂ. ૧.૩૨ લાખ કરોડ અને રૂ. ૭૩,૨૩૮ કરોડની જીએસટી કરચોરી પકડી પાડી હતી.

બનાવટી રજિસ્ટ્રેશન પકડી પાડવા કેન્દ્ર અને રાજ્યના જીએસટી અધિકારીઓએ મેથી ઑગસ્ટ ૨૦૨૩ અને ઑગસ્ટથી ઑક્ટોબર ૨૦૨૪ દરમિયાનન બે વિશેષ ઝુંબેશ ચલાવી હતી.

પ્રથમ ઝુંબેશ દરમિયાન ૨૧,૮૦૮ બનાવટી રજિસ્ટ્રેશન પકડી પાડવામાં આવ્યા હતા તેમ જ રૂ. ૩૪,૩૫૭ કરોડની જીએસટી કરચોરી પકડી પાડવામાં આવી હતી અને એ મામલે આઠ જણની ધરપકડ કરવામાં આવી હતી. બીજી ઝુંબેશ દરમિયાન ૬૮,૩૯૩ બનાવટી રજિસ્ટ્રેશન પકડી પાડવામાં આવ્યા હતા તેમ જ રૂ. ૩૫,૩૪૬ કરોડની જીએસટી કરચોરી પડડી પાડવામાં આવી હતી અને એ મામલે ૧૯ જણની ધરપકડ કરવામાં આવી હતી. (એજન્સી) ■

### ખેડા જિલ્લામાં

વ્યક્તિઓના મોત પાછળ કોઈ ઝેરી તત્ત્વ હોવાનું જણાયું હતું. ત્રણેયનું પોસ્ટમોર્ટમ પૂર્ણ થતાં વિસેરા માટેના સેમ્પલો લેવામાં આવ્યા હતાં.
વિસેરા રિપોર્ટ બાદ ત્રણેયના મોતનું સાચુ કારણ જાણવા મળી શકશે. આ ઘટનામાં પોલીસ જુદા જુદા પાસા પર સમગ્ર કેસની તપાસ કરી રહી છે. આ કેસમાં સાઈનેટ અથવા તો સોડિયમ નાઈટ્રેટનો ઉપયોગ થયો હોવાની શક્યતા છે. ■

# મહારાષ્ટ્રમાં કાંઈક મોટી નવાજૂની થવાના ભણકારા

## દેવેન્દ્ર ફડણવીસ પહેલા રાજ ઠાકરેને મળવા ગયા પછી ઉદ્ધવ ઠાકરેના ખાસંખાસે ફડણવીસ સાથે મીટિંગ કરી

મુંબઈઃ રાજ્યમાં મહાયુતિ સરકારની સ્પષ્ટ બહુમતી હોવા છતાં યુતિના ત્રણ પક્ષ વચ્ચે આંતરિક રોષ સતત સામે આવી રહ્યો છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના જન્મદિવસ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ નાગપુરમાં હતા, પણ સોમવારે મુંબઈમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેના નિવાસસ્થાને ગયા હતા. મુંબઈ મહાનગર પાલિકાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખી બંને નેતા વચ્ચેની આ બેઠક મહત્ત્વની માનવામાં આવે છે. બીજી તરફ મહાયુતિમાં ભાજપ અને શિવસેના વચ્ચે તિરાડ પડવાની ચર્ચા છે અને એકનાથ શિંદેના નેતૃત્ત્વવાળી મહાયુતિ સરકારે લીધેલા ત્રણ નિર્ણયોને ફડણવીસ સરકાર અટકાવી દેશે એવું માનવામાં આવી રહ્યું છે. દરમિયાન આજે શિવસેના (યુબીટી)ના ત્રણ અગ્રણી નેતા મુખ્ય પ્રધાનને મળવા ગયા હોવાથી અનેક ભવાં ચડ્યાં છે. આ બધા વચ્ચે રાજ ઠાકરેએ તેમના ઘરે આમંત્રણ આપ્યું હોવાથી પોતે મળવા ગયા હતા એમ જણાવી ફડણવીસે ઉમેર્યું હતું કે તેમની સાથે કોઈ રાજકીય ચર્ચા નહોતી થઈ. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે કહ્યું હતું કે આ એક મૈત્રીપૂર્ણ અને અંગત મુલાકાત હતી. અમારી વચ્ચે કોઈ રાજકીય ચર્ચા નથી થઈ.

દરમિયાન બીએમસીની ચૂંટણી માટે ભાજપ અને મનસે ગઠબંધન કરશે તેવા સંકેતો મળ્યા છે અને એવી માહિતી પણ મળી છે કે રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરેને ભાજપના રાજ્યપાલ ક્વોટામાંથી વિધાનસભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવશે. તેથી એવું લાગે છે કે રાજ્યના રાજકારણમાં ફરી એકવાર ભાજપ-મનસે ગઠબંધન થશે. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરેના વિશ્વાસુ અને વિધાનસભ્ય મિલિંદ નાર્વેકર, ભૂતપૂર્વ પ્રધાન સુભાષ દેસાઈ અને વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળવા ગયા હતા. (પીટીઆઈ)■



**શું થઈ હશે ગૂફ્તેગોઃ** મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ગઈ કાલે મનસેના વડા રાજ ઠાકરેને મળ્યા હતા. (અમય ખરાડે)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




**મહાયુતિમાં મહા ગડબડ...**

## ડિઝાસ્ટર મેનેજમેન્ટમાંથી એકનાથ શિંદેને બહાર રખાયા

મુંબઈઃ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એસડીએમએ)માંથી મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને બાકાત રાખવામાં આવ્યા હોવાથી રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય વ્યક્ત થઈ રહ્યું અને સત્તાધારી મહાયુતિ ગઠબંધનમાં તિરાડ પડી હોવાની અટકળો શરૂ થઈ ગઈ છે.

૨૦૦૫માં મુંબઈમાં આવેલા વિનાશક પૂર પછી રચવામાં આવેલી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી મુખ્ય પ્રધાનના નેતૃત્વ હેઠળ કટોકટીના સમયમાં સંપર્ક અને સંકલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

મહારાષ્ટ્ર સરકારે તાજેતરના એક આદેશ મુજબ એસડીએમએનું પુનર્ગઠન કર્યું છે. રાજ્યના મુખ્ય સચિવ સુજાતા સૌનિક આ ઓથોરિટીના સીઇઓ છે જેનું નેતૃત્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કરી રહ્યા છે. ડેપ્યુટી સીએમ અને એનસીપી નેતા અજિત પવારને એસડીએમએમાં સામેલ કરવામાં આવ્યા છે. જોકે, શહેરી વિકાસ વિભાગના વડા ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શિંદેને નવ સભ્યોની કમિટીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. શહેરી વિકાસ વિભાગ ડિઝાસ્ટર પ્રયત્નોમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેના અધિકારીઓ અને માળખાગત સુવિધાઓ રાહત અને પુનર્વસન કાર્યના સંકલનમાં મદદરૂપ થાય છે. તેમ છતાં શિંદેને મહત્ત્વની એજન્સીમાં સ્થાન નથી આપવામાં આવ્યું. પરિણામે મહાયુતિ સરકારમાં તિરાડ પડવાની અટકળોને વેગ મળ્યો છે. મહાયુતિમાં ભાજપ, શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપીનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)■


## બાંદ્રામાં બનશે વધુ એક હોટેલ તાજ

મુંબઈઃ દેશની આર્થિક રાજધાની અને મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં આવેલી તાજ હોટેલ ભારતનું એક પ્રતિષ્ઠિત સીમાચિહ્ન છે અને વિદેશી પ્રવાસીઓ માટે એક પ્રિય સ્થળ છે. દરેક ભારતીયને ટાટા ગ્રુપની આ હોટેલ પ્રત્યે ખાસ લગાવ છે, ખાસ કરીને કારણ કે તે ઉદ્યોગપતિ રતન ટાટાની માલિકીની છે. હવે, મુંબઈનું ગૌરવ એવી તાજ હોટેલ સમાન નવી એક હોટેલ મુંબઈમાં બની રહી છે. મુંબઈના બાંદ્રા વિસ્તારમાં આ નવી હોટેલનું ભૂમિપૂજન રાજ્યના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે દિવંગત ઉદ્યોગપતિ રતન ટાટાને યાદ કરતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, તાજ હોટેલ રતન ટાટાની નજીક હતી, તેમણે મને એક વાર કહ્યું હતું કે તેમને હોટેલ બનાવવામાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ નવી હોટેલનું આયોજન અને ડિઝાઈન મુંબઈની સુંદરતામાં વધુ વધારો કરશે, દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

વધુમાં તેમણે કહ્યું કે, ''મને વિશ્વાસ છે કે ટાટાના તાજ ગ્રુપની આ હોટેલ ૨૧મી સદીના સ્મારક તરીકે ઊભરી આવશે. 'ભારત-તાજ' એ તમે વિદેશ જાઓ છો ત્યારે વિચારો છો. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને આ હોટલના બાંધકામ સંબંધિત મુદ્દાઓનું નિરાકરણ લાવ્યું છે. આ પ્રસંગે ફડણવીસે રતન ટાટાને યાદ કરતા કહ્યું કે તેઓ જીવિત હતા ત્યારે આનું નિર્માણ થયું હોત અથવા તેમના પ્રસ્થાન પહેલાં શિલાન્યાસ થયો હોત તો તેઓ વધુ ખુશ થાત.'' ■

## પંકજા મુંડે અલગ પક્ષ રચવાની તૈયારીમાં?

મુંબઈઃ ભારતીય જનતા પાર્ટીના નેતા પંકજા મુંડેએ નાશિકમાં એક કાર્યક્રમમાં બોલતા એક મોટું નિવેદન આપ્યું હતું કે, ''ગોપીનાથ મુંડેને પ્રેમ કરનારા લોકોની સંખ્યા એટલી મોટી છે કે જો તેઓ એક થાય તો એક પાર્ટી બનાવી શકાશે.'' તેમના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. જોકે, આ પછી, પંકજા મુંડેએ હવે પોતાના નિવેદન પર સ્પષ્ટતા કરી છે. ''હવે, જો તે નિવેદનનું અર્થઘટન તમે જે રીતે કરવા માગો છો તે રીતે કરશો તેનો કોઈ અર્થ રહેશે નહીં,'' પંકજા મુંડેએ કહ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, ''નાશિકમાં ગિરાસે નામક ડોક્ટરો છે. તેમણે કહ્યું હતું કે તેઓ ગોપીનાથ મુંડેને ખૂબ પ્રેમ કરે છે. તેમણે મને કહ્યું હતું કે જો તમે ગોપીનાથ મુંડેને પ્રેમ કરતા લોકોની સંખ્યા ગણશો તો એક પાર્ટી બની જશે'' તેમના નિવેદનનો જવાબ આપતાં મેં કહ્યું, હા, પાર્ટી બની ગઈ છે. હવે, જે લોકો તેમને (ગોપીનાથ મુંડે) પ્રેમ કરે છે તેઓ પણ આ પક્ષ (ભાજપ) સાથે જોડાયેલા છે. હવે, જો તમે તે નિવેદનનું તમારી ઇચ્છા મુજબ અર્થઘટન કરવાનો પ્રયાસ કરો છો, તો તેનો કોઈ અર્થ રહેશે નહીં. પંકજા મુંડેએ કહ્યું હતું કે, ''આ બધા લોકો જે ગોપીનાથ મુંડેને પ્રેમ કરે છે અને બદલામાં મને પ્રેમ કરે છે તેઓ ગોપીનાથ મુંડેની પુત્રી તરીકે મારી સાથે જોડાયેલા છે. લોકો ગુણોના વારસાને સ્વીકારે છે. તેઓ ગુણોને પ્રેમ કરે છે. પણ ગોપીનાથ મુંડેને પ્રેમ કરનારાઓનો પક્ષ ઊભો છે.'' ■



# યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાની 'ગંદી બાત'નો વિવાદ

## સમય રાઈનાના શોમાં માતા-પિતાના 'સંબંધો' વિશે બેફામ બીભત્સ બોલ્યોઃ ગુવાહાટીમાં કેસ નોંધાયોઃ મુંબઈમાં તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ લોકપ્રિય યુટ્યૂબર સમય રાઈનાના 'ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટ' શો પર કથિત પણે બીભત્સ, અયોગ્ય અને અસંવેદનશીલ તેમ જ વિવાદાસ્પદ જોક્સ અને ટિપ્પણી કરવા બદલ ટીકાકારોના સરસંધાનનો સામનો કરી રહેલા બીયરબાયસેપ્સ ચૅનલના યુટ્યૂબર અને પોડકાસ્ટર રણવીર અલાહાબાદિયા સામે પગલાં લેવાની ફરિયાદ કરવામાં આવી છે. વડીલોને ઉદ્દેશીને કરેલી બીભત્સ ટિપ્પણીને પગલે વિવાદ વકરતાં પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી તો કૉંગ્રેસના કાર્યકરે બાન્દ્રા કોર્ટમાં ફરિયાદ કરી હતી. ઝોન-૯ના ડીસીપી દીક્ષિત ગેદામે જણાવ્યું હતું કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ખાર પોલીસની એક ટીમ સોમવારની બપોરે તપાસ માટે ખારની એક ઈમારતમાં પહોંચી હતી, જ્યાં આ શોનું શૂટિંગ કરવામાં આવ્યું હતું. જોકે ગુવાહાટીમાં આ એપિસોડના અલાહાબાદિયા અને રાઇના સહિતના છએછ જજ સામે કેસ નોંધાયો હતો.

યુવાનોમાં ખાસ્સા લોકપ્રિય બનેલા શો ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્સમાં તાજેતરમાં પોડકાસ્ટર અને યુટ્યૂબર રણવીર અલાહાબાદિયા ગેસ્ટ તરીકે હાજર રહ્યો હતો. શોમાં સ્પર્ધક સાથેની વાતચીત દરમિયાન તેણે વડીલો અને સેક્સ સંબંધી બીભત્સ ટિપ્પણી કરી હતી, જેને પગલે અલાહાબાદિયા સોશિયલ મીડિયા પર ઘણો ટ્રોલ થયો હતો. અલાહાબાદિયાને ગયા વર્ષે નવી દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે નૅશનલ ક્રિયેટર્સ અવૉર્ડ અપાયો હતો. ભૂતકાળમાં તેના પોડકાસ્ટે ડિજિટલ ઈન્ડિયા કૉર્પોરેશન સાથે ભાગીદારીમાં કેટલાક કેબિનેટ પ્રધાનોના ઈન્ટરવ્યૂ પણ કર્યા હતા. દરમિયાન અલાહાબાદિયાની કમેન્ટ્સનો મામલો ગરમાતાં ભાજપના પદાધિકારી નિલોત્પલ મૃણાલ પાંડેએ ખાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. ફરિયાદમાં રાઈના, અલાહાબાદિયા, યુટ્યૂબર આશિષ ચંચલાની સહિત અન્યો પર વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવા બદલ કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી હતી. લેખિત ફરિયાદ સાથે પેન ડ્રાઈવરમાં એક વીડિયો પણ પોલીસને સોંપવામાં આવ્યો હતો. શોમાં અશ્લીલ શબ્દપ્રયોગ કરતો હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ફરિયાદને ગંભીરતાથી લઈ પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. ■

### માફી માગવી પડી!

મુંબઈઃ યુટ્યૂબ ચૅનલના કૉમેડી શો દરમિયાન બીભત્સ કમેન્ટ્સ કરવાને કારણે વિવાદ વકરતાં પ્રસિદ્ધ યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાએ સોશિયલ મીડિયાના માધ્યમથી માફી માગવી પડી હતી. તેણે વડીલોને ઉદ્દેશીને કરેલી ટિપ્પણીના વિવાદાસ્પદ ભાગને વીડિયોમાંથી હટાવી દેવાની વિનંતી પણ શોના મેકર્સને કરી હતી.

અલાહાબાદિયાએ એક્સ પર એક વીડિયો પોસ્ટ કરીને જણાવ્યું હતું કે મેં જે કહ્યું એ મારે નહોતું કહેવું જોઈતું. મને ખેદ છે. મારી કમેન્ટ અયોગ્ય હતી અને ફની પણ નહોતી. કૉમેડી મારો ગઢ નથી. હું અહીં માત્ર સૉરી કહેવા આવ્યો છું.

તેણે કહ્યું કે જે કંઈ પણ થયું તે અંગે હું કોઈ ખુલાસો નથી કરવા માગતો. હું અહીં માત્ર માફી માગવા આવ્યો છું. સ્વયં નિર્ણય લેવામાં મારી ભૂલ થઈ ગઈ. મારી તરફથી આ યોગ્ય નહોતું થયું. પોડકાસ્ટને દરેક વયના લોકો જુએ છે. હું એવી વ્યક્તિ બનવા નથી માગતો, જે પોતાની જવાબદારી પ્રત્યે સભાન ન હોય અને પરિવારને હું હંમેશાં આદર આપીશ.

યુટ્યૂબરે માફી તો માગી, પણ સાથોસાથ ભવિષ્યમાં આવી કોઈ ટિપ્પણી ન કરવાની ખાતરી પણ આપી હતી. તેણે કહ્યું હતું કે મેં વીડિયો મેકર્સને વીડિયોમાંથી અસંવેદનશીલ ભાગ કાઢી નાખવાની વિનંતી કરી છે. છેલ્લે હું એટલું જ કહીશ કે જે થયું તેનું મને દુઃખ છે. મને આશા છે કે માનવતાના ધોરણે તમે મને માફ કરી દેશો.

### કડકમાં કડક કાર્યવાહીઃ ફડણવીસ

મુંબઈઃ ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટ શોમાં યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાના નિવેદન પછી વિરોધનો વંટોળ ઊભો થયો હતો. વડીલોને ઉદ્દેશીને કરેલી ટિપ્પણી બદલ નારાજગી વ્યક્ત કરી રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સંબંધિતો વિરુદ્ધ કડક કાર્યવાહીનો આદેશ આપ્યો હતો.

ફડણવીસે કહ્યું હતું કે મને આ વિવાદની માહિતી મળી છે. મેં હજુ એ વીડિયો જોયો નથી, પરંતુ મને જાણવા મળ્યું છે કે શોમાં અશ્લીલ શબ્દોનો ઉપયોગ થાય છે, જે અયોગ્ય છે. અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય બધાને છે, પણ જ્યારે આપણે બીજાની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કરીએ છીએ ત્યારે આપણી સ્વતંત્રતાનો અંત આવે છે. આ યોગ્ય નથી. દરેકને મર્યાદા હોય છે, અશ્લીલતા માટે અમે નિયમ બનાવ્યા છે. જો કોઈ મર્યાદા ઓળંગે અથવા નિયમ તોડે તો તેની સામે પગલાં લેવામાં આવશે. ■



**આધુનિક ભારતના શિલ્પીનું સન્માનઃ** સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટ્સમાં પ્રકાશ સોનાવણેએ બનાવેલા નામદાર જગન્નાથ (નાના) શંકરસેટના ભવ્ય તૈલચિત્રનું ગઈ કાલે અનાવરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિરૂપે ડૉ. સંતોષ ક્ષીરસાગર, શશિકાંત કાકડે, સુરેન્દ્ર શંકરસેટ, પ્રતિષ્ઠાનના સલાહકાર તથા ઉદ્યોગપતિ પ્રકાશ ચીખલીકર, ડૉ. ગજાનન રત્નપારખી, વિજય બુહડિ, દિનકર બાયકેરીકર, મનમોહન ચોણકર અને ચંદ્રશેખર દાભોળકર હાજર રહ્યા હતા. (અમય ખરાડે)

# સરકાર સાથેની બેઠક પછી ગણેશમંડળો ઠંડાં પડ્યાં

## વિસર્જન આજે કૃત્રિમ તળાવમાં જ થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માઘી ગણેશચતુર્થી દરમિયાન કાંદિવલીના ચારકોપના ગણેશમંડળોની પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિને માર્વેમાં વિસર્જન કરતા રોકવામાં આવ્યા બાદ આખો મુદ્દો ગઈકાલે રાજ્ય સરકાર પાસે પહોંચી ગયો હતો. પીઓપીની બનેલી ગણેશમૂર્તિનું વિસર્જન કુદરતી વિસર્જન સ્થળે કરવા માગતા ગણેશમંડળોને રાજ્ય સરકારે મચક નહીં આપતા હવે તેમનો સૂર બદલાઈ ગયો છે અને હવે આજે માઘીગણેશના અગિયારમાં દિવસના ગણપતિનું વિસર્જન મુંબઈના જુદા જુદા સ્થળે બનાવવામાં આવેલા કૃત્રિમ વિસર્જન સ્થળે કરવા સિવાય મંડળો પાસે કોઈ છૂટકો રહ્યો નથી. એ સાથે જ સાત દિવસના ગણપતિની મૂર્તિનું અત્યાર સુધી વિસર્જન થઈ શક્યું નહોતું, તે મૂર્તિના વિસર્જન પણ હવે કૃત્રિમ વિસર્જન સ્થળ પર જ આજે કરવામાં આવવાના છે.

માઘી ગણેશોત્સવ દરમિયાન પ્લાસ્ટર ઓફ પેરિસની ગણેશમૂર્તિના વિસર્જનમાં લઈને ધમાસણ મચી ગયું હતું. ચારકોપની પીઓપીની મૂર્તિનું વિસર્જન માર્વેમાં પાલિકાએ કરવા દીધું નહોતું.

ગણેશમૂર્તિકાર સંઘટનના અધ્યક્ષ પ્રશાંત દેસાઈએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે પીઓપીની મૂર્તિનો મુદ્દે કોર્ટના આદેશનું પાલન કરવા સિવાય કોઈ છૂટકો નથી. અમે રાજ્ય સરકાર સાથે સતત બે દિવસ બેઠક કરી હતી. મંડળો કૃત્રિમ તળાવમાં ગણેશમૂર્તિનું વિસર્જન કરવા માટે તૈયાર છે. મંગળવારે અગિયારમાં દિવસે ગણેશમૂર્તિના વિસર્જન કરવા માટે મંડળો તૈયાર છે. અમે કોર્ટના આદેશને માન આપીએ છીએ એ રાજ્ય સરકાર સાથે ચર્ચા કર્યા બાદ કૃત્રિમ તળાવમાં મૂર્તિના વિસર્જન કરવા માટે મંડળોએ હામી ભરી છે. ગણપતિની મૂર્તિને વિસર્જન કરતા પોલીસ દ્વારા અમને રોકવામાં આવ્યા હતા, તેની સામે જ અમારી ફરિયાદ હતી. હાઈકોર્ટના આદેશને પગલે રાજ્ય સરકાર સાથે કોઈ સમાધાન થયું ન હોવાથી મંગળવારે હવે માઘી ગણેશજયંતિ નિમિત્તે સ્થાપવામાં આવેલી ઉપનગરમાં મલાડ, કાંદિવલી સહિત ઉપનગરમાં બાવીસ મંડળોની પીઓપીની ગણેશમૂર્તિઓનું વિસર્જન હવે મંગળવારે કૃત્રિમ તળાવોમાં કરવામાં આવે એવી શક્યતા છે. આ મંડળોએ સાત દિવસના ગણપતિ લીધા હતા.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે માઘી ગણેશ ઉત્સવની મંજૂરી ફક્ત પીઓપીની મૂર્તિઓ પર પ્રતિબંધ મૂકવાની બાંયધરી મેળવ્યા બાદ જ આપવામાં આવી છે. છ જાન્યુઆરીના રોજ જાહેર કરાયેલા પરિપત્રમાં અમે ચોખ્ખા શબ્દોમાં પીઓપીની મૂર્તિના વિસર્જનને મંજૂરી આપશું નહીં એવું લખ્યું હતું. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ના બોમ્બે હાઈ કોર્ટના વચગાળાના આદેશ મુજબ કુદરતી જળાશયોમાં પીઓપીની મૂર્તિઓના વિસર્જન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને તેને લાગુ કરવાની જવાબદારી પાલિકાની અને કલેક્ટરની છે. તેથી કોર્ટના આદેશ બાદ મૂર્તિના વિસર્જન માટે કૃત્રિમ વિસર્જન તળાવ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ■

# આજથી બારમાની પરીક્ષાઃ કોપી રોકવા ૨૭૧ ફ્લાઈંગ સ્કવૉડ



**તૈયારી જોરમાંઃ** ગામદેવીમાં આવેલી સ્કૂલમાં બારમા ધોરણના વિદ્યાર્થીઓના સીટ નંબર ચોંટાડી રહેલો શાળાનો કર્મચારી. (અમય ખરાડે)

મુંબઈઃ આજથી શરૂ થતી બારમા ધોરણની પરીક્ષાઓ ૧૮ માર્ચ, ૨૦૧૫ સુધી ચાલશે. આ વર્ષે કુલ ૧૫ લાખ ૫ હજાર ૩૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નોંધણી કરાવી છે, જેમાંથી ૮ લાખ ૧૦ હજાર ૩૪૮ છોકરાઓ અને ૬ લાખ ૯૪ હજાર ૬૫૨ છોકરીઓ છે. આ વર્ષે, ૩૭ ટ્રાન્સજેન્ડર નાગરિકો પણ પરીક્ષા આપવાના છે. રાજ્યમાં કુલ ૧૦,૫૫૦ જુનિયર કોલેજના વિદ્યાર્થીઓએ આ પરીક્ષા માટે નોંધણી કરાવી છે અને આ માટે ૩,૩૭૩ મુખ્ય કેન્દ્રો પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. પરીક્ષા દરમિયાન સંભવિત ગેરરીતિઓને રોકવા માટે, બોર્ડ દ્વારા રાજ્યભરમાં ૨૭૧ ફ્લાઇંગ સ્કવોડ તહેનાત કરવામાં આવી છે.

વિજ્ઞાનમાં ૬૮,૯૬૭ વિદ્યાર્થીઓ, આર્ટમાં ૩,૮૦,૪૧૦ વિદ્યાર્થીઓ, કોમર્સમાં ૩૧૯,૪૩૯ વિદ્યાર્થીઓ અને લઘુત્તમ કૌશલ્ય-આધારિત અભ્યાસક્રમોમાં ૩૧,૭૩૫ વિદ્યાર્થીઓ છે. આ વર્ષે ટેકનિકલ સાયન્સના ૪,૪૮૬ સહિત કુલ ૧૫ લાખ ૫ હજાર ૩૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ પરીક્ષા પુણે, નાગપુર, સંભાજીનગર, મુંબઈ, કોલ્હાપુર, અમરાવતી, નાસિક, લાતુર, કોંકણ એમ નવ ઝોનલ બોર્ડમાં લેવામાં આવશે. ગયા વર્ષે, ફેબ્રુઆરી-માર્ચની પરીક્ષામાં, નિર્ધારિત સમય કરતાં દસ મિનિટ વધુ લંબાવવામાં આવ્યો હતો. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આગામી વર્ષથી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓમાં ગેરરીતિઓમાં સંડોવાયેલા કોઈ પણ પરીક્ષા કેન્દ્રની પરીક્ષા કેન્દ્ર માન્યતા કાયમી ધોરણે રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. ■

# અપહરણ-બળાત્કારના આરોપીને નિર્દોષ છોડાયો

## તરુણી આરોપી સાથે નાસી અને બળાત્કારનો ભોગ બની ત્યારે પોતાના કૃત્યનાં પરિણામ સમજવા જેટલી ઉંમરલાયક હતીઃ કોર્ટ

થાણેઃ મહારાષ્ટ્રના થાણેની એક ખાસ કોર્ટે ૧૭ વર્ષની તરુણીના અપહરણ અને બળાત્કારના આરોપીને નિર્દોષ જાહેર કર્યો અને નોંધ્યું છે કે તરુણી સ્વેચ્છાએ ભાગી ગઈ હતી અને તેના કૃત્યનાં પરિણામો સમજવા માટે તે પૂરતી ઉંમરલાયક હતી.

ખાસ ન્યાયાધીશ ડી.એસ. દેશમુખે ચુકાદો આપ્યો કે ફરિયાદ પક્ષ કથિત આરોપીઓ સામેના આરોપો સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે. આઇપીસી અને પોસ્કોની સંબંધિત જોગવાઈઓ હેઠળ આ વ્યક્તિને આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

ખાસ સરકારી વકીલે કોર્ટને માહિતી આપી કે ૬ જુલાઈ, ૨૦૨૩ ના રોજ છોકરી ઘરેથી ગુમ થયા બાદ તેની માતાએ ફરિયાદ નોંધાવી હતી. છોકરીએ ૧૩ જુલાઈના રોજ તેની માતાનો સંપર્ક કરીને કહ્યું કે તે ઘરે પરત ફરવા માગે છે પરંતુ, આરોપી તેને રોકી રહ્યો હતો. પોલીસે જણાવ્યું કે ત્યારબાદ તરુણી અને કથિત આરોપી બંનેને સાંગલીથી કલવા લવાયા હતા.

ફરિયાદ પક્ષના જણાવ્યા મુજબ, તરુણીના નિવેદનમાં જાણવા મળ્યું છે કે તેણે આરોપીને પૈસા મોકલ્યા હતા, જે તેનો પાડોશી હતો, અને પછી યુવકે છોકરીને ઘર છોડી દેવા માટે સમજાવી અને તેને સાંગલી લઈ ગયો, જ્યાં તેણે તેની ઇચ્છા વિરુદ્ધ વારંવાર તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

તે યુવકની ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તે જામીન પર છે. છોકરીએ ૧૮ વર્ષની થયા પછી તેની સાથે લગ્ન કર્યા. ન્યાયાધીશે પોતાના આદેશમાં નોંધ્યું હતું કે તરુણીએ તેની ઊલટતપાસમાં આરોપી સાથે સ્વેચ્છાએ ઘર છોડવાની કબૂલાત કરી હતી અને કહ્યું હતું કે તેને આરોપી સામે કોઈ ફરિયાદ નથી. આ ઉપરાંત કોર્ટે નોંધ્યું કે, ભાગી જવાના સમયે તરુણી ૧૭ વર્ષ અને ૯ મહિનાની હતી અને તેનાં કૃત્યોનાં પરિણામો સમજવા માટે પૂરતી ઉંમરલાયક હતી, જેના કારણે તેની જુબાની બચાવ પક્ષ માટે વધુ અનુકૂળ બની હતી. ■

# ભૂતપૂર્વ પ્રધાનનો 'કિડનેપ' કરાયેલો પુત્ર બૅન્ગકૉક દોસ્તો સાથે ફરવા ગયેલો

પુણેઃ રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન તાનાજી સાવંતના પુત્ર રિશીરાજ સાવંતનો પુણે ઍરપોર્ટ પહોંચ્યા પછી સંપર્ક ન થઈ શકતાં પોલીસની દોડધામ વધી ગઈ હતી. રિશીરાજનું ઍરપોર્ટથી અપહરણ કરવામાં આવ્યાના નનામા કૉલ પછી પોલીસ તેની તપાસમાં લાગી હતી તો ખુદ તાનાજી સાવંત કહે છે કે રિશીરાજ મિત્રો સાથે ફરવા ગયો છે. જોકે પ્રધાન પાસે પણ તેમનો પુત્ર ક્યાં ગયો અને કોની સાથે ગયો તેની કોઈ વિગતો ન હોવાથી આ મુદ્દે વિવિધ ચર્ચાએ જોર પકડ્યું હતું. અલબત્ત મોડી રાતે તેની સાથે સંપર્ક થયો હતો અને એ પોતાના બે મિત્રો સાથે બૅન્ગકૉક ફરવા ગયો હોવાની ખબર પડી હતી.

મળતી માહિતી અનુસાર સોમવારની સાંજે પોલીસ કન્ટ્રોલ રૂમને અજાણ્યા શખસે કૉલ કરી પુણે ઍરપોર્ટથી ૩૨ વર્ષના રિશીરાજ સાવંતનું અપહરણ કરવામાં આવ્યું હોવાની માહિતી આપી હતી. સ્વિફ્ટ કારમાં આવેલા ચાર જણે રિશીરાજનું અપહરણ કર્યાના અહેવાલ ફેલાવા લાગ્યા હતા.

દરમિયાન રિશીરાજનો સંપર્ક ન થતાં શિવસેનાના નેતા તાનાજી સાવંતનો પણ જીવ અધ્ધર થઈ ગયો હતો. રિશીરાજ તેની હંમેશની કારમાં ન ગયો હોવાનું જાણવા મળતાં પોલીસ તપાસમાં લાગી હતી. જોઈન્ટ પોલીસ કમિશનર રંજન કુમાર શર્માએ જણાવ્યું હતું કે રિશીરાજ સાવંત પુણેના લોહગાંવ વિસ્તારમાંથી ફ્લાઈટમાં ગયો હોવાની માહિતી અમને મળી છે.

દરમિયાન આ પ્રકરણે સિંહગડ પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલાની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. પોલીસ કમિશનર ઑફિસમાં આ પ્રકરણે અધિકારી પત્રકારોને માહિતી આપી રહ્યા હતા ત્યારે તાનાજી સાવંત ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે કહ્યું હતું કે રિશીરાજ ગુમ થયો નથી કે તેનું અપહરણ પણ થયું નથી. તે મિત્રો સાથે ગયો છે. રિશીરાજ ક્યારેય બહાર જાય તો પરિવારજનો અથવા તેના મોટા ભાઈને જાણ કરીને જતો હતો. આજે તે કોઈનેય કહ્યા વિના ગયો છે. પોતાની કાર છોડીને તે બીજી કારમાં ગયો છે એટલે અમને ચિંતા થઈ હતી. અત્યારે જ ડ્રાઈવરે અમને કહ્યું કે તે પુણે ઍરપોર્ટથી ચાર્ટર્ડ ફ્લાઈટમાં ગયો છે, એવું સાવંતે કહ્યું હતું. ■

# પતિની હત્યા કરી શબને ચાદરમાં વીંટી સ્કૂટર પર ઠેકાણે પાડવા લઈ ગઈ પત્ની

## મલાડની ઘટનાઃ બૉયફ્રેન્ડની મદદથી પતિનું ગળું ચીરી નાખ્યું

મુંબઈઃ દારૂ પીને મારપીટ કરનારા પતિની ગળું ચીરીને કથિત હત્યા કર્યા બાદ પત્નીએ બૉયફ્રેન્ડની મદદથી મૃતદેહ ઠેકાણે પાડ્યો હોવાની ઘટના મલાડમાં બની હતી. મૃતદેહને ચાદરમાં વીંટી બૉયફ્રેન્ડ સાથે સ્કૂટર પર લઈ જનારી પત્ની સીસીટીવી કૅમેરામાં ઝડપાઈ હતી, જેને પગલે ચાર કલાકમાં જ પોલીસે ગુનો ઉકેલી બન્નેની ધરપકડ કરી હતી. માલવણી પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ પૂજા ચૌહાણ (૩૦) અને ઈમરાન મોહમ્મદ રિઝવાન તરીકે થઈ હતી. હત્યાના આરોપસર બન્નેની ધરપકડ કરાઈ હોવાનું વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ માલવણીના સોહમ કમ્પાઉન્ડ નજીક નિર્જન સ્થળે શખસનો મૃતદેહ પડ્યો હોવાની માહિતી રવિવારની વહેલી સવારે પોલીસ કન્ટ્રોલ રૂમને મળી હતી. માહિતીને આધારે માલવણી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ગળું ચીરી શખસની હત્યા કરવામાં આવી હોવાનું જણાતાં પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી.

કેસની તપાસ માટે પોલીસ અધિકારીઓની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. એક ટીમ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી હતી. એક કૅમેરામાં સ્કૂટર પર સવાર મહિલા અને યુવાન મૃતદેહ ઘટનાસ્થળે લઈ જતાં નજરે પડ્યાં હતાં. પોલીસે સંબંધિત દિશામાંના વધુ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસતાં બન્ને જણ ગામદેવી મંદિર પરિસર તરફથી આવ્યા હોવાનું જણાયું હતું. એ વિસ્તારમાં તપાસ કરતાં મૃતકની ઓળખ રાજેશ ચૌહાણ (૩૦) તરીકે થઈ હતી.

પોલીસ માલવણી ગેટ નંબર-૬ સ્થિત રાજેશના ઘરે પહોંચી ત્યારે લોહીના ડાઘ જોવા મળ્યા હતા. પોલીસે રાજેશની પત્નીને તાબામાં લઈ પૂછપરછ કરતાં શરૂઆતમાં તેણે ઉડાઉ જવાબ આપ્યા હતા, પરંતુ પછી ગુનાની કબૂલાત કરી હોવાનો દાવો પોલીસે કર્યો હતો. ■

# આનંદોઃ મહારાષ્ટ્રને એક નહીં, બે વંદે ભારત સ્લીપર ટ્રેનની ભેટ મળી શકે છે

મુંબઈઃ મહારાષ્ટ્રને ટૂંક સમયમાં બે નવી વંદે ભારત સ્લીપર ટ્રેન મળે એવી શક્યતા છે. નાગપુરથી પુણે અને મુંબઈને જોડતી 'સેમી-હાઈ-સ્પીડ' સુપરફાસ્ટ ટ્રેન શરૂ થઈ શકે છે. આ ટ્રેનો મહારાષ્ટ્રમાં રેલ યાત્રામાં મોટો ફેરફાર લાવશે. મધ્ય રેલવેના નાગપુર બોર્ડે રેલવે બોર્ડને પ્રસ્તાવ મોકલ્યો છે. રેલવે બોર્ડ હાલમાં પ્રસ્તાવનું મૂલ્યાંકન કરી રહ્યું છે અને તેનો ઉદ્દેશ્ય મુસાફરો માટે સુવિધા વધારવા અને આ વધુ ડિમાન્ડવાળા કોરિડોરમાં કનેક્ટિવિટી સુધારવાનો છે.

હાલમાં, મેલ ટ્રેન મારફત મુંબઈથી નાગપુર અને નાગપુરથી મુંબઈ અવરજવર કરવામાં લગભગ ૧૬ કલાકનો સમય લાગે છે, જ્યારે સુપરફાસ્ટ ટ્રેન બારથી ૧૩ કલાક આ અંતર પૂરું કરે છે. જોકે, દુરંતો એક્સપ્રેસ થોડો ઓછો સમય લે છે, તે આશરે ૧૨ કલાક લે છે, પરંતુ વંદે ભારત સ્લીપર ટ્રેન મારફત લગભગ દસ કલાકનો સમય લઈ શકે છે. વંદે ભારતથી નાગપુર-પુણેની મુસાફરીનો સમય ઘટીને માત્ર ત્રણ કલાક થઈ શકે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# ઈન્સ્ટાગ્રામ પૉસ્ટને લઇ થયેલા વિવાદમાં સગીરની હત્યાઃ એકની ધરપકડ

વર્ધાઃ વર્ધા જિલ્લામાં ઇન્સ્ટાગ્રામ પૉસ્ટને લઇ થયેલા વિવાદમાં ૧૭ વર્ષના સગીરની હત્યા કરવા બદલ ૨૧ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર હિંગણઘાટ વિસ્તારના પિંપલગાવ ગામમાં શનિવારે આ ઘટના બની હતી.

મહિના અગાઉ સગીર હિમાંશુ ચિમણે અને આરોપી માનવ જુમનાકે (૨૧)એ ઇન્સ્ટાગ્રામ પર વાર્તા પોસ્ટ કરી હતી અને સોશિયલ મીડિયા યુઝર્સ પાસેથી મત માગવામાં આવ્યા હતા, એમ હિંગણઘાટ પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું.

સગીરને આરોપી માનવ કરતાં વધુ મત મળ્યા હતા, જેને કારણે બંને વચ્ચે વિવાદ થયો હતો. આ મુદ્દે વાતચીત કરવા માટે સગીર અને આરોપી શનિવારે મળ્યા હતા.

એ સમયે તેમની વચ્ચે બોલાચાલી થઇ હતી, જે ઉગ્ર બનતાં આરોપીએ તેના મિત્ર સાથે મળીને સગીર પર છરીથી હુમલો કર્યો હતો, જેમાં તેનું મૃત્યુ થયું હતું. સગીરના મૃતદેહને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી હતી. (પીટીઆઇ) ■

# કાયદાના વિદ્યાર્થીઓના ગુનાઇત ભૂતકાળની જાણકારી માગવી ગેરકાયદે નથીઃ હાઈકોર્ટ

મુંબઈઃ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (બીસીઆઇ) દ્વારા જારી કરવામાં આવેલા એક પરિપત્રમાં કાયદાના વિદ્યાર્થીઓ પાસેથી તેમના ગુનાઇત ભૂતકાળ હોય તો તે એની જાણકારીની માગણી કરતા પરિપત્રમાં કશું જ ગેરકાયદે નથી એમ બોમ્બે હાઇ કોર્ટે સોમવારે જણાવ્યું હતું.

મુખ્ય ન્યાયમૂર્તિ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ ભારતી ડાંગરેની ખંડપીઠે સપ્ટેમ્બર ૨૦૨૪ માં બીસીઆઈના પરિપત્રને પડકારતી અશોક યેંડે દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ) દાખલ કરવાનો ઇનકાર કર્યો હતો. શરતોનું પાલન કરશે એમ એમાં જણાવવામાં આવ્યું હતું. બીસીઆઈએ તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને જારી કરેલા પરિપત્રમાં ગુનાઇત ભૂતકાળ તપાસનો અમલ, એકથી વધુ ડિગ્રી અને / અથવા નિયમિત શૈક્ષણિક અભ્યાસક્રમ, રોજગારની સ્થિતિ, હાજરી પાલન અને બાયોમેટ્રિક હાજરી તેમજ કાનૂની શિક્ષણ વ્યવસ્થામાં સીસીટીવી કેમેરા બેસાડવાની માગ કરી હતી. (પીટીઆઈ) ■

# આપણો સંબંધ ચૂંટણી પૂરતો નહીં પણ કાયમી એવું પીએમે મને કહ્યું : શિંદે

થાણેઃ મહારાષ્ટ્રમાં કે દેશમાં ગમે ત્યાં જાઉં, કિસન નગર આવ્યા પછી મને જે આનંદ થાય છે તે ઘરે હોવા જેવો છે. તમારા પરિવાર સાથે જન્મદિવસની ઉજવણી કરવી એ એક ખાસ આનંદ છે. તમે એકનાથ શિંદેને બાળપણથી જોયા છે, હું શાખા પ્રમુખ, કોર્પોરેટર, ધારાસભ્ય, પ્રધાન, વિરોધ પક્ષના નેતા અને આ રાજ્યનો મુખ્યપ્રધાન બન્યો. તેથી, મારી સફળતામાં કિસન નગર અને થાણેકરનો મોટો ફાળો છે, એમ રાજ્યના નાયબ મુખ્યપ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદે તેમના ગઢમાં જઇ કાર્યકરોને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું કે આ પ્રસંગે, તેમના જન્મદિવસ નિમિત્તે તેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહપ્રધાન અમિત શાહ અને રાજ્યપાલના ફોન પણ આવ્યા હતા. મોદીજી તેમને મરાઠીમાં શુભેચ્છા પાઠવી. તેમણે મુખ્યપ્રધાન કે નાયબ મુખ્યપ્રધાન તરીકે નહીં, પણ એકનાથ શિંદેને યાદ કરીને મને ફોન કર્યો. હું તમારી સાથે છું... આ સંબંધ ચૂંટણી માટે પૂરતો નથી, તે કાયમી છે, થાણેના કિસન નગરમાં તેમના ગઢથી એકનાથ શિંદેએ કહ્યું. એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધતા કહ્યું કે, ચૂંટણીમાં સારી સફળતા મળી, અમે વિધાનસભામાં ૮૦ બેઠકો માંથી ૬૦ બેઠકો જીતી. શિવસેનાએ ૯૭ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ફક્ત ૨૦ બેઠકો જીતી હતી. હું બીજાઓનું ખરાબ બોલવા માંગતો નથી. શિંદેએ એમ પણ કહ્યું કે મેં આરોપનો જવાબ કામ દ્વારા આપ્યો, તેથી જનતાએ મને ટેકો આપ્યો. ■


શ્રદ્ધાંજલિ



**શ્રી રશ્મીકાંત જે. કોટવાલા**

(૨૧ ઑક્ટોબર ૧૯૪૧-૮ ફેબ્રુઆરી ૨૦૨૫)
શનિવાર, ૮મી ફેબ્રુઆરી ૨૦૨૫, ના રોજ તેઓ શ્રીજીચરણ પામ્યા છે.
પત્નીઃ શ્રીમતી ભારતી કોટવાલા
હેમેશ કોટવાલા (પુત્ર), શ્રીતિ-રાજીવ વિરાણી (દીકરી-જમાઈ) અને સુહાની-વિવેક મેન્ડોંસા (દીકરી-જમાઈ), પ્રણવ (પૌત્ર), જય (પૌત્ર), ક્રિશ (પૌત્ર) અને ચૈતાલી (પૌત્રી)
શોકસભા-
તારીખઃ ગુરુવાર, ૧૩મી ફેબ્રુઆરી ૨૦૨૫
સ્થળઃ મલ્ટીપર્પઝ હોલ, ઓબેરોઈ એક્સક્વિઝીટ, ઓબેરોઈ ગાર્ડન સિટી, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ ૪૦૦૦૬૩
સમયઃ બપોરે ૩:૦૦ ૫:૦૦
ભગવાન તેમના આત્માને શાંતિ આપે.
(શોકસંદેશ માટે ઘેર મુલાકાત ન કરવા વિનંતી).

# મોટી ઉંમરની ઐસીતૈસી...રોહિતે રવિવારે નવા વર્લ્ડ રેકૉર્ડ સાથે એ સાબિત કરી દીધું

## આટલી સેન્ચુરી ૩૦ વર્ષની વય પાર કર્યા પછી ફટકારી એટલે બની ગયો વિશ્વ વિક્રમ, ગાંગુલીને પાછળ રાખી દીધો

કટક: ક્રિકેટમાં સામાન્ય રીતે ખેલાડી ૩૦ વર્ષનો થાય ત્યાર બાદ તેનો પર્ફોર્મન્સ મંદ પડી જતું હોય છે અને મૅચ-વિનિંગ ઇનિંગ્સ રમવાની તેની ક્ષમતા ઓછી થઈ જતી હોય છે, પરંતુ રોહિત શર્માના કિસ્સામાં ઊલટું બની રહ્યું છે. તે છેલ્લાં થોડા મહિના દરમ્યાન બૅટિંગમાં ફ્લૉપ હતો, પરંતુ કમબૅકમાં મોટા ભાગે તે એવી ધાંસૂ ઇનિંગ્સ રમી લેતો હોય છે કે ટીકાકારોની બોલતી જ બંધ થઈ જતી હોય છે અને આ વખતે પણ એવું જ બન્યું. રવિવારની તેની સેન્ચુરી ૩૦ વર્ષની ઉંમર પાર કર્યા પછીની બાવીસમી સેન્ચુરી હતી જે નવો વિશ્વવિક્રમ છે.

વાત એવી છે કે એપ્રિલમાં ૩૮ વર્ષના થનારા રોહિતે ૩૦ વર્ષની ઉંમર પાર કરી ત્યાર બાદ વન-ડેમાં કુલ બાવીસ સદી ફટકારી છે. તેણે વન-ડે ક્રિકેટની આ રેકૉર્ડ-બુકમાં શ્રીલંકાના તિલકરત્ને દિલશાન (૨૧ સદી) અને સનથ જયસૂર્યા (૨૧ સદી)ને પાછળ પાડી દીધા છે. રવિવાર પહેલાં દિલશાન અને જયસૂર્યા ૩૦ વર્ષની ઉંમર વટાવ્યા બાદ સૌથી વધુ ૨૧-૨૧ વન-ડે સદી ફટકારનાર ખેલાડી હતા. સ્વાભાવિક છે કે રોહિત પણ ૨૧ સદી સાથે તેમની બરાબરીમાં જ હતો, પરંતુ રવિવારે સ્થિતિ સાવ બદલાઈ ગઈ અને રોહિત આ વિક્રમમાં સૌથી આગળ થઈ ગયો અને દિલશાન-જયસૂર્યા બીજા નંબરે ધકેલાઈ ગયા. આ લિસ્ટમાં રોહિતે સચિન તેન્ડુલકરને પણ પાછળ પાડી દીધો છે.

આ યાદીમાં કુમાર સંગકારા ૧૯ સદી સાથે ત્રીજા સ્થાને, હાશિમ અમલા ૧૬ સદી સાથે ચોથા ક્રમે અને રિકી પૉન્ટિંગ ૧૫ સદી સાથે પાંચમા નંબરે છે.

રોહિત હવે બુધવારે અમદાવાદમાં ઇંગ્લૅન્ડ સામેની સિરીઝની છેલ્લી વન-ડે રમ્યા બાદ વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમશે એટલે એમાં વધુ એકાદ-બે સેન્ચુરી ફટકારીને વિવેચકોને ઇશારામાં સમજાવી દેશે કે તેની તત્કાળ નિવૃત્તિની રાહ જોઈ રહ્યા છો તો એવું વિચારવાનું હવે બંધ કરી દેજો.

### રોહિતની બીજી કેટલીક મોટી સિદ્ધિઓ



(૧) ભારતીય કૅપ્ટન તરીકે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મૅચમાં ટીમ ઇન્ડિયાને વિજય અપાવનારાઓમાં રોહિત શર્માએ સૌરવ ગાંગુલીને પાછળ રાખી દીધો છે. લિસ્ટ આ મુજબ છે: એમએસ ધોની (૧૭૯ મૅચમાં વિજય), વિરાટ કોહલી (૧૩૭ મૅચમાં વિજય), મોહમ્મદ અઝહરુદ્દીન (૧૦૪ મૅચમાં વિજય), રોહિત શર્મા (૯૮ મૅચમાં વિજય) અને સૌરવ ગાંગુલી (૯૭ મૅચમાં વિજય).

(૨) કૅપ્ટન તરીકે રોહિતની રવિવારે ૫૦મી વન-ડે હતી. એ ૫૦માંથી ૩૬ વન-ડેમાં ભારતે વિજય માણ્યો છે.

(૩) રોહિત શર્મા વન-ડેમાં સુકાન સંભાળતી વખતે સૌથી ઊંચો વિન-પર્સન્ટેજ નોંધાવનારા કૅપ્ટનોમાં માત્ર ક્લાઇવ લૉઇડથી પાછળ છે. ૫૦ કે વધુ વન-ડેમાં નેતૃત્વ સંભાળી ચૂકેલાઓમાં લોઇડની ૭૬.૧૯ની જીતની ટકાવારી સર્વશ્રેષ્ઠ છે, જ્યારે રોહિત ૭૨.૦૦ની ટકાવારી સાથે બીજા ક્રમે છે. રિકી પૉન્ટિંગ (૭૧.૭૩ની ટકાવારી) સાથે ત્રીજા નંબરે, હન્સી ક્રોન્યે (૭૧.૭૩) ચોથા નંબરે અને વિરાટ કોહલી (૬૮.૪૨) પાંચમા નંબરે છે.

(૪) વન-ડે ઇન્ટરનૅશનલ્સમાં ૩૦૦-પ્લસનો લક્ષ્યાંક ચેઝ કરતી વખતે સૌથી વધુ સેન્ચુરી ફટકારનારાઓમાં તે ઇંગ્લૅન્ડના જેસન રૉયની બરાબરીમાં થઈ ગયો છે. રૉયની જેમ રોહિતે પણ આવા પ્રકારના ચેઝમાં પાંચમી સદી ફટકારી છે. તેમનાથી માત્ર વિરાટ કોહલી (નવ સેન્ચુરી) સાથે આગળ છે.

(૫) વન-ડેમાં સૌથી વધુ સેન્ચુરી ફટકારનાર ભારતીયોમાં રોહિત ત્રીજા નંબરે છે: વિરાટ કોહલી (૫૦ સદી), સચિન તેન્ડુલકર (૪૯ સદી) અને રોહિત શર્મા (૩૨ સદી).

(૬) વન-ડે મૅચોમાં ટાર્ગેટ ચેઝ કરતી વખતે સૌથી વધુ રન બનાવનાર વિશ્વભરના ખેલાડીઓમાં સચિન (૮,૭૨૦ રન) નંબર-વન અને કોહલી (૭,૮૫૭ રન) નંબર-ટૂ છે.

(૭) વન-ડેમાં લક્ષ્યાંક ચેઝ કરવામાં સૌથી વધુ સેન્ચુરી ફટકારી ચૂકેલા વિશ્વભરના બૅટર્સમાં રોહિત ત્રીજા નંબરે છે. વિરાટ કોહલીની ૫૦માંથી ૨૭ સદી ટાર્ગેટ-ચેઝમાં નોંધાઈ છે, જ્યારે સચિનની ૪૯માંથી ૧૭ સદી લક્ષ્યાંક મેળવતી વખતે નોંધાઈ છે. રોહિતની ૩૨માંથી ૧૬ સેન્ચુરી ટીમ ઇન્ડિયાને ટાર્ગેટ ચેઝ કરવામાં ઉપયોગી બની છે.

(૮) ભારતના ૩૦૦-પ્લસના ૧૦ સફળ ચેઝમાં રોહિતનું કુલ ૭૮૭ રનનું યોગદાન રહ્યું છે. આ લિસ્ટમાં વિરાટ કોહલી (૧૧ મૅચમાં ૯૯૮ રન) મોખરે અને જેસન રૉય (૧૦ મૅચમાં ૮૮૬ રન) બીજા સ્થાને છે.

(૯) મર્યાદિત ઓવર્સમાં સ્ટ્રાઇક રેટ (દર ૧૦૦ બૉલ દીઠ બનાવેલા રન) ખૂબ અગત્યનો હોય છે. વન-ડેમાં કૅપ્ટન તરીકે રોહિતનો ૧૧૩.૦૮નો સ્ટ્રાઇક-રેટ છે જે વિશ્વભરમાં બીજા સ્થાને છે. ૫૦થી વધુ વન-ડેમાં સુકાન સંભાળ્યું હોય એવા કૅપ્ટનોમાં એકમાત્ર બ્રેન્ડન મૅક્લમ (૧૨૦.૧૧નો સ્ટ્રાઇક-રેટ) તેનાથી આગળ છે. ■

# રવીન્દ્ર જાડેજાએ રૂટનો ૧૩મી વાર કર્યો શિકાર

## બ્રિટિશ બૅટરને પૅવિલિયન ભેગો કરવામાં ભારતીય સ્પિનર બૉલ્ટની બરાબરીમાં થયો અને કમિન્સથી ડગલું પાછળ!

કટક: ૩૬ વર્ષનો લેફ્ટ-આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજા ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ ચૂક્યો છે, પરંતુ ટેસ્ટ તથા વન-ડેમાં તે હરીફ ટીમના બૅટર્સ માટે હજી પહેલા જેવો જ ઘાતક છે અને ખાસ કરીને ઇંગ્લૅન્ડના ટોચના બૅટર જો રૂટને તેણે ફરી સફળતાથી નિશાન બનાવ્યો છે. વન-ડેમાં જાડેજાએ રવિવારે (કટકમાં) પાંચમી વખત રૂટની વિકેટ લીધી હતી. આ પહેલાં, વન-ડેમાં જાડેજાનો નંબર-વન શિકાર વેસ્ટ ઇન્ડિઝનો ભૂતપૂર્વ કૅપ્ટન-ઑલરાઉન્ડર ડૅરેન સૅમી હતો, પણ હવે રૂટ પણ તેની બરાબરીમાં આવી ગયો છે. સૅમીની જેમ રૂટ પણ પાંચમી વાર જાડેજાની બોલિંગમાં વિકેટ ગુમાવી બેઠો છે. વર્તમાન સિરીઝની બન્ને મૅચમાં જાડેજાએ રૂટની વિકેટ લીધી છે.

બીજી રીતે કહીએ તો વન-ડેમાં રૂટ અગાઉ ન્યૂ ઝીલૅન્ડના ફાસ્ટ બોલર ટ્રેન્ટ બૉલ્ટની બોલિંગમાં સૌથી વધુ પાંચ વખત વિકેટ ગુમાવી બેઠો હતો, પરંતુ હવે જાડેજા સામે પણ રૂટ પાંચમી વાર આઉટ થતાં જાડેજા હવે બૉલ્ટની હરોળમાં આવી ગયો છે.

એ તો ઠીક, પણ ટેસ્ટમાં જો રૂટની વિકેટ લેનારા વિશ્વભરના બોલર્સમાં જાડેજા બીજા નંબરે છે. રૂટને જાડેજાએ ૨૦ મુકાબલામાંથી આઠ વાર પૅવિલિયન ભેગો કર્યો છે. માત્ર ઑસ્ટ્રેલિયાનો પૅટ કમિન્સ જ જાડેજાથી આગળ છે. રૂટ ટેસ્ટમાં કમિન્સ સામે નવ વાર આઉટ થયો છે, જ્યારે જાડેજા સામે આઠ વખત વિકેટ ગુમાવી છે. હવે પછી ભારતની આગામી ટેસ્ટ જૂનમાં ઇંગ્લૅન્ડ સામે જ રમાવાની છે અને જાડેજા ત્યારે રૂટને નવમી વાર આઉટ કરીને કમિન્સની બરાબરી કરી શકશે.



જાડેજાએ રવિવારે સતત બીજી મૅચમાં બોલિંગમાં સારું પર્ફોર્મ કર્યા બાદ વિનિંગ ફોર ફટકારી હતી. રોહિત રવિવારે ૫૦ ઓવરવાળી ક્રિકેટમાં કૅપ્ટન તરીકે ૫૦મી મૅચ રમ્યો. (પીટીઆઇ)

જાડેજાએ રૂટને કુલ ૧૩ વખત આઉટ કર્યો છે. જાડેજા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એનાથી વધુ બીજા કોઈ બૅટરને આઉટ નથી કરી શક્યો. રૂટની કુલ ૧૪ વાર વિકેટ લેવામાં પણ કમિન્સ નંબર વન છે અને એ રીતે પણ તેની બરાબરીમાં આવવાની (રૂટને કુલ ૧૪મી વાર આઉટ કરવાની) જાડેજાને તક છે.

રવિવારે રૂટ વનડાઉનમાં રમ્યો હતો. તે ૧૨૭ મિનિટ (બે કલાકથી પણ વધુ સમય સુધી) ક્રીઝ પર રહ્યો હતો અને ૭૨ બૉલમાં છ ફોરની મદદથી ૬૯ રન બનાવ્યા હતા. ૮૧ રનના કુલ સ્કોર પર ફિલ સૉલ્ટ (૨૬ રન) આઉટ થયા પછી રૂટે બેન ડકેટ (૬૫ રન) સાથે ૨૧ રનની ટૂંકી ભાગીદારી કરી હતી, કારણકે ૧૬મી ઓવરમાં ડકેટને જાડેજાએ હાર્દિક પંડ્યાના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. ત્યાર બાદ હૅરી બ્રૂક (૩૧ રન) અને કૅપ્ટન જૉસ બટલર (૩૪ રન)ને અનુક્રમે હર્ષિત રાણા અને હાર્દિક પંડ્યાએ શુભમન ગિલના હાથમાં કૅચઆઉટ કરાવ્યા ત્યાર બાદ ૪૩મી ઓવરમાં જાડેજા ફરી ત્રાટક્યો હતો અને તેના બૉલમાં રૂટ ડીપ એક્સ્ટ્રા કવરમાં વિરાટ કોહલીને આસાન કૅચ આપી બેઠો હતો. એ સાથે, વન-ડેમાં ૪૦મી હાફ સેન્ચુરી ફટકારનાર રૂટ પાંચમી વખત જાડેજાનો શિકાર થયો હતો. ત્યાર બાદ જૅમી ઓવર્ટન (૬ રન)ને પણ જાડેજાએ જ ગિલના હાથમાં કૅચઆઉટ કરાવીને પૅવિલિયન ભેગો કર્યો હતો. ગિલે મૅચમાં કુલ ત્રણ કૅચ પકડ્યા હતા.

ઇંગ્લૅન્ડે ૩૦૪ રન બનાવ્યા જેના જવાબમાં ભારતે રોહિત શર્માના ૧૧૯ રન, શુભમન ગિલના ૬૦ રન, શ્રેયસ ઐયરના ૪૪ રન અને અક્ષર પટેલના ૪૧ રનની મદદથી ૪૪.૩ ઓવરમાં છ વિકેટે ૩૦૮ રન બનાવીને વિજય મેળવ્યો હતો. ■

# વિલિયમસને એકવીસ ઇનિંગ્સ પછીની પહેલી સેન્ચુરીથી કોહલી-ડિવિલિયર્સને પાછળ રાખી દીધા!


## ૭,૦૦૦ રન પૂરા કર્યા: ટ્રાયેન્ગ્યૂલરમાં ન્યૂ ઝીલૅન્ડને જિતાડીને ફાઇનલમાં પહોંચાડી દીધું

લાહોર: પીઢ ખેલાડી કેન વિલિયમસને (૧૩૩ અણનમ, ૧૧૩ બૉલ, બે સિક્સર, તેર ફોર) ગઈ કાલે અહીં ન્યૂ ઝીલૅન્ડને વન-ડે ટ્રાયેન્ગ્યૂલરમાં સાઉથ આફ્રિકા સામે રોમાંચક વિજય અપાવીને ફાઇનલમાં પહોંચાડવાની સાથે કેટલીક અંગત સિદ્ધિ પણ મેળવી હતી. એકવીસ વન-ડે ઇનિંગ્સ પછી સેન્ચુરી નોંધાવનાર વિલિયમસન વન-ડેમાં સૌથી ઝડપે ૭,૦૦૦ રન બનાવનાર બૅટર્સમાં વિરાટ કોહલી અને એબી ડિવિલિયર્સને પાછળ રાખીને બીજા નંબર પર આવી ગયો છે.

સાઉથ આફ્રિકાના હાશિમ અમલાએ ૧૫૦ વન-ડે ઇનિંગ્સમાં ૭,૦૦૦ રન પૂરા કર્યા હતા, જ્યારે વિલિયમસને ૧૫૯ની ઇનિંગ્સમાં ૭,૦૦૦ રન પૂરા કર્યા છે. વિરાટે ૧૬૧ ઇનિંગ્સમાં અને ડિવિલિયર્સે ૧૬૬ ઇનિંગ્સમાં ૭,૦૦૦ રન કર્યા હતા.

સાઉથ આફ્રિકાએ બૅટિંગ મળ્યા પછી નવા ઓપનર મૅથ્યૂ બ્રિત્ઝકી (૧૫૦ રન, ૧૪૮ બૉલ, પાંચ સિક્સર, અગિયાર ફોર) તેમ જ વિઆન મુલ્ડેર (૬૪ રન, ૬૦ બૉલ, એક સિક્સર, પાંચ ફોર)ની ઇનિંગ્સની મદદથી છ વિકેટે ૩૦૪ રન બનાવ્યા હતા. કિવી ફાસ્ટ બોલર્સ મૅટ હેન્રી અને વિલ ઓરુરકેએ બે-બે વિકેટ લીધી હતી.

કિવી બૅટર્સ ડેવૉન કૉન્વે (૯૭ રન, ૧૦૭ બૉલ, એક સિક્સર, નવ ફોર) અને કેન વિલિયમસન નવેમ્બર, ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ પછી ફરી વન-ડે રમવા આવ્યા છે. તેમની વચ્ચે ગઈ કાલે બીજી વિકેટ માટે ૧૮૭ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી. ન્યૂ ઝીલૅન્ડે ૩૦૫ રનનો લક્ષ્યાંક ૪૮.૪ ઓવરમાં ચાર વિકેટે ૩૦૮ રનના સ્કોર સાથે હાંસલ કરી લીધો હતો અને ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. પાકિસ્તાન સામેની ત્રણ દિવસ પહેલાંની મૅચનો હીરો ગ્લેન ફિલિપ્સ ૨૮ રને અણનમ રહ્યો હતો. કિવીઓને ૨૧ રન એક્સ્ટ્રામાં મળ્યા હતા. સાઉથ આફ્રિકાના સાત બોલરમાંથી ભારતીય મૂળના સ્પિનર સેનુરન મુથુસામીને સૌથી વધુ બે વિકેટ મળી હતી.



મૅથ્યૂ બ્રિત્ઝકીનો વર્લ્ડ રેકોર્ડ

### વન-ડે ડેબ્યૂમાં સૌથી વધુ સ્કોર

(૧) મૅથ્યૂ બ્રિત્ઝકી: ૧૫૦ રન, ન્યૂ ઝીલૅન્ડ સામે (૨) ડેસ્મંડ હેઇન્સ: ૧૪૮ રન, ઑસ્ટ્રેલિયા સામે (૩) રહમનુલ્લા ગુરબાઝ: ૧૨૭ રન, આયરલૅન્ડ સામે (૪) કૉલિન ઇન્ગ્રમ: ૧૨૪ રન, ઝિમ્બાબ્વે સામે (૫) માર્ક ચૅપમૅન: ૧૨૪ રન, યુએઇ સામે

સાઉથ આફ્રિકાના લગભગ સાત મુખ્ય ખેલાડીઓ આ ત્રિકોણીય સ્પર્ધામાં નથી રમી રહ્યા. તેઓ હવે પાકિસ્તાનમાં ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમતા જોવા મળશે.

ન્યૂ ઝીલૅન્ડ વર્તમાન ટ્રાયેન્ગ્યૂલરની ફાઇનલમાં પહોંચી ગયું છે. હવે બુધવારે (આવતી કાલે) પાકિસ્તાન અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાનારી મૅચમાં વિજયી થનારી ટીમ ફાઇનલમાં પહોંચી જશે. શનિવારે પહેલી મૅચમાં ન્યૂ ઝીલૅન્ડે પાકિસ્તાનને ૭૮ રનથી પરાજિત કર્યું હતું. ■

# રોહિતના હાથે આફ્રિદીનો હાઇએસ્ટ સિક્સરનો વર્લ્ડ રેકોર્ડ હવે તૂટ્યો જ સમજો!

## ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય કૅપ્ટન પાકિસ્તાની ઑલરાઉન્ડરના ૧૦ વર્ષ જૂના વિક્રમને તોડી નાખશે એ નક્કી છે

કટક: થોડા મહિનાઓથી રોહિત શર્મા ફ્લૉપમૅન તરીકે ઓળખાતો હતો, પરંતુ હવે તે પાછો હિટમૅન થઈ ગયો છેઅને ચૅમ્પિયન્સ ટ્રોફીમાં તો તે સુપરહિટ મૅન બની શકે એમ છે. વાત એવી છે કે વન-ડે ઇન્ટરનૅશનલમાં સૌથી વધુ સિક્સર ફટકારવાનો શાહિદ આફ્રિદીનો વર્ષો જૂનો (૧૦ વર્ષ જૂનો) જે વર્લ્ડ રેકોર્ડ છે એ તોડવાની રોહિતને બહુ સારી તક છે અને એ મોકો તે ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થતી ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ઝડપી લેશે એવી પાકી સંભાવના છે.

રોહિત શર્માના નામે વન-ડેમાં અત્યારે કુલ ૩૩૮ સિક્સર છે. રવિવારે જ તેણે ઇંગ્લૅન્ડ સામેની બીજી વન-ડેમાં ૯૦ બૉલમાં બાર ફોરની મદદથી જે મૅચ-વિનિંગ ૧૧૯ બનાવ્યા હતા એમાં સાત સિક્સર પણ સામેલ હતી.

રોહિતે એ સાથે ક્રિસ ગેઈલ (૩૩૧ સિક્સર)ને ઓળંગીને વન-ડેના બેસ્ટ સિક્સરમેનની યાદીમાં બીજું સ્થાન મેળવી લીધું હતું.

રોહિત હવે ૧૩ સિક્સર ફટકારશે એટલે આફ્રિદીની બરાબરીમાં થઈ જશે અને વધુ એક સિક્સર રોહિતને વિશ્વવિક્રમ ધારક બનાવી દેશે.

ઇંગ્લૅન્ડ સામે હવે એક વન-ડે બાકી છે જે બુધવારે અમદાવાદમાં રમાશે. રોહિત એ મૅચમાં તો ૧૩ કે ૧૪ છગ્ગા ફટકારશે એની સંભાવના બહુ જ ઓછી છે, પરંતુ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં તે જરૂર આફ્રિદીને ઓળંગી શકશે. રોહિત શર્માએ રવિવારે ૩૨ મી વન-ડે સેન્ચુરી ફટકારવાની સાથે પાછા ફૉર્મમાં આવીને ટીકાકારોની બોલતી બંધ કરી દીધી હતી.

### વન-ડેમાં સૌથી વધુ સિક્સર કોના નામે?

| પ્લેયર | ઇનિંગ્સ | સિક્સર |
|---|---|---|
| આફ્રિદી | ૩૬૯ | ૩૫૧ |
| રોહિત | ૨૫૯ | ૩૩૮ |
| ગેઇલ | ૨૯૪ | ૩૩૧ |
| જયસૂર્યા | ૪૩૩ | ૨૭૦ |
| ધોની | ૨૯૭ | ૨૨૯ |

### અમદાવાદની આવતી કાલની વન-ડે માટે ટિકિટ ખરીદવા લોકોની ભારે ભીડ



રવિવારે ભારત ચાર વિકેટ જીત્યું હતું.

અમદાવાદ: અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧૨ ફેબ્રુઆરીએ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે રમાનારી ત્રીજી વન-ડે માટે ઑફલાઇન ટિકિટનું વેચાણ રવિવારે શરૂ થયું અને આજ સુધી ચાલુ રહેવાનું છે. જેમાં ક્રિકેટ પ્રેમીઓ સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી સ્ટેડિયમ પરથી ઑફલાઇન ટિકિટ ખરીદી શકે એવી વ્યવસ્થા વચ્ચે બન્ને દિવસે (રવિવારે અને ગઈ કાલે) ટિકિટ ખરીદવા માટે સ્ટેડિયમ બહાર ભારે ભીડ જોવા મળી હતી. આ ટિકિટની કિંમત રૂપિયા ૧૫૦૦ થી ૧૨,૫૦૦ સુધીની છે. જેમણે ૪ ફેબ્રુઆરીથી શરૂ થયેલી ઑનલાઈન ટિકિટ બુક કરાવી છે. તેઓ પણ સ્ટેડિયમ પરથી ઑફલાઇન ટિકિટ મેળવી શકશે. ક્રિકેટનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો હોવાથી મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. ઑનલાઈન બુકિંગ માટે ટિકિટના ભાવ રૂપિયા ૫૦૦ થી ૧૨,૫૦૦ સુધીના છે. વિશ્વના સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ આવતી કાલની મૅચ દરમ્યાન ભરચક રહેવાની ધારણા છે. ■

# વિરાટ પાછો સસ્તામાં આઉટ થઈ ગયો એટલે ચાહકોનો પિત્તો ગયો

કટક: વિરાટ કોહલી તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં તમામ આઠ વખત ઑફ સ્ટમ્પ પરના કે ઑફ સ્ટમ્પની બહારના બૉલમાં રમવા જતા વિકેટ ગુમાવી બેઠો હતો એ દુઃસ્વપ્ન હવે પૂરું થયું લાગે છે એવું તેના અસંખ્ય ચાહકોએ વિચાર્યું હશે. જોકે રવિવારે ઇંગ્લૅન્ડ સામેની બીજી વન-ડેમાં એનાથી સાવ ઊલટું જ થયું. સ્પિનર આદિલ રાશિદે તેને એવો બૉલ ફેંક્યો જેમાં વિરાટના બૅટની કટ લાગી ગઈ અને તે વિકેટકીપર ફિલ સૉલ્ટના હાથમાં કૅચઆઉટ થઈ ગયો હતો. વિરાટ ફક્ત પાંચ રન બનાવીને પૅવિલિયનમાં પાછો આવી ગયો હતો.

વિરાટ ઓસ્ટ્રેલિયા પછી હવે ઘરઆંગણે પણ સારું રમવામાં નિષ્ફળ ગયો એટલે સોશિયલ મીડિયામાં ક્રિકેટ પ્રેમીઓ તેના પર ખૂબ ગુસ્સે થયા છે. તેના કેટલાક ચાહકોએ લખ્યું છે કે 'વિરાટની કચાશનો કોઈ અંત નથી.'

આ જ મૅચમાં રોહિત શર્મા (૧૧૯ રન, ૯૦ બૉલ, સાત સિક્સર, બાર ફોર) ફરી ફૉર્મમાં આવી ગયો એટલે એક ક્રિકેટલવરે મીડિયામાં લખ્યું, 'રોહિત શર્મા પાછો ફૉર્મમાં આવી ગયો જે સારું થયું એટલે વિરાટને લાગ્યું હશે કે એક જ દિવસમાં કંઈ બે સારી ચીજ ન બની શકે.'

ફિલ સોલ્ટે તો વિરાટની વિકેટ ઝડપવા સ્ટમ્પિંગ પણ કરી હતી. અપીલ બાદ અમ્પાયરે વિરાટને નૉટઆઉટ આપ્યો હતો, પરંતુ ઇંગ્લૅન્ડની ટીમે ડીઆરએસની મદદ લીધી જેમાં થર્ડ અમ્પાયરે મેદાન પરના અમ્પાયરના નિર્ણયને બદલી નાખવા કહ્યું અને વિરાટે નિરાશ હાલતમાં પાછા આવવું પડ્યું હતું.

તેની ઇનિંગ્સ હજી તો માંડ શરૂ થઈ હતી ત્યાં તો તે પાછો આવી ગયો એટલે હજારો પ્રેક્ષકો તેમ જ કરોડો ટીવી દર્શકો નિરાશ થયા હતા.

ઇંગ્લૅન્ડનો સ્પિનર આદિલ રાશિદ વન-ડેમાં વિરાટને ચોથી વખત આઉટ કરવામાં સફળ થયો છે.

વિરાટ ઘણા મહિનાથી સ્પિનરો સામે સારું નથી રમી શકતો અને રવિવારની તેની વિકેટ એનો વધુ એક પુરાવો છે.

સદનસીબે વિરાટની સસ્તામાં પડેલી વિકેટ ભારતને ભારે નહોતી પડી, કારણકે રોહિત (૧૧૯ રન) ઉપરાંત વાઇસ-કૅપ્ટન ગિલ (૬૦ રન)ની ઇનિંગ્સની મદદથી ભારતે વિજય મેળવીને સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી હતી.

હવે વિરાટ પાસે ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થતી ચૅમ્પિયન્સ ટ્રોફી પહેલાં ફરી ફૉર્મમાં આવવા માટે એક જ વન-ડે બાકી છે. ■

# સૂર્યા પાછો ફૉર્મમાં, રહાણે સાથે મળીને મુંબઈને વિજયની દિશામાં મૂક્યું

## ગુજરાત ૫૧૧ રન બનાવીને સૌરાષ્ટ્ર સામે મજબૂત સ્થિતિમાં

કોલકાતા: એક તરફ રવિવારે રોહિત શર્મા આંતરરાષ્ટ્રીય વન-ડેમાં ૩૨મી સદી ફટકારવાની સાથે પાછો ફૉર્મમાં આવી ગયો ત્યાં બીજી તરફ ગઈ કાલે ડોમેસ્ટિક ક્રિકેટમાં સૂર્યકુમાર યાદવ (૭૦ રન, ૮૬ બૉલ, બે સિક્સર, આઠ ફોર) રણજી ટ્રોફીની ઇનિંગ્સની મદદથી ફરી ફૉર્મમાં આવ્યો છે. તેણે ગઈ કાલે અહીં ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈને કૅપ્ટન અજિંક્ય રહાણે (૮૮ નૉટઆઉટ, ૧૪૨ બૉલ, દસ ફોર) હરિયાણા સામેની ક્વૉર્ટર ફાઇનલમાં વિજયની દિશામાં લાવી દીધું હતું.

પાંચ દિવસની આ ક્વૉર્ટર ફાઇનલમાં પ્રથમ દાવમાં ૧૪ રનની સરસાઈ લેનાર મુંબઈની ટીમે આજે ત્રીજા દિવસે રમતના અંત સુધીમાં ચાર વિકેટે ૨૭૮ રન બનાવ્યા હતા. રહાણે સાથે શિવમ દુબે ૩૦ રને રમી રહ્યો હતો.

સૌથી વિશેષ બાબત એ છે કે સૂર્યકુમાર અને રહાણે વચ્ચે ચોથી વિકેટ માટે ૧૨૯ રનની ભાગીદારી કરી હતી. રહાણે તેની આગવી સ્ટાઇલમાં ધીમી ગતિની, પરંતુ અસરદાર ઇનિંગ્સ રમ્યો હતો, જ્યારે સૂર્યાએ તેની આગવી સ્ટાઇલમાં રમીને પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા અને તેની એ ઝલક હરિયાણાના ખેલાડીઓએ પ્રત્યક્ષ જોઈ હતી.

રહાણે-સૂર્યાએ જોતજોતામાં મુંબઈને ૨૦૦-પ્લસનો સ્કોર અપાવીને વિજયની દિશામાં મૂકી દીધું હતું. ગઈ કાલની રમતને અંતે મુંબઈની ટીમ સરસાઈ સહિત ૨૯૨ રનથી આગળ હતી. એ પહેલાં, મુંબઈના શાર્દુલ ઠાકુરે (૧૮.૫-૩-૫૮-૬) હરિયાણાના પહેલા દાવમાં નીચલી હરોળના બૅટર્સની ટપોટપ વિકેટ પાડી હતી. મુંબઈના સ્પિનર તનુષ કોટિયન અને શમ્સ મુલાનીએ બે-બે વિકેટ લીધી હતી. મુંબઈના પ્રથમ દાવના ૩૧૫ રનના જવાબમાં હરિયાણાની ટીમ કૅપ્ટન અંકિત કુમારના ૨૧ ફોરની મદદથી બનેલા ૧૩૬ રન છતાં ૩૦૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી.

બીજી ક્વૉર્ટરમાં સૌરાષ્ટ્રએ ૨૧૬ રન બનાવ્યા બાદ ગુજરાતે ત્રીજા દિવસે જયમીત પટેલ (૧૦૩ રન, ૧૭૧ બૉલ, અગિયાર ફોર), વિકેટકીપર ઉર્વિલ પટેલ (૧૪૦ રન, ૧૯૭ બૉલ, ચાર સિક્સર, સત્તર ફોર) તેમ જ મનન હિંગરાજિયા (૮૩ રન, ૨૧૯ બૉલ, એક સિક્સર, આઠ ફોર) અને રવિ બિશ્નોઈ (૪૫ રન, ૫૦ બૉલ, બે સિક્સર, પાંચ ફોર)ની ઇનિંગ્સની મદદથી ૫૧૧ રન બનાવીને ૨૯૫ રનની સરસાઈ લીધી હતી. સૌરાષ્ટ્રના ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પાંચ અને ચિરાગ જાનીએ ચાર વિકેટ લીધી હતી. ત્રીજા દિવસની રમતને અંતે સૌરાષ્ટ્રનો સ્કોર વિના વિકેટે ૩૩ રન હતો.

ત્રીજી ક્વૉર્ટરમાં કેરળ સામે જમ્મુ-કાશ્મીરની ટીમ ૧૭૯ રનથી આગળ હતી. ચોથી ક્વૉર્ટરમાં તામિલનાડુ સામે વિદર્ભની ટીમ ૨૯૭ રનથી આગળ હતી. ■

# સંસ્થા સમાચાર





### વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરક વિચારોની સંકલિત પુસ્તિકા 'અમૃત મંથન'નું વિમોચન

ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પ્રેરક સુવિચારોની પત્રકાર અને સુખ શાંતિ સમૃદ્ધિ પ્રેરક ડિજિટલ પત્રિકાના સંપાદક જીતુ સોમપુરા સંકલિત 'અમૃત મંથન' પુસ્તિકાનું પ્રસિદ્ધ વિમોચન પ્રખ્યાત ભાગવતાચાર્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ મહાકુંભ ખાતે કર્યું હતું. અમદાવાદના પ્રસિદ્ધ યાત્રાળુ સ્થાન પ્રેરણાપીઠના શ્રી કલ્કિ નારાયણધામ અને હરિદ્વારના પ્રસિદ્ધ જગન્નાથ ધામ દ્વારા ભાગવતકથાના પ્રથમ દિવસે આ પુસ્તિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉપર ફોટોની મધ્યમાં પ્રેરણામૂર્તિ જગદગુરુ સતપંથાચાર્ય જ્ઞાનેશ્વરદેવચાર્યજી મહારાજ, ડાબી બાજુએ જીતુ સોમપુરા અને જમણી બાજુએ પૂજ્ય ભાઈશ્રી છે.



### વકતૃત્વ સ્પર્ધાના વિજેતાઓને પારિતોષિક વિતરણ સમારંભ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ તથા સંસ્કૃત ભારતીના સંયુક્ત ઉપક્રમે પચીસમી જાન્યુઆરીએ શ્રીમદ્ ભગવતગીતાના દસમા અધ્યાયના વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં નાના-મોટા સૌએ મળીને કુલ ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એના વિજેતા સ્પર્ધકોને પ્રોત્સાહનરૂપે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

### શ્રી વેંકટેશ દેવસ્થાન ખાતે આચાર્ય જયંતીનું આયોજન

ગિરગાંવ સ્થિત ફણસવાડીમાં આવેલા શ્રી વેંકટેશ દેવસ્થાન પરિસરમાં દસ દિવસીય સ્વામી અનંતાચાર્ય જયંતી મહોત્સવ ૯ ફેબ્રુઆરીથી શરૂ થયો છે, જે ૧૮ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. એ દરમ્યાન દરરોજ અભિષેક અને દિવ્ય પ્રબંધ પાઠનું આયોજન કરવામાં આવ્યુ છે. એ નિમિત્તે ભક્તોને દર્શનનો લાભ લેવાનું આમંત્રણ આપવામાં આવ્યુ છે.

તન-મન-ધનથી રહો **તરોતાજા**

# આ છે એક સિક્કાની બે બાજુ...






# રોકાણનાં જોખમ

**ગૌરવ મશરૂવાળા** જાણીતા ફાઈનાન્શિયલ પ્લાનર છે. એમની કોલમ દ્વારા એ નાણાંકીય આયોજન વિશે સલાહ આપે છે. આ અગાઉ એમણે 'મુંબઈ સમાચાર'ના વાચકોને 'નિવૃત્તિ પહેલાં કેવું પ્લાનિંગ કરવું જોઈએ' એ વિશે સઘન સલાહ -સૂચન પણ આપ્યા હતા, જે વાચકોએ વધાવ્યા હતા.

આજથી શરૂ થતી એમની આ નવી કોલમમાં ગૌરવભાઈ રોકાણનાં અવનવાં જોખમ વિશે વાત કરશે અને આવાં જોખમ કઈ રીતે ટાળી શકાય એનાં પણ સલાહ -સૂચન આપશે.

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'એક નચિંત રોકાણકાર મોટાભાગે વધુ જાણકાર, ધીરજવાન અને ઓછો ભાવુક અને મૂળભૂત સિદ્ધાંતોને સમજનારો હોય છે...'

આ વાત કરી છે વિશ્વભરમાં જાણીતા અને અતિ સફળ એવા 'રોકાણકાર ગુરુ' વોરેન બફેટે...

એક ટીવી શો દરમિયાન મને રસપ્રદ પ્રશ્ન પૂછાયો હતોઃ

'મારે વધારે જોખમવાળું રોકાણ કરવું છે. શેમાં રોકાણ કરું? આવો સવાલ સાંભળીને મારે સામેથી પૂછવું પડ્યુંઃ

'તમારે વધારે જોખમ શું કામ લેવું છે?'

જવાબ મળ્યોઃ 'વધુ જોખમ લઈએ તો વધારે વળતર મળતું હોય છે એટલે મારે વધારે જોખમવાળું રોકાણ કરવું છે...!'

વધારે જોખમ લઈએ તો વધારે વળતર મળે એમ કહેવાનું સાચું કે પછી વધારે વળતર મળતું હોય ત્યારે જોખમ વધારે હોય છે એમ કહેવું સાચું?

આમાં થોડા ઊંડા ઊતરવું પડે એમ છે. શું ઉપરોક્ત બન્ને વિધાન વચ્ચે કોઈ તફાવત છે ખરો?

'વધારે જોખમ લઈએ તો વધારે વળતર મળે' એવું જ્યારે આપણે બોલીએ ત્યારે આપણું મગજ વધારે વળતર પર ભાર મૂકતું હોય છે. હકીકત તો એ હોય છે કે વધારે વળતર મળતું હોય ત્યારે જોખમ પણ વધારે હોય છે. જો રોકાણમાં કોઈ જોખમ જ ન હોય અથવા તો ઓછું જોખમ હોય તો પછી કોઈ વધારે વળતર શું કામ આપે? આ વધુ જોખમ એટલે નાણાં ગુમાવવાં પડે એવી શક્યતા. વધારે વળતર આપનારાં રોકાણનાં સાધનોમાં નાણાં ગુમાવવાં પડે એવી સંભાવના વધારે હોય છે.

આપણે 'વધારે વળતર' એ શબ્દો સાંભળીએ ત્યારે બાકીની બધી હકીકત ગૌણ લાગવા માંડે છે. તેનું કારણ એ છે કે આપણને બધાને જલદીમાં જલદી વધારે પૈસા મળી જાય એવી ઇચ્છા હોય છે. આપણે ઝડપથી બાઇક ચલાવનારા યુવાનને પૂછશું તો એ કહેશે કે એને વધુપડતી ગતિને લીધે ઊભા થતા જોખમની ખબર છે, પરંતુ તેની સામે ઝડપી ગતિના રોમાંચને લીધે તે આ રીતે બાઇક ચલાવે છે :

Speed thrills, but kills એવું સૂત્ર અનેક માર્ગો પર જોવા મળે છે. રોકાણને પણ આ વાત લાગુ પડે છે.

આ જગતમાં જોખમમુક્ત રોકાણ કોઈ જ નથી. નાણાં આપણા હાથમાંથી છૂટા થાય એ ઘડીથી જ તેને જોખમ લાગુ પડે છે. તેનો અર્થ એવો જરાય થતો નથી કે આપણે રોકાણ કરવું જ નહીં. ખરું પૂછો તો રોકાણ ન કરવું એ પણ મોટું જોખમ છે.

રોકાણ પારદર્શક અથવા તો અપારદર્શક હોય છે. દાખલા તરીકે : આપણે જાતે અથવા તો મ્યુચ્યુઅલ ફંડ મારફતે ઈક્વિટી શૅરમાં રોકાણ કરીએ ત્યારે જોખમ પારદર્શક હોય છે. ધારો કે આપણે કોઈ 'એબીસી લિમિટેડ'ના શૅર ૫૭૫ના ભાવે ખરીદ્યા. શૅર ખરીદ્યા બાદ બીજા જ દિવસે તેનો ભાવ ઘટીને ૫૪૫ રૂપિયા થઈ ગયો. આ ઉતર-ચડની સ્પષ્ટ માહિતી આપણને મળે છે. આમ, ઈક્વિટી શૅરના રોકાણમાં ભાવની હિલચાલને લગતી માહિતી સંપૂર્ણપણે પારદર્શક રીતે મળે છે. મ્યુચ્યુઅલ ફંડ મારફતે રોકાણ કર્યું હોય તો તેની એનએવી (નેટ ઍસેટ વેલ્યૂ) એ પણ પારદર્શક રીતે મળનારી માહિતી છે. સોનાના ભાવ પણ રોજેરોજ જાણી શકાતા હોવાથી એ રોકાણ પણ એવું જ પારદર્શક છે. આપણને ભાવની હિલચાલની માહિતી મળતી રહેવાથી તેમાં ખોટ થઈ કે ફાયદો થયો એ આપણે સ્પષ્ટપણે જાણી શકીએ છીએ. આમ પ્રત્યક્ષપણે કે મ્યુચ્યુઅલ ફંડ મારફતે ઈક્વિટીમાં કરાયેલું કે સોનામાં કરાયેલું રોકાણ જોખમી છે.

બીજી તરફ, આપણે જ્યારે ફિક્સ્ડ ડિપોઝિટમાં કે બોન્ડમાં નાણાં રોકીએ ત્યારે ફુગાવાની અસરને કારણે આપણને પરોક્ષ રીતે થતા નુકસાન વિશેની સાચી માહિતી મળતી નથી. આમ, અહીં પારદર્શકતા નથી. રિયલ એસ્ટેટનું પણ એવું જ છે. તેમાં થતા નફા કે નુકસાનની ગણતરી કરવા માટેનો કોઈ માપદંડ ઉપલબ્ધ નથી. અહીં પારદર્શકતા નહીં હોવાને લીધે નફા-નુકસાનની ખબર પડતી નથી અને પ્રથમ દૃષ્ટિએ આવાં રોકાણ જોખમમુક્ત દેખાય છે.

યાદ રહે, જોખમ અને વળતર એક જ સિક્કાની બે બાજુ છે. હંમેશાં બન્ને એકસાથે જ હોય છે. ■


---

### વરિષ્ઠ નાગરિકોનો આરોગ્ય વીમો

# પ્રીમિયમમાં વર્ષે ૧૦ ટકા કરતાં વધારે વૃદ્ધિ નહીં થાય

**વીમા સુરક્ષાકવચ**

નિશા સંઘવી
feedback@bombaysamachar.com



જેમ જેમ ઉંમર વધતી જાય એમ એમ વીમાની જરૂર પણ વધતી જાય છે. જોકે, ઉંમર વધવાની સાથે સાથે જ્યારે વીમાના પ્રીમિયમમાં વધારો થાય ત્યારે ઘણું આકરું લાગે...

આ વાતને ધ્યાનમાં રાખીને 'ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (ઇરડાઇ)એ હમણાં ૩૦ જાન્યુઆરીએ વરિષ્ઠ નાગરિકોના વીમા વિશે એક અગત્યનો નિર્ણય લીધો છે. એ અનુસાર, વરિષ્ઠ નાગરિકો એટલે કે ૬૦ વર્ષથી વધુ વયના લોકો માટેના વાર્ષિક પ્રીમિયમમાં વર્ષે ૧૦ ટકા કરતાં વધારેની વૃદ્ધિ થવી જોઈએ નહીં...

## 'ઇરડાઇ'ના નિર્ણયની પાર્શ્વભૂમિ

'ઇરડાઇ'એ ઉક્ત નિર્ણય લેવો પડ્યો, કારણ કે છેલ્લા થોડા સમયમાં વીમા કંપનીઓએ વરિષ્ઠ નાગરિકો માટેની આરોગ્ય વીમાની કેટલીક પ્રોડક્ટ્સના પ્રીમિયમમાં ધરખમ વધારો કર્યો હતો. એક બાજુ ફુગાવો ને બીજી બાજુ પ્રીમિયમમાં વૃદ્ધિ, એમ બન્ને બાજુએથી વરિષ્ઠ નાગરિકો પર મોટો બોજ આવી ગયો હતો. પરિપત્રકમાં શું કહ્યું છે...

'ઇરડાઇ'એ કહ્યું છે કે વીમા કંપનીઓ વરિષ્ઠ નાગરિકો માટેના પ્રીમિયમમાં વર્ષે ૧૦ ટકા કરતાં વધારે વૃદ્ધિ કરી નહીં શકે. જો વીમા કંપનીને એનાથી વધારે વૃદ્ધિ કરવાની જરૂર જણાય અથવા તો વરિષ્ઠ નાગરિકો માટેની કોઇ પ્રોડક્ટ પાછી ખેંચી લેવાનો એનો વિચાર હોય તો એણે પહેલાં 'ઇરડાઇ' સાથે ચર્ચાવિચારણા કરવાની રહેશે. એમણે પ્રીમિયમમાં ૧૦ ટકા કરતાં વધારે વૃદ્ધિ કરવાની રહેશે અને એની જરૂરિયાત પણ 'ઇરડાઇ'ના ગળે ઉતારવાની રહેશે.

## વરિષ્ઠ નાગરિકોને રાહત

સ્વાભાવિક છે કે પ્રીમિયમમાં વૃદ્ધિની એક મર્યાદા આવી જવાથી વરિષ્ઠ નાગરિકોને મોટી રાહત મળશે અને વીમાનું કવચ વધારે બોજ વગર ટકાવીને રાખી શકશે. વરિષ્ઠ નાગરિકોની આવક પણ ઓછી થઈ ગઈ હોય છે અને જેમને પારિવારિક ટેકો ન હોય એવા વૃદ્ધો માટે તો પ્રીમિયમમાં કરાયેલી વૃદ્ધિ ઘણી ભારે પડતી હોય છે.

## વીમા ઉદ્યોગનો શું છે પ્રતિસાદ..

વીમા ઉદ્યોગે હવે 'ઇરડાઇ'ના આ નિર્ણયને અમલમાં મૂકવો પડશે અને એની માર્ગદર્શિકા મુજબ પ્રીમિયમનું માળખું ઘડવું પડશે. એમણે વરિષ્ઠ નાગરિકોને પ્રીમિયમ બોજારૂપ લાગે નહીં એની તકેદારી લેવી પડશે.

'ઇરડાઇ'એ વરિષ્ઠ નાગરિકોની આર્થિક અને સામાજિક સ્થિતિનો વિચાર કરીને આ નિર્ણય લીધો એ ઘણું સારું કહેવાય. એનાથી વરિષ્ઠ નાગરિકોનાં હિતનું રક્ષણ થશે. દેશમાં વધુ ને વધુ લોકો જીવન વીમો અને આરોગ્ય વીમાનો લાભ લે એ અગત્યનું છે, કારણ કે વીમા દ્વારા આર્થિક સુરક્ષા મળે છે. મોટી ઉંમરે આ સુરક્ષાની જરૂર પણ વધારે હોય છે. આરોગ્ય વીમાની મદદથી સિન્યિર સિટિઝન્સ પોતાના આરોગ્યને વધુ સારી રીતે સાચવી શકે છે.

પ્રીમિયમમાં ઓચિંતો વધારો થાય એ કોઈ પણ વ્યક્તિને ઘણું ભારે પડતું હોય છે. વીમા પોલિસીના નવીનીકરણ વખતે આવી પડેલો મોટો ખર્ચ માણસને વિચારતો કરી મૂકે છે. શક્ય છે કે લોકો પોતાના વીમાનું કવચ ઘટાડી નાખે અથવા તો પૉલિસી બંધ કરાવી દે. આ સ્થિતિ એમના માટે વધુ હાનિકારક પુરવાર થાય છે. દેશમાં જ્યારે વીમાનું કવચ વધારે લોકો સુધી પહોંચાડવા માટે સરકાર નવા સુધારા લાવી રહી છે ત્યારે વીમા કંપનીઓ પ્રીમિયમમાં આડેધડ વધારો કરે એ પગલું સરકારના ઉદ્દેશ્યથી વિપરીત કહેવાય. આથી સ્વાભાવિક છે કે સારા નિયમનકાર તરીકે 'ઇરડાઇ' પ્રીમિયમમાં વૃદ્ધિની મર્યાદા નક્કી કરે અને વરિષ્ઠ નાગરિકોને રક્ષણ આપે તે આ તબક્કે ઉપકારક અને જરૂરી હતું, જે એણે કર્યું છે. ■

---

**આરોગ્ય એક્સપ્રેસ**

feedback@bombaysamachar.com
રાજેશ યાજ્ઞિક



# બાળકોમાં પણ હૃદયની સમસ્યા હોઈ શકે...

આજના સમયમાં હૃદયરોગ વિશ્વભરમાં મૃત્યુના મુખ્ય કારણોમાંથી એક છે તે આપણે સહુ જાણીએ છીએ. હંમેશાં એવું મનાતું આવ્યું છે કે હૃદયરોગ તો વયસ્કોને જ થાય- યુવાનને કે બાળકને ન થાય. જોકે, છેલ્લાં કેટલાંક વર્ષોથી એવું જોવા-સાંભળવા પણ મળ્યું છે કે નાની ઉંમરે પણ હૃદયરોગથી મૃત્યુ થાય છે.

આ એક ચિંતાનો વિષય છે. આપણે યુવાનો અને બાળકોમાં થતાં હૃદયરોગ વિશે માહિતગાર થવું જોઈએ.

હૃદય સંબંધિત અનેકવિધ રોગ હવે બાળકોને પણ પજવી રહ્યા છે. જો કોઈના પરિવારમાં માતા-પિતા કે અન્ય સભ્યને હૃદયરોગ હોય તો સંતાનને પણ હૃદયરોગ થવાની શક્યતા રહે છે. કેટલાક બાળકને તો જન્મથી જ હૃદય સંબંધિત બીમારી હોય છે. એ 'કોન્જેનિટલ હાર્ટ ડિસીઝ' (જન્મજાત હૃદય રોગ) તરીકે ઓળખાય છે. આવાં બાળક માતાના ગર્ભમાંથી હૃદયની ખામી સાથે જન્મે છે. જે બાળકને જન્મથી જ હૃદયરોગ હોય તે સ્થિતિ સુધારી શકાય છે. નિષ્ણાતો કહે છે કે, આવી સ્થિતિમાં યોગ્ય સમયે સારવાર શરૂ કરવાથી આ રોગને ઘણી હદ સુધી ઘટાડી શકાય છે.

## બાળક કેટલા પ્રકારના હૃદયરોગથી પીડાય છે?

**જન્મજાત હૃદયરોગ (કોન્જેનિટલ હાર્ટ ડિસીઝ) :** બાળકને જન્મથી જ હૃદયની ખામી હોય ત્યારે તેને જન્મજાત હૃદયરોગ કહેવાય છે. આ વિકૃતિને કારણે, બાળકના હૃદયના વાલ્વ અને નસ પ્રભાવિત થાય છે. આ રોગમાં બાળકના શરીરમાં લોહીનો પ્રવાહ ખોરવાઈ જાય છે, પરંતુ આ સમસ્યાનો ઈલાજ છે.

**એથરોસ્ક્લેરોસિસ :** એથરોસ્ક્લેરોસિસને કારણે બાળકોના હૃદયની નસો સંકોચાવા લાગે છે. આ સાથે એ સખત થવા લાગે છે. આ બીમારીને અવગણવી ખતરનાક બની શકે છે. હૃદય સંબંધિત આ સમસ્યા બાળકના મગજને પણ નુકસાન પહોંચાડે છે.

**અનિયમિત ધબકારા (એરિથમિયા) :** આ સ્થિતિમાં બાળકોનું હૃદય સામાન્ય કરતાં અનિયમિત રીતે ધબકવા લાગે છે. આવી સ્થિતિમાં લોહીનો પ્રવાહ પ્રભાવિત થાય છે અને હૃદયમાં લોહીનો પ્રવાહ બાધિત થવા લાગે છે. આ સમસ્યામાં બાળકને થાક, નબળાઈ અને ચક્કર આવે છે. આ રોગમાં બાળકના હૃદયના ધબકારા ક્યારેક ઝડપી તો ક્યારેક ધીમા થઈ જાય છે.

**કાવાસાકી રોગ :** કાવાસાકી રોગ દુર્લભ રોગોની યાદીમાં સામેલ છે. કાવાસાકી રોગ (કેડી), જેને કાવાસાકી સિન્ડ્રોમ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે હૃદય અને રક્ત વાહિનીઓને નુકસાન પહોંચાડી શકે છે. મોટે ભાગે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકમાં જોવા મળે છે.

છોકરીઓ કરતાં છોકરાઓને વધુ અસર કરે છે. કેડીનું કારણ જાણી શકાયું નથી. આ રોગમાં બાળકને હાથ, પગ, હોઠ, મોં અને ગળાની નસોમાં સોજો આવી શકે છે. આવી સ્થિતિમાં બાળકોને તાવ આવવાની શક્યતા વધી જાય છે. રક્તવાહિનીમાં સોજાને કારણે હૃદયની પમ્પિંગ (દબાણ સાથે લોહીનો પ્રવાહ વહેતો રાખવાની) ક્રિયામાં અવરોધ ઊભો થાય છે. તેને કારણે હૃદય ફાટી શકે છે, જેને કોરોનરી ધમનીનું વિસ્તરણ અને 'એન્યુરિઝમ્સ' કહે છે.

**હૃદયનો ગણગણાટ (હાર્ટ મર્મર્સ) :** આ સમસ્યામાં બાળકનું હૃદય પમ્પિંગ કરતી વખતે સામાન્ય કરતાં વધુ અવાજ કરે છે. જોકે તેનાથી કોઈ સમસ્યા થતી નથી, પરંતુ તેનાથી હૃદય સંબંધિત અન્ય ઘણી બીમારીની શક્યતા વધી જાય છે. બાળકોમાં ચિંતાજનક ગણગણાટ સામાન્ય રીતે જન્મ સમયે હૃદયની રચનાની સમસ્યાને કારણે હોય છે. તેના કારણોમાં હૃદયમાં કાણું હોવું અને 'કાર્ડિયાક શન્ટ્સ' (હૃદયની ચેમ્બર અથવા રક્તવાહિનીઓ વચ્ચે અનિયમિત રક્ત પ્રવાહ) સામેલ છે. નિર્દોષ હૃદયનો ગણગણાટ સમય જતાં દૂર થઈ શકે છે. કેટલીક વાર ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ સર્જ્યા વિના હૃદયનો ગણગણાટ જીવનભર ચાલુ રહે છે.

**સંધિવા હૃદય રોગ (રહ્યુમેટીક હાર્ટ ડિસીઝ) :** સંધિવા હૃદયરોગ એવી સ્થિતિ છે, જેમાં સંધિવા તાવથી હૃદયના વાલ્વને કાયમી નુકસાન થયું હોય. સ્ટ્રેપ્ટોકોકસ બેક્ટેરિયાના કારણે ગળામાં દુખાવો અને સ્કારલેટ તાવ જેવી સ્થિતિ આ પ્રકારના હૃદય રોગ તરફ દોરી જાય છે. આ રોગ બાળકના હૃદયના વાલ્વ અને હૃદયના સ્નાયુઓને કાયમ માટે નુકસાન પહોંચાડી શકે છે. સંધિવા તાવ પાંચથી ૧૫ વર્ષની વયના બાળકમાં વધુ જોવા મળે છે. ખાસ કરીને જે બાળકને વારંવાર ગાળામાં બેક્ટેરિયલ ઇન્ફેક્શન થતાં હોય તેમને જોખમ વધી જાય છે.

આમ બાળકોમાં બહારથી સામાન્ય લાગતા બિનજોખમી લક્ષણો પ્રત્યે બેદરકાર ન રહેતાં, તેની યોગ્ય તપાસ કરાવીને બાળકોને આપણે ઘાતક બીમારીથી બચાવી શકીએ છીએ. ખાસ કરીને બાળકો પોતાને થતી તકલીફને યોગ્ય રીતે વર્ણવી શકતા ન હોવાથી આપણે એમની વિશેષ કાળજી લેવી જરૂરી છે. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# પ્રાણાયામ પ્રાણમય શરીરના સ્વાસ્થ્યની જ વિદ્યા છે

(ગતાંકથી ચાલુ)

(૨) પૂરક રેચક દરમિયાન શ્વાસનળીના મુખને બંધ કરવાનું નથી. તેથી નાદ ઉત્પદન્ન થશે નહીં.

(૩) પૂરક અને રેચકનું પ્રમાણ ઉજજાયીની જેમ ૧:૨ રાખવું. પ્રારંભમાં પૂરક ૩ સેકન્ડનો અને રેચક ૬ સેકન્ડનો કરવો. અભ્યાસ વધતાં આ સમયમર્યાદા ધીમેધીમે વધારવી.

(૪) પૂરક દરમિયાન પેટ બહાર આવશે અને રેચક દરમિયાન પેટ અંદર જશે.

(૫) પ્રારંભમાં અનુલોમ પ્રાણાયામનાં ૩ આવર્તનો કરવાં. અભ્યાસ વધતાં આવર્તનો ધીમેધીમે વધારી શકાય છભે.

અપસ્મારના દરદી માટે પ્રાણાયામના અભ્યાસ વિશે કેટલીક વિશેષ સૂચનાઓ:

(૧) ઉપરોક્ત બંને પ્રાણાયામનો અભ્યાસ એકસાથે શરૂ ન કરવો. અભ્યાસનો પ્રારંભ ઉજજાયી પ્રાણાયામથી કરવો. તેનો અભ્યાસ બરાબર સ્થિર થાય અને અનુકૂળ લાગે પછી અનુલોમવિલોમનો પ્રારંભ કરવો.


(૨) આ બંને પ્રાણાયામમાં પૂરક-રેચકનું પ્રમાણ પ્રારંભમાં ૩ સેકન્ડ અને ૬ સેકન્ડ રાખવાનું છે. આટલા પ્રમાણમાં સ્થિર થયા પછી અનુકૂળ લાગે તો ખૂબ ધીમેથી અને સાવધાનીપૂર્વક આ સમયમર્યાદામાં વધારો કરવો.

(૩) પ્રારંભમાં સવારે ઉજજાયી અને સાંજે અનુલોમવિલોમ પ્રાણાયામનો અભ્યાસ કરવો. અભ્યાસથી સ્થિર થયા પછી બંને પ્રાણાયામ સવાર-સાંજ બંને વખત કરી શકાય છે.

(૪) અપસ્મારના દરદીને પ્રાણાયામનો અભ્યાસ કરાવવામાં આવે ત્યારે તેનાં શરીર, મન, વ્યવહાર તથા તેના દરદના સ્વરૂપ પર આ અભ્યાસથી શું અસર પડે છે. તેનું જાગૃત નિરીક્ષણ કરતા રહેવું જોઇએ. જો કોઇ પણ સંયોગોમાં પ્રાણાયામના અભ્યાસની વિપરીત અસર જોવા મળે તો આ અભ્યાસ તરત બંધ કરી દેવો જોઇએ અને જાણકારની સલાહ લેવી જોઇએ.

(૫) અપસ્મારના દરદીને કુંભકનો અભ્યાસ કરાવવો નહીં.

(૬) પ્રાણાયામનો અભ્યાસ ખાલી પેટે જ કરવો જોઇએ. આ નિયમ માત્ર અપસ્મારના દરદી માટે જ નથી, સૌને માટે છે.



પ્રાણાયામ તો મહાસમર્થ સાધન છે. આપણાં જીવન અને વ્યક્તિત્વનાં અનેક પાસાંઓ પર પ્રાણાયામના અભ્યાસની અપરંપાર અસર થઇ શકે છે. તે સર્વનો વિચાર આપણે અહીં નહીં કરીએ. અહીં તો આપણે માત્ર એટલો જ વિચાર કરીશું કે પ્રાણાયામના અભ્યાસ દ્વારા અપસ્મારની બીમારીમાં કઇ રીતે રાહત મળે છે.

(૧) પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ પુષ્ટ અર્થાત્ બળવાન બને છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ સંયમિત બને છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ સુસંવાદી બને છે. અર્થાત્ પ્રાણના પ્રવાહો સમરૂપ બને છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણમય શરીર વિશુદ્ધ બને છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણની વિકૃતિઓ, વિસંવાદિતાઓ ધીમેધીમે પરંતુ નિશ્ચયાત્મક રીતે દૂર થવા માંડે છે.

આપણે જોઇ ગયા છીએ કે પ્રાણમય શરીરની વિસંવાદિતા, અશુદ્ધિઓ અને નબળાઇ જ અપસ્મારનું પાયાનું કારણ છે. પ્રાણાયામનો શાસ્ત્રીય પદ્ધતિથી, ધૈર્યપૂર્વક અને દીર્ઘકાલપર્યંત અભ્યાસ કરવામાં આવે તો તેના અભ્યાસથી પ્રાણમય શરીરનું આમૂલાગ્ર રૂપાંતર થાય છે. પ્રાણની નબળાઇ, વિસંવાદિતા, ઉચ્છૃંખલતા અને અશુદ્ધિઓ દૂર થાત છે.

આનો અર્થ એમ છે કે પ્રાણાયામના અભ્યાસથી અપસ્મારનું મૂળભૂત કારણ જ દૂર થાય છે.

(૨) મગજ અને જ્ઞાનતંતુની નબળાઇ પણ અપસ્મારની બીમારીનું એક કારણ છે તે આપણે જોયું છે. મગજ અને જ્ઞાનતંતુના સ્વાસ્થ્ય માટે પ્રાણાયામ ઘણો મૂલ્યવાન અભ્યાસ છે. પ્રાણાયામના દીર્ઘ અભ્યાસથી મગજ અને જ્ઞાનતંતુઓ સ્વસ્થ અને કાર્યક્ષમ બને છે. આ રીતે પણ પ્રાણાયામના અભ્યાસથી અપસ્મારની બીમારીમાં રાહત મળે છે.

(૩) આપણે જોઇ ગયા છીએ કે વાયુનો પ્રકોપ અપસ્મારનું એક કારણ છે. અપસ્માર વાઇનું જ દરદ છે.

પ્રામાયામનો સૌમ્ય અભ્યાસ વાયુના પ્રકોપને શાંત કરવામાં સહાયભૂત બને છે.

આમ પ્રાણાયામ અનેક રીતે અપસ્મારની બીમારીમાંથી મુક્ત થવા માટે ઉપકારક બની શકે તેમ છે.

હવે પ્રશ્ન એ છે કે અપસ્મારનો દરદી પ્રાણાયામ કરી શકે તેવી સ્થિતિમાં જ ન હોય તો શું કરવું? તેની અપસ્મારની બીમારી એટલે હવે વધી ગઇ હોય કે દરદી પ્રાણાયામ કરી શકે તેમ જ ન હોય તો શું કરવું?

આવા સંયોગોમાં બસ્તિ, ઔષધિપ્રયોગ આદિ ઉપાયો દ્વારા અપસ્મારની ચિકિત્સા કરવી. આ ઉપાયો દ્વારા આ દરદનું સ્વરૂપ હળવું બને અને દરદી પ્રાણાયામનો અભ્યાસ કરી શકે તેવી અવસ્થામાં આવે પછી પ્રાણાયામના અભ્યાસનો પ્રારંભ કરાવવો.

૩. ઔષધિ-પ્રયોગઃ

આયુર્વેદ અને એલોપથી - બંનેમાં અપસ્મારની સારવાર માટેના ઔષધિ-પ્રયોગો છે. આયુર્વેદમાં વાયુનું શમન થાય તેવી દવાઓ આપવામાં આવે છે. એલોપથીમાં પણ અનેક ઔષધિ-પ્રયોગો છે.

યૌગિક ચિકિત્સાની સાથે સૌમ્ય ઔષધિ-પ્રયોગો કરવામાં કાંઇ વાંધો નથી. આ માટે કુશળ ચિકિત્સકના માર્ગદર્શન પ્રમાણે ઔષધિ લેવી જોઇએ.

૪. યૌગિક પરામર્શઃ

યૌગિક પરામર્શ વિશે અલગ પ્રકરણમાં વિગતવાર વિચારણા થઇ છે. અહીં સંક્ષિપ્ય ઉલ્લેખ પર્યાપ્ય ગણાશે.

અપસ્મારના દરદીના મનમાં કોઇક પ્રકારનો સંઘર્ષ હોવાનો સંભવ છે. માનસિક ગૂંચ, સંઘર્ષ, દ્વિધાભરેલી સ્થિતિ, ભય અને અસલામતીની લાગણી, પાપગ્રંથિ આદિ માનસિક તત્ત્વો અપસ્મારના દરદના કારણરૂપે હોઇ શકે છે.

દરદી પરામર્શકની સહાયથી પોતાના જીવનની સમસ્યાઓ અને મનની ગતિવિધિને પારખી શકે તો તેને આ સંઘર્ષમાંથી મુક્ત થવામાં સહાય મળે છે.

દરદીની સમજની અવસ્થા હોય અને દરદીનું વલણ સહકારયુક્ત હોય તો પરામર્શકની સહાયથી દરદી પોતાની જાતને, પોતાની સમસ્યાને સમજી શકે છે. સમજના પ્રકાશમાં સમસ્યાઓનું જોર હળવું બને છે.

આમ બની શકે તો અપસ્મારના દરદમાંથી મુક્ત થવામાં આ ઉપાય પણ એક મૂલ્યવાન સહાયરૂપ બની શકે તેમ છે.

સમાપનઃ

અપસ્માર એક મનોરોગ છે, છતાં તેનું સ્વરૂપ વ્યક્તિએ - વ્યક્તિએ ઘણું ભિન્ન હોય છે. આ બીમારીમાં વ્યક્તિગત ભિન્નતા ઘણી હોય છે.

અપસ્મારના દરદીની માનસિક અને શારીરિક અવસ્થા, તેની સમજનું ધોરણ, તેના વ્યક્તિત્વનો ઢાંચો- આવી અનેક બાબતોમાં દરદીની વ્યક્તિગત ભિન્નતાઓ પણ ઘણી હોય છે. શાણા ચિકિત્સક આ વ્યક્તિગત ભિન્નતાને બરાબર સમજીને તદનુરૂપ ઉપાયો યોજે છે.

ક્યા દરદી માટે ક્યો ઉપાય ક્યારે અને ક્યા સ્વરૂપે પ્રયોજવો તેનો વિવેક આવશ્યક જ નહીં, પરંતુ અનિવાર્ય છે.

૧૪. હિસ્ટીરિયાની યૌગિક ચિકિત્સા

હિસ્ટીરિયાનો રોગ અતિપ્રાચીનકાળથી પ્રચલિત છે. તેમ સૂચવતા ઐતિહાસિક ઉલ્લેખો જોવા મળે છે.

પ્રાચીનકાળથી એમ માનવામાં આવતું હતું કે આ રોગ માત્ર સ્ત્રીઓને જ થાય છે, પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધમાં સૈનિકોમાં પણ હિસ્ટીરિયાનાં લક્ષણો જોવા મળ્યાં, ત્યારથી આ ધારણા ખોટી સિદ્ધ થઇ છે.

આધુનિક યુગમાં શારકો, બર્નહીમ, બેબીન્સકી, જાનેટ અને ફ્રોઇડ આદિ મનોવૈજ્ઞાનિકોએ હિસ્ટીરિયાના સ્વરૂપને સમજાવવાનો વિશેષ પ્રયત્ન કર્યો છે.

ફ્રોઇડ દમિત કામને હિસ્ટીરિયાનું કારણ ગણાવે છે. પાછળથી ફ્રોઇડના આ સિદ્ધાંતનો બહુ વિરોધ થયો છે. તીવ્ર માનસિક સંઘર્ષને કારણે વ્યક્તિત્વના સંગઠનની માત્રા ખૂબ ઘટી જાય છે. વ્યક્તિત્વનું સંગઠન છિન્નભિન્ન થઇ જાય છે. આ વિકૃતિને હિસ્ટીરિયા કહેવામાં આવે છે.

હિસ્ટીરિયાનાં અનેક સ્વરૂપે છે. હિસ્ટીરિયાને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે.

૧. રૂપાંતરિત પ્રતિક્રિયાઓઃ

આ વિકૃતિમાં વ્યક્તિનો તીવ્ર આંતરિક સંઘર્ષ બાહ્ય શારીરિક લક્ષણોરૂપે પ્રગટ થાય છે. આ લક્ષણો શારીરિક બીમારીરૂપે પણ પ્રગટ થાય છે. આ રોગમાં વસ્તુતઃ દર્દીને કોઇ બીમારી હોતી નથી, પરંતુ વ્યક્તિ જ્યારે આંતરિક સંઘર્ષના વેગને સહન ન કરી ત્યારે તે શારીરિક લક્ષણોરૂપે અભિવ્યક્ત થાય છે, એટલે કે રૂપાંતરિત પ્રતિક્રિયાઓ આવેગાત્મક સંઘર્ષનું રૂપાંતર છે.

રૂપાંતરિત પ્રતિક્રિયાઓનાં લક્ષણોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે.

(૧) સંવેદનાત્મક લક્ષણોઃ

દર્દી આંખ, કાન કે નાકની શક્તિ ગુમાવી બેસે છે. દર્દી આંધળો, બહેરો કે ઘ્રાણહીન બની જાય છે. અહીં નોંધનીય બાબત એ છે કે દર્દીની આ જ્ઞાનેન્દ્રિયોગાં કોઇ ખામી નથી હોતી. પરંતુ આંતરિક સંઘર્ષને કારણે તે સંવેદનાની શક્તિ ગુમાવી બેસે છે.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# વરઘોડાના આ તે કેવા ભગા-લોચા ને બફાટ...



'બાપુ, મારો અને ઘોડાનો ચહેરો ફૂલોની સેરથી ઢાંકી દો, બન્નેમાંથી કોઈનો ચહેરો દેખાય જ નઇ, નઇતર જાનૈયાઓને શંકા જાય કે આપણે ઘોડાના લગ્નમાં આવ્યા છીએ કે ચંબુના? ! '

'ના બેટા,તારો ચહેરો ઢાંકવો પડે ઘોડાનો નઇ...કારણ કે માણસ પાસે બે કે વધુ ચહેરા હોય છે. એક દેખાય ને બાકીના અદ્રશ્ય અંદર. બાકી પશુના તો જેવા બહાર

એવા અંદર એથી ઢાંકો ન ઢાંકો નો ફરક. ચાલ, તારો ઢાંકી દઈએ'

(ત્યાં ગીત વાગ્યું 'દિલ કો દેખો ચહેરા ન દેખો ' )..

'અરે બાપુ, આ ઘોડાની આજુબાજુ ટ્રેનના લોકલ ડબામાં લટકતા ડાંડલા જેવુ શું છે?'

'એને પેગડું કહેવાય બેટા, કેટલાય માણસો અહંકારના એવા વહેમમાં ફસાયા છે કે એમને એમ છે કે એમના પેગડામાં કોઈ પગ ન નાખી શકે, પણ વરરાજા બન્યા તો ઘોડાના પેગડામાં પગ નાખ્યા પછી જ બેસી શકાય. ચાલ, તું ઘોડા પર બેસી જા વન .. ટુ .. થ્રી...'

જેવો ચંબુએ જમણી બાજુથી પેગડામાં પગ નાખ્યો તો ઘોડો જોરથી સ્પ્રિંગની જેમ ઉછળ્યો કે ચંબુ ધબ કરતો ડાબી બાજુ ભમ થઈ ગયો. માથામાંનો સાફો નીકળી ગયો :

'પણ આ શું? ચંબુ ટકલો કેમ કરતા થયો? વાળ ક્યાં?' જાનૈયા મુંઝાયા

માર્યાઠાર... બાપુ અંદરથી ગભરાયા, મૂંઝાયા, અકળાયા, અરે, આ સાફાની અંદર જ બધા વાળ ભરાયા હશે.

'યારો સોરી, ચંબુના ઓરિજનલ વાળ ગાયબ છે. ગગાએ વિગ પહેરી હતી' ચંબુના બાપુએ ભંડો ફોડ્યો પછી ચંબુને કાનમાં કીધું.

'અક્કલમઠ્ઠા, હજાર વાર કીધું કે મારી વિગ ન વાપર, મોટી પડે ને પવનમાં ઊડી જાય.' પછી સાફો પહેરાવી ચંબુને ઊભો કર્યો :

'બાપુ .. ' (સચ્ચાઈ છૂપ નહીં સકતી બનાવટ કે ઉસૂલોસે)..

'તું બાપુ.. બાપુ ન કર દરેક નિષ્ફળતા સફળતા તરફ લઈ જાય છે. ચાલો, ફરી વન .. ટુ.. થ્રી..'

મિત્રો, બીજીવાર સ્કૂટરની જેમ બે-ત્રણ કીક મારી ફરતા ચગડોળની જેમ એક પગ હવામાં ઉછળ્યો કે એ ચોયણીમાં અધવચ્ચે જ એવો ભરાયો કે કૂતરું જાણે થાંભલા..'

'છી.. છી..છી' જાનૈયાનો પોકાર 'સેમ સેમ ..'

'બાપુ, હું શ્વાન જેવો લાગું છું? બધા મને સેમ સેમ કેમ કે છે?'

'અરે મારા ગગા, સેમ નઇ સેઇમ.. સેઈમ.. શરમ કર કહે છે. હવે બેલેન્સ રાખ.'

'છે બાપુ, બેલેન્સ તો છે બેન્કમાં ૨૯૪૭.૪૫ પૈસા'

'અરે ટોપા, ઘોડાની લગામ પકડી બેલેન્સમાં બેસ... હે પ્રભુ આ એન્ટિક પીસનુ શું કરવું?' બાપુએ વેદના વ્યક્ત કરી

'તમે જલદી કરો' ઘોડાવાળો ભડક્યો : 'સમય જાય પછી મૂરત પણ જતું રહેશે.'

'એય ઘોડીના..'

'શું બોલ્યા? ખબરદાર, જો આવો અપશબ્દ.'

'અરે, પૂરું સાંભળ..એ ઘોડીના માલિક. મૂરત જાય તો બીજું આવશે પણ મુરતિયો ઉપર ગયો તો તારા બાપુજીને બેસાડીશ.? ગગાએ ૪૨ વર્ષ રાહ જોઈ તું ૪૨ સેકન્ડ....'

'અરે બાપુ, એના બાપુ તો ગુજરી ગયા છે એટલે મારી જગાએ..' ચંબુ બોલ્યો

'અરે યાર, કોઈ આ ચંબુને પાન ખવડાવી શાંત કરો નઇતર બફાટ ચાલુ રહેશે.' બાપુ ભડક્યા

એટલામાં ચંબુના મોઢામાં ઉપરાઉપરી ૧૨૦ કિમામના બે પાન ખીચોખીચ ભરાવી દીધા ને 'ચલીચલી રે પતંગ ચલી બાદલો કે પાર' કરતી જાન ઉપડી.

હવે લોચો એ પડ્યો કે ચંબુની બોલતી બંધ, પણ મોઢામાં પાનરસનો કુંડ થવા લાગ્યો. જેમ ફુગ્ગો ધીરે ધીરે ફૂલાવીએ એમ મોં ફૂલતું ગયું ને ચંબુનો ચહેરો બિન વગાડતા મદારી જેવો થઈ ગયો.

'સ્માઇલ પ્લીઝ' ફોટોગ્રાફર બોલ્યો ને ચંબુથી પાનનુ વિસ્મરણ થઈ ગયું ને ગબ્બર જેવુ ખડખડાટ હસ્યો, ડેમ તૂટયો ને ફઉઉઉસ કરતો ફૂવારો ઊડ્યો રેલાથી ગાલ લાલ, શેરવાણી લાલ...

'બાપુ ચંબુને લોહીની ઊલટી... જાન પહેલાં હોસ્પિટલ લઈ લો પછી વાડીએ' કોઈ બોલી ઊઠ્યું .

ચંબુ બોલી ન શક્યો કે આ ઊલટી નથી પણ અંદરના પાનની દેન છે. વાતાવરણ તંગ બન્યું.

'અરે આ તો પાનની પિચકારી છે. કોઈ કંકાવટી ધરી દો..ચાંલ્લા વખતે કંકુની જરૂર પડશે' કોઈ બોલ્યું

(યે લાલ રંગ કબ મુજે છોડેગા)

સવારના લગ્ન ઠેઠ રાતે દસ વાગે પૂરા થયા.

ઓવર ટુ સોહાગ રાત....

'ચંપા, તારા બાપુજીને ખબર તો છે ને કે તું અહીં રોકાવાની છે?' ચંબુનો પ્રશ્ન 'અરે મારા ભોળિયા રાજા, રાત- દિવસ પૂરું જીવન તારી સાથે.. તેરે મેરે સપને અબ એક રંગ હૈ, સમજ્યો?'

'ચંપા, મારા બાપુજીએ હા શું કામ પાડી... ખબર છે? ભેદ એ હતો કે મારી બા તારા બાપુજીને ચાહતી હોવા છતાં લગ્નનું બલિદાન..'

'સોરી, ચંબુ ....આ ભ્રમ છે ...ખરેખર તો તારી બાને આપણા બંનેના બાપુ ચાહતા હતા, પણ મારા બાપુ બધુ બોલ્યા પણ 'આઇ લવ યુ' ન બોલી શક્યા પછી સગાઈના દિવસે કીધું : 'બેટા, ચંપા જિંદગીમાં બધા સપના સાકાર નથી થતાં. એક વિનંતી. મારા જીવનનું શ્રેષ્ઠ પાત્ર એટલે ચંબુની બા. એને મેળવવામાં નિષ્ફળ ગયો, પણ ચંબુને જમાઈ બનાવી પ્રેમનું ઋણ ચૂકવવું છે. છે મંજૂર બેટા .. ને મને થયું બાપુજીની મૃત્યુ પછી પ્રાર્થના રાખવી એના કરતા જીવતે જીવ કેમ ન સાંભળવી, ને આપણે મળ્યા ..' ને ચંબુએ ચંપાને બાહોમાં સમાવી લીધી.

શું કહો છો ? ■

feedback@bombaysamachar.com

ફોકસ પ્લસ

કવિતા યાજ્ઞિક

નારી સુરક્ષાની વાતો વચ્ચે...

# આજે પણ પ્રસૂતિમાં ગૃહિણીઓ પ્રાણ ગુમાવે છે

એક સમય હતો જ્યારે ભારતના અધિકાંશ ભાગમાં ઘરમાં થતી સુવાવડ, કસુવાવડ, હૉસ્પિટલનો અભાવ અને અન્ય કારણોસર પ્રસૂતિ મહિલાઓના મૃત્યુનું કારણ બનતી હતી. સમય જતાં દેશમાં ડૉક્ટરો સુધી પહોંચ વધી, હૉસ્પિટલો વધી, આધુનિક સુવિધાઓ વધી, સાક્ષરતાની સાથે પ્રસૂતિને લઈને જાગૃતિ પણ વધી તેમ છતાં, કમનસીબે આજે પણ પ્રસૂતિ દરમિયાન સ્ત્રી અને પ્રસૂતિ બાદ અનેક માતા પ્રાણ ગુમાવે છે.

પ્રસૂતિ વખતે થતાં મહિલાઓનાં મૃત્યુને માપવા MMR અર્થાત્ માતૃ મૃત્યુ દર (મેટરનલ મોર્ટાલિટી રેટ) જોવામાં આવે છે, જેમાં પ્રતિ ૧ લાખ પ્રસૂતિ દરમિયાન થતાં મૃત્યુની નોંધ લેવાય છે.

સામાન્યપણે આપણે એવું માનીએ છીએ કે શહેરમાં વધુ સારી સુવિધાઓ હોવાથી પરિસ્થિતિ બહેતર હશે, પરંતુ વાસ્તવિકતા વરવી છે. આપણાં મોટા ભાગનાં શહેરોની અડધા જેટલી વસતિ તો ઝૂંપડપટ્ટીમાં રહે છે. એમની પાસે રહેવાલાયક મકાન નથી હોતું. ગંદકીનું સામ્રાજ્ય હોય છે. એમની આવક પણ ઓછી હોય છે. પશ્ચિમ ભારતનાં શહેરોમાં અસ્થાયી વસાહતોમાં રહેતી મહિલાઓને આવી પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે, જ્યાં ૪૯ ટકા સગર્ભા સ્ત્રીઓને ભલામણ કરી હોય એવી જરૂરી આરોગ્ય સંભાળ સુવિધાઓ પણ મળતી નથી. એમના ખોરાકમાં જરૂરી પોષક તત્ત્વોનો



અભાવ પણ સમસ્યામાં વધારો કરે છે.

ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા રૂપિયા એમના ખાતામાં મોકલાવી શકો, પરંતુ એમની ગર્ભાવસ્થા દરમિયાન અને પ્રસૂતિ વખતે જરૂરી સુવિધા કેટલી સુલભ છે તેના ઉપર કોઈનું ધ્યાન હોતું નથી. ૨૦૨૧માં પ્રગટ થયેલા એક અહેવાલ અનુસાર ભારતમાં લગભગ ૨૬.૬૬ % ગર્ભવતી મહિલાઓમાં લોહતત્ત્વોની ખામી જોવા મળે છે, જેના કારણે પ્રસૂતિ પછીના રક્તસ્ત્રાવનું જોખમ ૧૧% જેટલું ઊંચું હોય છે. પરિણામે હજારો માતાઓના જીવ જાય છે. આ જોખમ શહેરોના ગરીબ વિસ્તારમાં પણ એટલું જ ઊંચું છે.

હા, એ પણ નોંધવું જરૂરી છે કે વર્ષ ૨૦૦૦ થી ૨૦૨૦ની વચ્ચે માતૃ મૃત્યુ દરમાં સારો એવો ઘટાડો પણ નોંધાયો છે.

છેવાડાના ગામડાઓમાં જ્યાં તબીબી સુવિધાઓ તો ઠીક, પ્રસવ પીડા ઊપડે તો મહિલાને હૉસ્પિટલ પહોંચાડવા વાહન પણ ઉપલબ્ધ નથી હોતાં. કેટલેક ઠેકાણે તો રસ્તા ન હોય. નદીઓ પર દોરડાથી બાંધેલા પુલ હોય...અહીં સગર્ભાને યોગ્ય મદદ અને સારવાર મળવાની શક્યતાઓ અત્યંત ક્ષીણ હોય છે.

સમગ્રપણે જોઈએ તો આજે પણ કયાં કયાં કારણોસર પ્રસૂતા કે તાજી માતાનાં મૃત્યુ થાય છે?

હેમરેજઃ બાળજન્મ દરમિયાન અથવા પોસ્ટપાર્ટમ સમયગાળા દરમિયાન અતિશય રક્તસ્ત્રાવ એ માતાના મૃત્યુનું મુખ્ય કારણ છે. તે પ્લેસેન્ટા પ્રિવિયા, પ્લેસેન્ટલ એબ્રેશન અથવા ગર્ભાશયની અટોની જેવી ગૂંચવણોમાંથી પરિણમી શકે છે.

ચેપ

ભારત જેવા દેશમાં, જ્યાં તબીબી સેવાઓ દુર્લભ છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, નબળી સ્વચ્છતા, અપૂરતી પ્રિનેટલ કેર અને અશુદ્ધ પ્રસૂતિ પ્રથાઓ સીધું કારણ બની શકે છે. જ્યારે બાળકને જન્મ આપે છે ત્યારે મહિલાને ચેપ લાગવાની શક્યતા વધુ હોય છે. સગર્ભાવસ્થા અને પોસ્ટપાર્ટમ સમયગાળા દરમિયાન ચેપ ફેલાઈ શકે છે અને માતાને મૃત્યુ તરફ દોરી જાય છે.

અન્ય સ્વાસ્થ્ય સમસ્યા...

જો કોઈ સ્ત્રી પહેલેથી જ એનિમિયા, કુપોષણ, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અથવા ગર્ભાવસ્થાના કોઈ પણ હાયપરટેન્સિવ ડિસઓર્ડર જેવી કોઈ પણ પૂર્વ-અસ્તિત્વમાં રહેલી બીમારીથી પીડિત હોય તો ઘણીવાર ગર્ભાવસ્થા અને બાળજન્મ વખતે જોખમ વધી જાય છે.

મોટી વયે માતૃત્વ

વધતી ઉંમર સાથે ગર્ભાવસ્થામાં જોખમ વધી શકે છે. ૩૫ વર્ષથી વધુ ઉંમરની અસંખ્ય સ્ત્રીઓ તંદુરસ્ત ગર્ભાવસ્થા ધરાવે છે, જ્યારે પ્રસૂતિશાસ્ત્રમાં, આવી ગર્ભાવસ્થાને આગળની માતૃત્વ વય તરીકે ઓળખવામાં આવે છે.

સાંસ્કૃતિક-સામાજિક કારણ

આજે પણ, સાંસ્કૃતિક પ્રથાઓ, પરંપરાગત માન્યતાઓ અને સામાજિક ધોરણો માતાની સંભાળને પ્રભાવિત કરી શકે છે. કૌટુંબિક દબાણ અને સંસાધનોનો અભાવ પણ સ્ત્રીને તબીબી સહાય મેળવવાથી રોકી શકે છે. ગરીબી અને શિક્ષણ અને જાગરૂકતાનો અભાવ યોગ્ય આરોગ્ય સંભાળની પહોંચને વધુ અવરોધે છે અને માતા મૃત્યુદરમાં ફાળો આપે છે. આ તો માત્ર પ્રસૂતિ વેળાની સમસ્યાઓ છે. તે ઉપરાંત તો કંઈ કેટલીય મુશ્કેલીઓ સામે સ્ત્રી ઝઝૂમે છે. ઘણીવાર માતાના પ્રાણ બચી જાય તો સંતાન ખોવાનો વારો આવે છે. સરકારે વર્ષ ૨૦૩૦ સુધીમાં માતૃ મૃત્યુ દર ૭૦ ટકા જેટલો નીચે લાવવાનું લક્ષ્ય રાખ્યું છે. તે માટે દેશને ખૂણે ખૂણે તબીબી સુવિધાઓ અને જાગૃતિ પહોંચાડવાનું કામ હિમાલય જેવડું મોટું છે. ■

feedback@bombaysamachar.com

## આજની ટૂંકી વાર્તા

અજય ઓઝા

# ભિખારી

'ચલ હટ...'

ભારે ઘૃણાથી દર્પણે પેલા ભિખારીને હડધૂત કર્યો અને તોયે પેલો ફરી હાથ લંબાવે છે, 'સાયેબ.. કંઈ આપો ને...'

ફરી એકવાર દર્પણ રોષથી તેના તરફ જુએ છે અને ફરી તિરસ્કારે છે :

'આવા ને આવાઓ... સાલાઓ અહિ અમારી જ ઑફિસ સામે કોણ જાણે ક્યાંથી આવી ચડે છે !'

પોતાની ઓફિસના દરવાજે પહોંચતા જ સામેથી ગ્રીષ્માને આવતી જોઈને દર્પણ વાળ સરખા કરવા લાગ્યો. ગ્રીષ્મા નજીક આવી એટલે દર્પણે પોતાની આદત મુજબ એને બોલાવી :

'ગુડ મોર્નિંગ, કેમ છો, મેડમ ?'

'ફાઈન.' ટૂંકો જવાબ વાળતી ગ્રીષ્મા પોતાની જગ્યાએ ગોઠવાય ગઈ ને દર્પણે પણ પોતાનું ટેબલ સંભાળી લીધું. એ વખતે બહાર બેઠેલા પેલા ભિખારી તરફ અછડતી નજર ફેંકાય જાય છે, એ પણ દર્પણ સામે લાચાર મુદ્રામાં જોતો હતો. સાંજે ઑફિસ છૂટવાના સમયે ફરી દર્પણ ઊભો થઈ ગ્રીષ્મા પાસે પહોંચે છે :

'બહુ કામ કર્યું હવે મેડમ, મૂકો બધું. ચાલો, આજે મારે તમારી સોસાયટી બાજુ એક કામસર જવાનું છે તો તમને ડ્રોપ કરી દઈશ.'

ગ્રીષ્મા એ કામ પૂરું કર્યું ને ઊભા થતાં બોલી : 'સોરી ટુ સે, બટ મારે જ આજે માર્કેટ તરફ જવું પડે એમ છે તો આજે તો પોસીબલ જ નથી.'

દર્પણે ભોઠપ અનુભવી. બહાર નજર કરી. ભિખારી તેના તરફ મીટ માંડી બેઠો હતો. દર્પણના મોંએથી ગાળ નિકળતા રહી ગઈ. તે સમસમીને રહી ગયો. ગ્રીષ્મા બહાર નિકળી ગઈ. પેલા ભિખારીએ તેની સામે પણ હાથ લંબાવ્યો, પણ ગ્રીષ્મા તો સડસડાટ ચાલી ગઈ. ભિખારી ભોઠોં પડ્યો એટલે દર્પણે તેની સામુ જોયું, આંખ મિંચકારી, હોઠોને ગોળ કર્યા, અંગૂઠો બતાવ્યો, ને ખંધૂ હસ્યો.

લંબાયેલો ખાલી હાથ પાછો વાળી રહેલો ભિખારી આ જોઈને સમસમીને રહી ગયો.

બીજે દિવસે ઓફિસમાં આવતાં દર્પણ સામે ફરી એ હાથ લાંબો થયો, : 'સાહેબ, કંઈ આપો ને...' અને ફરી દર્પણના મોંએ તિરસ્કારના વરવા શબ્દો આવ્યા, 'અલ્યા જા ને અહિથી. તને બીજું કોઈ ઠેકાણું નથી મળતું? આજે શનિવાર છે, સામે હનુમાનજીના ઓટલે બેસી જા, ઉદ્ધાર થઈ જશે, ચલ હટ, ભાગ અહિથી.'

દર્પણના હોઠ પર હજુ વધારે શબ્દો આવી જાત, પણ દૂરથી ગ્રીષ્માને આવતી જોઈ દર્પણ વાળ સંકોરવા માંડ્યો ને ઈન-શર્ટ પણ ઠીકઠાક કરવા લાગ્યો.

'મોર્નિંગ મેડમ, આજે તો કંઈક અલગ જ મૂડમાં લાગો છે કે શું ?' દર્પણે પોતાની સ્ટાઈલ મુજબ લાઈન મારવાનું શરૂ કર્યું.

'અરે જરાય નહિ, કાલનાં અધૂરાં રહેલાં કામનું ટેન્શન છે.' કહેતી ગ્રીષ્મા પોતાના ટેબલ તરફ ગઈ ને સંતાપ અનુભવતી દર્પણની નજર બહાર બેઠેલા ભિખારી તરફ પહોંચી. એ બધું જોઈ રહ્યો હતો એવો ખ્યાલ આવતાં તરત જ દર્પણનો પિત્તો ગયોઃ 'અરે, આને કેમ કોઈ અહીંથી ખસેડતું નથી? સવાર સવારમાં મૂડ જ ખરાબ કરી નાખે છે.'

બબડતો બબડતો એ પોતાના ટેબલ પર ગોઠવાયો.

તેનું ટેબલ એવા ઍંગલ પર ગોઠવાયેલું હતું કે તેને ઑફિસનો દરવાજો અને બહાર બેસતો પેલો ભિખારી સીધા જ દેખાય. દિવસભર આ રીતે ભિખારી સાથે જ્યારે જ્યારે નજરો ટકરાતી ત્યારે ત્યારે એ સમસમી ઊઠતો, પણ ગ્રીષ્માની નજર એને ટાઢક આપે અને ભિખારીની નજર એને દઝાડે.

કામ કરતાં કરતાં એ ક્યારેક ભિખારી તરફ જોતો, તો ક્યારેક ગ્રીષ્મા તરફ તાકી રહેતો, પણ

ગ્રીષ્મા ક્યારેય એના તરફ માથું ઊંચકીને જોતી નહિં ને ભિખારી તો સતત ટગર ટગર એને તાકી રહેતો જ દેખાય !

વિચારોમાં ને વિચારોમાં એ ક્યાંય ખોવાય જતો. એને લાગતું કે ઑફિસમાં પોતે અને ગ્રીષ્મા સિવાય કોઈ નથી, ખભે પર્સ રાખી, ગોગલ્સ પહેરીને છૂટા વાળ ઊછાળતી

ઊછાળતી એ સામેથી આવી રહી છે અને પોતે હાથમાં બાઈકની ચાવી ફેરવતો ફેરવતો તેની સામે એક અલગ છટાથી આવી જાય છે અને ઊંચી હિલના સેન્ડલમાં લટકતી ચાલે પાસે આવેલી ગ્રીષ્માના પગ જરા લથડાતા સંતુલન ખોઈ બેસે છે ને પોતે બંને હાથોમાં ભગવાનની પ્રસાદી સમજીને ગ્રીષ્માને ઝીલી લે છે. પછીની પળોમાં એ જ પોઝિશનમાં એકબીજાને શરમાળ અને ક્લોઝ લૂક આપે છે. જોકે, એ જ વખતે કોણ જાણે કેમ દર્પણ પોતે પણ સંતુલન ખોઈ દે અને ગ્રીષ્મા એના હાથમાંથી ઉછળીને નીચે ફ્લોર પર ફસડાય જાય ત્યારે એ જુએ છે કે ગ્રીષ્માને આગળ લંબાયેલો કોઈનો હાથ સંભાળી લે છે અને એ હાથ પેલા ભિખારીનો છે એવું દેખાતા જ દર્પણ ચોંકી ઊઠે છે. ગ્રીષ્માને પેલા ભિખારીના હાથથી છોડાવતા એ રાડો પાડવા લાગે છે :

'સાલા ભિખારી, તારી આ હિંમત? આ પ્રસાદી છે, તારી ભીખ નહિ, ચલ હટ.. ચલ હટ..!'

'સાહેબ, કોને ચલ હટ ચલ હટ કરો છો ?

અહિ તો કોઈ નથી !'

દર્પણનો ચહેરો જોવા જેવો થઈ જાય છે :

'કોઈ ને નહિ, તું જાને હવે ! .'

સાંજે ઑફિસ છૂટવાના સમયે દર્પણ વળી ગ્રીષ્મા પાસે પહોંચી ગયો :

'મેડમ, થાક્યા હશો...ચાલો, એક એક કોફી થઈ જાય ?'

'કેમ ? તમે એકલા કોફી કેમ નથી પી શક્તા ?' ગ્રીષ્માએ વળતો સવાલ કર્યો.

'કોઈની કંપની હોય તો જ કોફીની લિજ્જત આવે... યૂ નો !' દર્પણે કહી નાખ્યું.

જરા આમતેમ જોઈને ગ્રીષ્મા બોલી :

'મારું તો મન નથી, પણ પેલો ભિખારી ભૂખ્યો લાગે છે, એ કંપની પણ આપી શક્શે, વ્હાય નોટ યૂ ટ્રાય હિમ?!'

એ પછી આંખો નચાવતી ગ્રીષ્મા ચાલી ગઈ. દર્પણ ધૂંધવાઈ ગયો. એને ખબર હતી કે પેલો ભિખારી આ બધું જોઈ જ રહ્યો હશે. સાલો રાજી થતો હશે.

ગ્રીષ્મા બહાર નીકળી એટલે દરવાજે બેઠેલા ભિખારીએ ગ્રીષ્મા તરફ હાથ લંબાવ્યો :

'કંઈ આપો ને..'

ગ્રીષ્મા એક પળ ઊભી રહી પોતાનું પર્સ ખભેથી ઉતાર્યું, ખોલ્યું પણ પછી કંઈ પણ આપ્યા વગર જ બહાર નીકળી ગઈ.

ભિખારી ભોઠોં પડ્યો એટલે દર્પણે તેની સામુ જોયું, આંખ મિંચકારી, હોઠોને ગોળ કર્યા, અંગૂઠો બતાવ્યો ને ખંધુ હસ્યો. લંબાયેલો ખાલી હાથ પાછો વાળી રહેલો ભિખારી જોતો જ રહી ગયો.

રહી રહીને પાછું વળી ગ્રીષ્માએ મોટેથી દર્પણને કહ્યું : 'કાલે... સ્યોર હોં !'

ગ્રીષ્માએ કોફી માટે કાલનું પ્રોમિસ આપ્યું એ વાતે દર્પણ ખુશ હતો. તેની સાથે કોફી ટેબલ પર કરવાની વાતોનું એક લીસ્ટ બનાવ્યું. તક મળશે તો પ્રપોઝ કરવાનું પણ વિચારી લીધું. એ વખતે પોતાના હાવભાવ કેવા હોવા જોઈએ એ માટે તેણે અરીસા સામે બે-ત્રણ વાર રિહર્સલ પણ કર્યું.

બીજે દિવસે પૂરતી તૈયારી સાથે દર્પણ ઓફિસમાં આવી પહોંચ્યો. રાબેતા મુજબ એક હાથ તેના તરફ લંબાય છે :

'કંઈ આપો ને.. સાહેબ !'

રાબેતા મુજબ દર્પણ ઉશ્કેરાઈ પડે છે, અને 'ચલ ભાગ અહિથી.' કહેતા તે પોતાના ટેબલ પર જાય છે ને ગ્રીષ્માની રાહ જુએ છે.

થોડી જ વારમાં ગ્રીષ્મા પ્રવેશે છે. ભિખારી તેની સામે હાથ લંબાવે છે. ગ્રીષ્મા ઊભી રહે છે, ખભેથી પર્સ ઉતારે છે, ખોલે છે, સો રૂપિયાની નોટ બહાર કાઢે છે. ભિખારીની સાથે દર્પણની આંખો પણ પહોળી થઈ જાય છે. કશુંક વિચારી ગ્રીષ્મા સો રૂપિયાની નોટ પાછી પર્સમાં મૂકી દે છે ને ઑફિસમાં આવી જાય છે. ભોંઠા પડેલા ભિખારીનો ખાલી હાથ પાછો ફરે છે.

તરત જ દર્પણે ભિખારીની સામુ જોયું, આંખ મિંચકારી, હોઠોને ગોળ કર્યા, અંગૂઠો બતાવ્યો, ને ખંધુ હસ્યો. લંબાયેલો ખાલી હાથ પાછો વાળી રહેલો ભિખારી ઓઝપાઈ જાય છે.

સાંજે દર્પણ ઝડપથી કામ પતાવી ગ્રીષ્મા પાસે પહોંચે છે : 'તો.. જઈશું ?'

'ક્યાં?' ગ્રીષ્મા લગભગ ચોંકી પડી હોય એમ જ બોલી.

'કોફીહાઉસ.. કાલે જ તો તમે પ્રોમિસ આપેલું?' દર્પણ બોલ્યો.

'અરે નહિ.. એ તો મેં પેલા ભિખારીને પ્રોમિસ આપેલું.' ગ્રીષ્મા સહજતાથી જ બોલી.

'શું? તમે ભિખારી સાથે કોફી પીશો ? આ ભિખારી સાથે ?' દર્પણ ગરજી ઊઠ્યો.

'અરે, યાર... તમે ખોટું સમજ્યા છો, એને આપવા મારી પાસે કંઈ હતું નહિ એટલે મેં એને કહ્યું હતું કે .. કાલે આપીશ.. સ્યોર.. તમે કોફી નું સમજ્યા ! એક્ચ્યુઅલી મને કોફી માફક નથી આવતી. મને તો આઈસ્ક્રીમ..'

ગ્રીષ્માને અટકાવતા દર્પણ બોલ્યો :

> ગ્રીષ્માને કોફી ટેબલ પર કરવાની વાતોનું એક લીસ્ટ બનાવ્યું... એ માટે તેણે અરીસા સામે બે-ત્રણ વાર રિહર્સલ પણ કર્યું.

'ઓહ.. તો એમ કહો ને ચાલો, આઈસ્ક્રીમ માટે જઈએ. નો પ્રોબ્લેમ.'

'પણ એક પ્રોબ્લેમ છે.' ગ્રીષ્મા બોલી.

'શું ? બોલો, આપણી પાસે સોલ્યુશન હોય જ.' દર્પણ આત્મવિશ્વાસથી બોલ્યો.

'બહાર બેસીને ખાવા કરતા એમ કરો ને તમે ફેમિલી પેક લઈ આવો, હું મારી મમ્મી સાથે ઘેર જ ખાઈ લઈશ, ઓકે ?' ગ્રીષ્મા બોલી.

દર્પણ મુંઝાયો, પણ હવે ના પાડવાનો તો સવાલ જ ક્યાં હતો? એણે ફેમિલીપેક ગ્રીષ્માને અપાવ્યું ને વળી પૂછ્યું :

'બાય ધ વે, તમને સૌથી વધુ શેનો શોખ છે?'

જરા કપાળ પર પહેલી આંગળી રાખી વિચાર કરીને ગ્રીષ્મા બોલી :

'મૂવી જોવાનો, ખૂબ જ શોખ, મૂવી માટે તો કોઈની ઑફર આવે તો હું ક્યારેય ઠુકરાવતી નથી.'

'યસ્સ, ગોટ ઇટ !' દર્પણ મનમાં જ બબડ્યો. ગ્રીષ્મા બહાર નિકળી. દરવાજે બેઠેલા ભિખારીએ આદત મુજબ હાથ લાંબો કર્યો. ગ્રીષ્મા ઊભી રહી. ખભેથી પર્સ ઉતાર્યું, સોની નોટ કાઢી, ફરી કંઈક વિચારી અંદર મૂકી ને પર્સ ખભે ચઢાવી ચાલી ગઈ.

દર્પણે ભિખારીની સામુ જોયું, આંખ મિંચકારી, હોઠોને ગોળ કર્યા, અંગૂઠો બતાવ્યો, ને ખંધુ હસ્યો. લંબાયેલો ખાલી હાથ પાછો વાળી રહેલો ભિખારી આ જોઈને હંમેશની માફક સમસમીને રહી ગયો.

ઘેર આવી દર્પણે આગળના દિવસનો પ્લાન ઘડવા માંડ્યો. નક્કી કરી લીધું કે સાંજના શોની બે ટિકિટ લઈને જ જવાનું. ગ્રીષ્માએ પોતે જ પોતાની નબળી કડી સામેથી બતાવી આપી છે તો એ મૂવી માટેની ઑફર તો ઠુકરાવી શકશે જ નહિ ! બેસ્ટ આઈડિયા!

વહેલી સવારે જ સજીધજીને સાંજના શોની બે ટિકિટ લઈ દર્પણ ઑફિસ પહોંચી ગયો. દરવાજે લાંબો થતો હાથ પોતાની આદત મુજબ ઠુકરાવતો એ ટેબલ પર ગોઠવાય છે. ગ્રીષ્મા આવે છે, તેની સામે પણ ભિખારી હાથ લંબાવે છે, ઊભી રહીને

ગ્રીષ્મા પર્સમાંથી સોની નોટ કાઢે છે, પણ આપ્યા વગર જ અંદર આવી જાય છે.

ખંધૂ હસતો દર્પણ ભિખારીને ઈશારાથી ચીડવે છે. પછી ગ્રીષ્મા પાસે પહોંચે છે,

'ગુડ મોર્નિંગ મેડમ. આજે સાંજે તો ફ્રી છો ને?' ને ધીમા અવાજે ઉમેરે છે, 'હું તમને ગમી જાય એવી મૂવી 'પુષ્પા-ટુ ' ની બે ટિકિટ લાવ્યો છું. મજા આવશે.'

લગભગ ખુશીથી ઉછળી પડેલી ગ્રીષ્મા બોલી : 'વાઉ..વાય નોટ. મૂવી તો ઍન્જોય કરવાનું જ હોય ને ! ચોક્કસ જઈશુ.'

ખુશ થતા થતા પોતાના ટેબલ પર જતી વખતે દર્પણે પેલા ભિખારી તરફ વિજયી નજર ફેંકી અને અંગૂઠો બતાવ્યો. ભિખારી લાચાર ચહેરે તાકતો રહ્યો.

દર્પણ તો ક્યારે સાંજ પડે એની જ રાહ જોતો રહ્યો. એની નજર ઘડિયાળ પર અને દિમાગ ગ્રીષ્મા પર ચક્કર કાપી રહ્યાં હતા. વચ્ચે વચ્ચે પેલા ભિખારી સાથે નજર મળી જતી ત્યારે એની તંદ્રા પણ તૂટી જતી. સાંજના ૬ તો માંડ વાગ્યા. ટેબલ પરથી ઊભો થઈ ગ્રીષ્મા પાસે જવાની તૈયારી કરતો હતો ત્યાં ગ્રીષ્મા જ તેની પાસે આવી : 'સોરી દર્પણભાઈ, મારા ફ્રેન્ડનો ફોન આવ્યો ને મારે તેની સાથે જવું પડશે તો તમે એકલા જ મૂવી જોઈ આવશો?! નેક્સ્ટ ટાઈમ ?'

દર્પણનું મોં પડી ગયું, આઘાત લાગ્યો હોય એમ આંખો ફાડી જોતો રહ્યો. આ વખતે એણે ઘણો કાબૂ રાખ્યો તો પણ દરવાજે ભિખારી સાથે નજર મળી જ ગઈ ! એ પણ જાણે સમજી ગયો હોય એમ ખુશ દેખાતો હતો.

થોથવાતા સ્વરે દર્પણ બોલ્યો : 'ઈટ્સ ઓકે, નો પ્રોબ્લેમ. એક્ચ્યુઅલી યૂ નો, મારે પણ એક મરણના પ્રસંગે જવાનું થયું છે, તો

આજે તો હું પણ નહિ જઈ શકું.' પછી ખિસ્સામાંથી ટિકિટો બહાર કાઢી અફસોસ સાથે બોલ્યો : 'ભલે ટિકિટો આજે નકામી જશે પણ આપણે સાથે જ જઈશું.. નેક્સ્ટ ટાઈમ.. ઓકે ?'

'ઓહ... થેન્ક્યૂ. તમે કેટલા સરળ છો !' હસીને ગ્રીષ્મા બોલી ત્યાં તેના પર્સમાં મોબાઈલ રણક્યો, જરા દૂર જઈ વાત ચાલુ કરી,

'યસ... બોલ?...શું થયું?...

હાઉસફૂલ?... અરે ડોન્ટ વરી... આઈ હેવ ઓલરેડી અૅરેન્જડ ડિયર ! ... યા...યા, હું પહોંચું જ છું. જસ્ટ અ મોમેન્ટ... ઓકે ?... બાય.'

ગ્રીષ્મા પલટી : 'અરે દર્પણભાઈ, એમ હોય કાંય ? તમે આટલી મેહનત કરી ને ટિકિટો લાવ્યા, ને હું એ નકામી થોડી જવા દઉં?' હાથમાં ટિકિટો સાથે ઊભેલો દર્પણ કંઈ સમજે એ પહેલા ગ્રીષ્માએ ટિકિટો લગભગ આંચકતી હોય એમ લઈ ને કહ્યું :

'તમારે મરણમાં જવાનું છે ને? નો પ્રોબ્લેમ હું ને મારો ફ્રેન્ડ ...અમે મૂવી જોઈ આવીએ.. પૈસા વસૂલ !'

દર્પણ બાઘો બની ગયો. ટિકિટ પર્સમાં મૂકતા ગ્રીષ્મા ધીમેથી બોલી : 'મલ્ટીપ્લેક્સમાં ટિકિટ લેવા ગયેલો મારો બોયફ્રેન્ડ છે ને મારી સાથે! હમણાં એનો જ તો ફોન હતો. ચાલો, હું નિકળું હો, એ મારી રાહ જોતો હશે. ! '

ગ્રીષ્માએ આવી રીતે તો એને ક્યારેય નહિ દઝાડ્યો હોય. દર્પણ ઊભો જ સળગી રહ્યો. દરવાજા બહાર નિકળતા ગ્રીષ્માને એક લંબાયેલો હાથ અટકાવે છે : 'કંઈ આપો ને..'

ગ્રીષ્મા ઊભી રહે છે, પર્સમાંથી સોની નોટ કાઢે છે ને ભિખારીના હાથમાં મૂકે છે.

સપનું જોતો હોય એમ ભિખારી સોની નોટને આમતેમ જોઈ લીધા પછી દર્પણ તરફ નજર કરે છે, તે દર્પણ તરફ આંખ મિંચકારે છે, હોઠોને ગોળ કરે છે, નોટ સાથે જ અંગૂઠો બતાવે છે, ને ખંધુ હસે છે.. ! ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કોશ | LEATHER BUCKET |
| કોસ | FOX |
| કોષ | PROMISE |
| કોલ | TREASURE |
| કોલું | CELL |

### ઓળખાણ પડી?



ભારતના કૃષિ ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાનથી સફરજનના ઉત્પાદનમાં બદલાવ લાવનારા પદ્મ એવૉર્ડ સન્માનિત વિજેતાની ઓળખાણ પડી?

અ) અજય ભટ્ટ બ) એસ. અજીત કુમાર ક) સુભાષ શમા ડ) હરિમન શર્મા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઓ | ળ | ૨ ખા | ણ | ■ | ૩ પ્ર | ૪ મા | ણ | પ | ૫ ત્ર |
| ણ | ■ | ત | ■ | ૬ સ | વા | રી | ■ | ■ | સ્ત |
| ૭ સા | ૮ ભા | ર | ■ | ૯ મા | સ | ■ | ૧૦ છો | ડ | ■ |
| ૧૧ લ | ગી | ■ | ૧૨ ભ | લો | ■ | ૧૩ બી | ક | ■ | ૧૩-અ ચો |
| ■ | ૧૪ દા | ૧૫ મ | ■ | ૧૬ ચ | ક | ચા | ર | ■ | ક |
| ૧૭ ત | ર | સ | ■ | ના | ■ | ૧૮ રો | મ | ૧૯ ન | ■ |
| રે | ■ | ૨૦ લ | તા | ■ | ૨૧ મુ | ■ | ૨૨ ત | ર | ૨૩ ત |
| ૨૪ હ | ૨૫ યા | ત | ■ | ૨૬ સં | ક | ર | ■ | ૨૭ ક | લ |
| ૨૮ વા | દ | ■ | ૨૯ છા | ■ | ર | ■ | ૩૦ વા | ■ | વા |
| ર | ■ | ૩૧ રૂ | પાં | ત | ર | ■ | ૩૨ સ | વા | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | | ■ | ૧૦ | | ૧૧ | ■ | ૧૨ | | |
| | ■ | ૧૩ | | ■ | ૧૪ | | | ■ | |
| ૧૫ | ૧૬ | ■ | ૧૭ | | | ■ | ૧૮ | ૧૯ | |
| ■ | | ■ | | ■ | ૨૦ | ૨૧ | | | ■ |
| ૨૨ | | | ■ | ૨૩ | | | | ■ | ૨૪ |
| ૨૫ | | ■ | ૨૬ | | ■ | | ■ | ૨૭ | |
| | ■ | ૨૮ | ■ | ■ | ૨૯ | ■ | ૩૦ | | ■ |
| ૩૧ | ૩૨ | | | ૩૩ | ■ | ૩૪ | ■ | ■ | ૩૫ |
| ૩૬ | | | ■ | ૩૭ | | | | | |

**આડી ચાવી**

૧. મજબૂત, અક્કડ, ભવ્ય (૫)
૫. સૂર્યનો વાર (૪)
૯. મુક્તિ, છુટકારો (૨)
૧૦. સોનાચાંદીની પાતળી પતરી (૩)
૧૨. ત્વચા (૩)
૧૩. પહેલાં લોકો---માં રહેતા (૨)
૧૪. ચોર (૩)
૧૫. માછલી (૨)
૧૭. એક તંતુવાદ્ય પશ્ચિમી (૩)
૧૮. પ્રશ્ન (૩)
૨૦. ઇચ્છા ના હોવી તે (૪)
૨૨. એકધારાપણું (૩)
૨૩. નોકરની કામ કરતી પત્ની (૪)
૨૫. સાહેબ (૨)
૨૬. અભણ, અજ્ઞાની (૨)
૨૭. વારો (૨)
૩૦. સફેદ-પીળું સુગંધી ફૂલ (૨)
૩૧. ચર્ચા (૫)
૩૬. નજર, યાદદાસ્ત, ધ્યાન (૩)
૩૭. શરમાવા જેવું (૬)

**ઊભી ચાવી**

૧. શિયાળામાં આવતો વરસાદ (૪)
૨. ઓરડો, ખંડ (૨)
૩. હિમાલયનું સર્વોચ્ચ શિખર (૫)
૪. પૈસો, નાણું, સોનું (૨)
૬. ક્રમબદ્ધ, વિચારણા (૬)
૭. ડાબું (૨)
૮. રડવાના સ્વભાવવાળું (૪)
૧૧. જોખમી, ભયંકર, ખતરાવાળું (૫)
૧૬. હરકત, વિઘ્ન, વળગણ (૪)
૧૯. ઘોડો, અરડૂસાનું ઝાડ (૨)
૨૧. હંસ (૩)
૨૨. સ્ત્રીએ સાસરે જવું તે (૫)
૨૩. લખવા માટે --- બુક જોઇએ (૨)
૨૪. સાચી (૨)
૨૭. બાપા અંગ્રેજીમાં--- બની જાય (૨)
૨૮. ચૈતન્ય, જ્ઞાન, સમજશક્તિ (૩)
૨૯. તમે ---- કરો છો? (૧)
૩૨. ભાવ, ઉંદરનું ઘર (૨)
૩૩. બે આંકડાની પહેલી રકમ (૨)
૩૪. દાઝ્યા ઉપર --- ગુ. કહેવત (૨)
૩૫. ધણીને ---માં રાખો - ગુ.નાટક (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

જીવતો નર ભદ્રા પામે' કહેવતમાં ભદ્રા શબ્દનો અર્થ જણાવો.

અ) ભોજન બ) કિલ્લો ક) ભાન ડ) સુખ

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ETYMOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) રસાયણ બ) ઈતિહાસ ક) ભાષા ડ) સંસ્કાર

### માતૃભાષાની મહેક

'ઓડ - ઉમરેઠના ઊંડા કૂવા, દીકરી દે તેના મા - બાપ મૂઆ' કહેવતમાં વ્યથા છે. આણંદ તાલુકાના ઓડ અને ઉમરેઠ ગામના ઊંડા કૂવાઓને લીધે સ્ત્રીઓને પાણી ખેંચવામાં મુશ્કેલી પડતી હતી. એ ગામમાં પરણાવાયેલી સ્ત્રી આવા દુર્ભાગ્ય માટે માતા - પિતાને દોષ દેતી જેમાંથી કહેવતનો જન્મ થયો.

### ઈર્શાદ

જાય છે તો બધું જ લઈ જા, પણ
આ સ્મરણનો વિભાગ રહેવા દે.

-- ગૌરાંગ ઠાકર

### સુડોકુ-૮૦૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૫ | | | ૯ | | ૪ | |
| ૨ | | | ૮ | | ૪ | | | |
| ૧ | | | | | | | ૩ | |
| ૫ | ૪ | | | | ૮ | ૩ | | |
| ૩ | | | ૪ | | ૫ | | | ૬ |
| | | ૮ | ૨ | | | | ૫ | ૭ |
| | ૫ | | | | | | | ૪ |
| | | | ૯ | | ૧ | | | ૩ |
| | ૬ | | ૭ | | | ૧ | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૪ | ૩ | ૧ | ૬ | ૫ | ૮ | ૨ | ૯ |
| ૮ | ૬ | ૨ | ૩ | ૯ | ૪ | ૧ | ૫ | ૭ |
| ૧ | ૫ | ૯ | ૨ | ૮ | ૭ | ૩ | ૪ | ૬ |
| ૪ | ૨ | ૧ | ૮ | ૩ | ૬ | ૯ | ૭ | ૫ |
| ૩ | ૭ | ૬ | ૯ | ૫ | ૨ | ૪ | ૧ | ૮ |
| ૯ | ૮ | ૫ | ૭ | ૪ | ૧ | ૨ | ૬ | ૩ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૭ | ૮ | ૬ | ૯ | ૧ |
| ૫ | ૧ | ૮ | ૬ | ૨ | ૯ | ૭ | ૩ | ૪ |
| ૬ | ૯ | ૭ | ૪ | ૧ | ૩ | ૫ | ૮ | ૨ |

### માઈન્ડ ગેમ

વિશ્વનો કયો દેશ 'ફૂલોની ભૂમિ' - લેન્ડ ઓફ ફ્લાવર્સ તરીકે પ્રખ્યાત છે એ અહીં આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) ક્રોએશિયા બ) ચેક રિપબ્લિક ક) નેધરલેન્ડ્સ ડ) ડેનમાર્ક

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઢગલો | HEAP |
| ઢળવું | LEAN |
| ઢાલ | SHIELD |
| ઢીલ | DELAY |
| ઢોળવું | SPILL |

માઈન્ડ ગેમ
Hyperion Tree

ઓળખાણ પડી?
ચંદ્રકાંત સોમપુરા

ગુજરાત મોરી મોરી રે
ખડક

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
સિદ્ધિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ધીરેન્દ્ર ઉદેશી (૩) ગીતા ઉદેશી (૪) પ્રતીમા પમાણી (૫) સુરેખા દેસાઈ (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) નંદકિશોર સંજાણવાળા (૧૨) લજિતા ખોના (૧૩) મીનળ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) અશોક સંઘવી (૧૮) પુષ્પા પટેલ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) ડો. પ્રકાશ કટકિયા (૨૩) ભારતી પ્રકાશ કટકિયા (૨૪) મહેશ દોશી (૨૫) કલ્પના આશર (૨૬) સુભાષ મોમાયા (૨૭) મહેશ દોશી (૨૮) નયના ગિરીશ મિસ્ત્રી (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) રમેશ દલાલ (૩૧) હિના દલાલ (૩૨) ઈનાક્ષી દલાલ (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) વિણા સંપટ (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) નિતિન બજારિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) અંજુ ટોલિયા (૪૧) અરવિંદ કામદાર (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ભાવના કર્વે

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# માનવ માટે અમૃત સમા ગણાય છે બરી

તંદુરસ્ત માનવ જીવન ઈશ્વરનું વરદાન ગણાય છે. શરીરની નિયમિત કાળજી કરવી પ્રત્યેક વ્યક્તિના વિચારો ઉપર નિર્ભર કરે છે. હાલમાં અનેક વ્યક્તિ સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ જોવા મળે છે. તેઓ આરોગ્ય સદાબહાર જળવાઈ રહે તે માટે ભારતીય પ્રાચીન ભોજન વ્યવસ્થાને અપનાવવા લાગ્યા છે. ભારતની વિસરાઈ ગયેલી કે ફક્ત ગામડાંમાં ખવાતી મીઠાઈને શહેરીજનો ઉત્સાહપૂર્વક અપનાવવા લાગ્યા છે. જેમાં 'બરી'નો સમાવેશ થાય છે. એક સમય હતો કે જ્યારે બરી ખાવાની ઈચ્છા થાય ત્યારે દાદી-નાની ઘરે દૂધ પહોંચાડતા દૂધવાળા ભૈયાજીને અગાઉથી કહેતાં. 'બરી', 'ખરવસ' કે ખીસ' તરીકે જાણીતી આ મીઠી વાનગીથી શહેરી યુવાવર્ગ કદાચ અપરિચિત હોઈ શકે. ચાલો, તો આજે જાણી લઈએ નાના-મોટા બધા જ માટે વરદાન સમાન ગણાતી બરીના સ્વાસ્થ્યવર્ધક ગુણો વિશે :

જેમ બાળકના જન્મ બાદ માતાનું પ્રથમ દૂધ બાળકના સંપૂર્ણ વિકાસ માટે અત્યંત ગુણકારી ગણાય છે . ગાય-ભેંસના વિયાવ્યા બાદ વાંછરડાનો જન્મ થાય છે. ત્યારબાદ જે પ્રથમ દૂધ ગાય-ભેંસના આંચળમાં બને છે, તે અત્યંત ફાયદાકારક હોય છે. તેનું મુખ્ય કારણ છે પ્રથમ દૂધમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ તથા ઍન્ટિ બૉડીનું પ્રમાણ વધુ હોય છે. જે બૅક્ટેરિયા તથા વાયરલ સંક્રમણથી બચાવે છે. પાચનતંત્રને મજબૂત બનાવવા માટે ગુણકારી ગણાય છે. આ દૂધને અંગ્રેજીમાં 'કૉલોસ્ટ્રોમ મિલ્ક' કહેવામાં આવે છે.

આપણે બધા જ જાણીએ છીએ કે ગાયનું દૂધ સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. બરી કે ખીસ તરીકે ગાયની પ્રસૂતિ બાદ જે પ્રથમ દૂધ બને છે, તે વિશેષ ગુણકારી ગણાય છે. તેનું મુખ્ય કારણ આ દૂધમાં પ્રોટીન, મૈગ્નેશ્યિમ, વિટામિન તથા ખનીજ સમાયેલું છે. વળી તેમાં લેક્ટોફેરિન હોય છે, જે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં અત્યંત ઉપયોગી બને છે. બરીનો આહારમાં ઉપયોગ નાના બાળકો માટે અત્યંત લાભદાયક ગણાય છે.



## બરીના સ્વાસ્થ્યવર્ધક લાભ :

**અતિસારની તકલીફમાં લાભદાયક :** બરીને પાચનતંત્ર માટે અત્યંત લાભકારી ગણવામાં આવે છે. પેટને લગતી સમસ્યાથી બચાવે છે. વારંવાર અતિસારની તકલીફ રહ્યા કરતી હોય તેમને માટે બરીનો આહારમાં સમાવેશ અત્યંત ફાયદાકારક બને છે. કેમ કે આ દૂધમાં ઍન્ટિબોડી તથા પ્રોટીન પ્રચુર માત્રામાં સમાયેલું હોય છે. જે ઝાડાની સમસ્યાને કાયમ માટે દૂર કરવામાં મદદ કરે છે.

## સરળ રીતે બનતી બરી



**સામગ્રી :** ૧ લિટર દૂધ, ૧ વાટકી ખાંડ, ૪ નંગ બદામ, ૫-૬ તાંતણા કેસર, ૧ નાની ચમચી એલચી પાઉડર

**બનાવવાની રીત :** સૌ પ્રથમ દૂધને ગરમ કરવા મૂકવું. તેમાં એક નાની વાટકી ખાંડ ઉમેરવી. કેસરના તાંતણાને સાદા દૂધમાં પલાળીને ભેળવવા. દૂધમાં ખાંડ ઓગળી જાય ત્યારબાદ તેને ઉતારી લેવું એક મોટી કડાઈમાં પાણી ગરમ કરવું. તેમાં ઢોકળા બનાવતાં હોઈએ તે રીતે એક થાળીમાં ઘી લગાવીને દૂધ રેડવું. હવે તે થાળીને વરાળથી બાફવા મૂકવી. ૧૦ મિનિટમાં બરી બનીને તૈયાર થઈ જશે. તેની ઉપર એલચી પાઉડર તથા બદામની કતરણથી સજાવીને તેનો સ્વાદ માણવો.


**ડાયાબિટીસના દર્દીઓ માટે લાભકારી :** બરી બનાવવા માટે વપરાતા દૂધમાં સામાન્ય રીતે ગોળ કે ખાંડનો ઉપયોગ ગળપણ તરીકે કરવામાં આવે છે. ગળપણનો ઉપયોગ કર્યા વગર તૈયાર કરવામાં આવતી બરી સ્વાદમાં રૂચિકર લાગે છે. ડાયાબિટીસના દર્દીઓ તે મજાથી ખાઈ શકે છે. બરીના સેવન બાદ શરીરમાં ઈન્સ્યૂલિનનું સ્તર નિયંત્રીત કરવામાં મદદ મળે છે. બરી માટેના સ્પેશ્યલ ગાય કે ભેંસના દૂધને 'બોવાઈન કોલોસ્ટ્રોમ' કહેવામાં આવે છે. તેમાં કેટલાંક માઈક્રોન્યૂટ્રિઅન્ટસ્ રહેલાં છે. જે શરીરને શરદી, તાવ કે ચેપી જીવાણુંથી ફેલાંતા રોગથી બચાવે છે. આ દૂધનો રંગ આછો પીળો હોય છે. ભાવની વાત કરીએ તો લગભગ ૨૫૦ રૂપિયે પ્રતિ લિટર જોવા મળે છે. કૉલોસ્ટ્રોમ ગ્લૂકોઝના સ્તરને નિયંત્રીત કરવામાં મદદ કરે છે. કૉલોસ્ટ્રોમ બૈક્ટેરિયા તથા વાયરસ જેવા રોગ ઊભા કરતાં એજન્ટ સામે લડે છે. બરી માટેના ખાસ દૂધમાં ઍન્ટિબોડીનું સ્તર નિયમિત દૂધના સ્તરની તુલનામાં ૧૦૦ ટકા વધુ હોય છે.

**શરીરના અંગોનો યોગ્ય વિકાસ જોવા મળે છે :** બરીનું સેવન કરવાથી શરીરમાં યોગ્ય પ્રમાણમાં પ્રોટીન, તેમજ આવશ્યક પોષક તત્ત્વો મળી રહે છે. બાળકોને બરીનું સેવન કરાવવાથી તેમનો શારીરિક તથા માનસિક વિકાસ વધુ સારી રીતે થાય છે.

'બરી'નો સૌથી વધુ ઉપયોગ મહારાષ્ટ્રમાં થાય છે. શુદ્ધ બરી ખાવી હોય તો દૂધની ડેરીનો સંપર્ક કરવો હિતાવહ છે. મુંબઈ જેવા શહેરમાં તો રેકડીમાં સરળતાથી મળી રહે છે. ઑનલાઈન માર્કેટમાં બરી માટેનું ખાસ દૂધ મળવા લાગ્યું છે. ઘરે બનાવીને ખાઈ શકાય તે માટે બરીનો ખાસ પાઉડર મળવા લાગ્યો છે. તેનો ભાવ ૯૦૦ રૂપિયાથી ૧ હજાર રૂપિયે પ્રતિ કિલોનો હોય છે. તાજી મળતી બરીની સાથે ખાસ લખાણ લખેલું હોય છે કે 'વાછંરડાને પૂરતું દૂધ આપ્યા બાદ વધેલાં દૂધનો બરી બનાવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.' મહારાષ્ટ્રીયન વાનગી પીરસતી વિવિધ રેસ્ટોરાંમાં જઈને શુદ્ધ 'ખરવસ'નું સેવન કરી શકાય છે. ■

feedback@bombaysamachar.com
ફોકસ
વિવેક કુમાર

# એક જ જગ્યાએ બેઠા રહેવું એ નોતરે છે કૅન્સર-ડાયાબિટીસને...




બ્રિટનની ગ્લાસગો કૅલેડિયન યુનિવર્સિટીએ તાજેતરમાં કરેલા અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે દિવસમાં સૌથી વધુ સમય બેઠા રહેતા લોકોમાં ડાયાબિટીસ, સ્થૂળતા અને કૅન્સર જેવી બીમારીઓ થવાનું જોખમ વધુ હોય છે. તેથી વિવિધ બીમારીઓથી છુટકારો મેળવવા નિયમિત વ્યાયામ કરવાની જરૂર હોય છે. વ્યાયામ કરવાથી ફક્ત બીમારીઓથી બચી જવાતું નથી, પરંતુ અચાનક થતા મોતનું જોખમ પણ ૩૦ ટકા ઘટી જાય છે. જે લોકો દિવસમાં ચારથી છ કલાક બેઠા રહે છે તેઓને ૧૨થી ૧૮ મિનિટ, છથી આઠ કલાક બેઠા રહેતા લોકોને ૧૮થી ૨૪ મિનિટ અને આઠથી ૧૦ કલાક બેઠા રહેતા લોકોને દિવસમાં ૨૪થી ૩૦ મિનિટ વ્યાયામ કરવાની જરૂર હોય છે.

ઘણા લોકોને પોતાની નોકરી-વ્યવસાય માટે એક જ જગ્યાએ કલાકો સુધી બેઠા રહેવું પડતું હોય છે. કામ કરતી વખતે જરાય હલનચલન થતું નથી. કલાકો સુધી એક જ જગ્યાએ બેસવું આવી વ્યક્તિઓ સ્વીકાર કરી લેતા હોય છે. આ ગંભીર બાબતને આપણે સરળતાથી નજરઅંદાજ પણ કરી દેતાં હોઈએ છે. ઘણા દેશોમાં સંશોધકો માટે આ ચિંતાનો વિષય બન્યો છે. યેલ મેડિસિન ફિઝિયાટ્રિસ્ટ એરિક કે. હોલ્ડર (એમડી) જણાવે છે કે લાંબા સમય સુધી એક જ જગ્યાએ બેઠા રહેવાથી થતી બીમારીઓના દર્દીઓ મારી ક્લિનિકમાં રોજ આવે છે. આવા દર્દીઓને વિવિધ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો પાસેથી સારવાર કરાવવાની ફરજ પડે છે. કામને કારણે કૉમ્પ્યુટર સામે બેઠાં રહેવું, ટીવી જોતાં રહેવું, ટ્રેનો-વિમાનમાં લાંબી મુસાફરી કરવી વગેરેને કારણે સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ માંદગીઓ થતી હોય છે. આવા લોકોમાં પગનો દુખાવો, સંધિવાની સમસ્યા થવા લાગે છે. ત્યાં લોહીનો પ્રવાહ અટકી પડ્યો હોવાનું આપણને પોતાને ખબર પડવા લાગે છે. ત્યાં સોજા ચઢી જાય છે, દરદ વધવા લાગે છે. લોહીનો પ્રવાહ અટકી પડતાં ફેંફસાં સુધી લોહી પહોંચતું નથી અને તેને કારણે વિવિધ બીમારીઓ શરૂ થઈ જતી હોય છે. તેથી ૩૦ મિનિટ અથવા એક કલાકના અંતરે ઊભા થઈને હલનચલન કરવું જરૂરી છે. ડૉક્ટરના જણાવ્યાનુસાર લાંબા સમય સુધી એક જ જગ્યાએ બેસી રહેવાથી કરોડરજ્જુ અને ખભાઓ પર પણ ભાર પડે છે. કમ્પ્યુટર પર કામ કરતી વખતે આપણે થોડા આગળ વળીને બેઠા રહીએ છીએ, ટટ્ટાર બેસતા નથી તેથી માંસપેશીઓ પર આડઅસર થાય છે. પીઠની નીચેના ભાગ પર દબાણ પડવાથી કરોડરજ્જુને વળવામાં મુશ્કેલી નડે છે. ૧૮થી ૬૪ વર્ષના લોકોએ રોજ ૧૫૦ મિનિટ એરોબિક એક્સરસાઇઝ કરવી જરૂરી છે. થોડા થોડા સમયે ઊભા થઈને અથવા હલનચલન કરીને કંઈ પણ પ્રવૃત્તિ કરવી જોઈએ, પોતાનું વર્ક સ્પેસ એવું બનાવો જ્યાં સ્ટેન્ડિંગ પ્લેસ હોય. એવું નથી તો પોતાના લેપટોપ અથવા ડેસ્કટોપને થોડી ઊંચાઈ પર રાખો અથવા થોડી થોડી વારે ઊભા થતા રહો. પોતાની પાસેની પાણીની બોટલ નાની રાખવી જેથી પાણી ભરવાના બહાને પણ ઊભા થવું પડે. ટીવી જોતા હો તો જાહેરખબરો દરમિયાન થોડી અવરજવર કરી લેવી જોઈએ.

શારીરિક ગતિવિધિઓ ધીમી પડવાને કારણે હૃદય સંબંધિત સમસ્યાઓ પણ વધી જાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે થોડી થોડી વારે અવરજવર કરવું એ સૌથી ઉત્તમ ઉપાય છે. કલાકો સુધી એક જ જગ્યાએ બેઠા રહેવાથી ડાયાબિટીસ, હૃદયરોગનો હુમલો સહિતની વિવિધ બીમારીઓ થતી હોય છે. તેથી શક્ય હોય ત્યાં સુધી પોતાનું કામ ઊભાં-ઊભાં કરવું જોઈએ. આવી આદત કૅન્સરની બીમારી પણ આમંત્રિત કરી શકે છે. આપણે આપણી જીવનશૈલી જ એવી બનાવી દીધી છે કે કામ કરતી વખતે બેઠાં રહેવું. કલાકો સુધી આપણને ખબર પણ પડતી નથી કે આપણે પોતાના રૂમની બહાર ગયા જ નથી. વ્યાયામ કરવાનો સમય મળતો નથી, પરંતુ હલનચલન કરવા પણ લોકો એક જગ્યા પરથી ઊઠતાં નથી. તેમની તમામ જરૂરિયાતો તેમને તે જ જગ્યાએ પૂરી પાડવામાં આવે છે તેથી હલનચલન કરવાનો કોઈ મોકો જ મળતો નથી. આવી જીવનશૈલીથી વિવિધ બીમારીઓ થવાનું જોખમ વધી જાય છે. તેમાં ધૂમ્રપાન, શરાબનું સેવન, ખાણી-પીણીની ખોટી આદતો આગમાં ઘી હોમવાનું કામ કરે છે. પહેલાંના જમાનામાં લોકોની કાર્યશૈલી બહુ અલગ હતી. તેઓને કામ-ધંધા માટે હરવું ફરવું પડતું હતું. તેમની શારીરિક ગતિવિધિઓ વધુ હતી. તેથી તેઓમાં બીમાર પડવાનું પ્રમાણ પણ ઓછું હતું. હવે મોબાઇલ, લેપટોપ, કમ્પ્યુટર જેવી ટેક્નોલૉજીને કારણે માણસો એક જ જગ્યાએ બંધાઈ જવા મજબૂર થયા છે. આ બધી સમસ્યાથી છુટકારો મેળવવા દિવસમાં હલનચલન કરતાં રહેવું જરૂરી છે. જો તે શક્ય ન હોય તો રાત્રે સૂતાં પહેલાં અડધો કલાક લટાર મારવા નીકળી જવું, પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ સિવાય આહારમાં પૌષ્ટિક ખોરાક જ લેવો. ■

feedback@bombaysamachar.com
વિશેષ
રશ્મિ શુકલ

# શું તમને પણ છે અરીસામાં જોવાની ટેવ? તો તે આ રોગનું લક્ષણ હોઈ શકે!

જો તમને દિવસમાં ઘણી વખત અરીસામાં જોવાની આદત હોય તો તમને અરીસા તપાસવાની સમસ્યા થાય છે. જેના કારણે તમારા વર્તન પર પણ અસર પડે છે. આ તમારા શરીરના ડિસમોર્ફિક ડિસઓર્ડર (બીડીડી) સાથે સંબંધિત છે. આ એક પ્રકારની માનસિક સ્વાસ્થ્ય સમસ્યા છે. જેમાં તમે ઘણીવાર તમારી ઓળખને લઈને ટેન્શનમાં હોવ છો. એટલું જ નહીં અરીસામાં જોઈને તમારી ખામીઓ શોધવાનો પ્રયાસ કરો છો.

**સંશોધન મુજબઃ** વારંવાર અરીસામાં જોવું એ એક ખાસ પ્રકારના વિકાર સાથે સંબંધિત છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના જેએન મેડિકલ કોલેજના મનોવિજ્ઞાન વિભાગના વડા પ્રો. એસ.એ. આઝમીના મતે જો તમે વારંવાર અરીસામાં તમારા શરીરને જુઓ છો, તો તે તમારા મગજ સાથે સંબંધિત



માનસિક બીમારી હોઈ શકે છે. આ રોગને ઓસીડી સ્પેક્ટ્રમ ડિસઓર્ડર તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક લોકો વારંવાર અરીસામાં પોતાની ત્વચા જુએ છે, તેને ખેંચે છે અને ચપટી કરે છે. વારંવાર વાળ ઘસવા, ખંજવાળવા અથવા તૂટવા એ પણ એક ચોક્કસ પ્રકારનો વિકાર હોઈ શકે છે. વારંવાર અરીસામાં જોવું એ આ રોગનું લક્ષણ છે : વારંવાર અરીસામાં જોવાથી તમારી અંદર નકારાત્મક વિચારો આવવા લાગે છે જે માનસિક બીમારીનું સ્વરૂપ લે છે. આવા લોકો ધીમે ધીમે સમાજથી અલગ થવા લાગે છે. તેઓ શાળાએ ઓછી વાર જાય અને પાર્ટીઓમાં ન જાય. ધીમે ધીમે પણ તેઓ પરિવાર અને મિત્રોથી દૂર થઈ જાય છે. કારણ કે તેમને લાગે છે કે તેમનામાં ઘણી શારીરિક ખામીઓ છે. ક્યારેક આ બીમારી એટલી ગંભીર બની જાય છે કે લોકો પ્લાસ્ટિક સર્જરી પણ કરાવી લે છે. gstatic મુજબ, ભારતમાં દર વર્ષે લગભગ ૧૦ લાખ લોકો આ રોગનો ભોગ બને છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા


# શરદી - કફનો તાવ ...

## તાવ એક સર્વત્ર પ્રસરેલી વ્યાધિ છે. એના સકંજામાંથી કોઈ છટકતું નથી

તાવના તરખાટ વિશે આપણે ગયા અઠવાઢિયે વાત કરી હતી. તાવના અનેક પ્રકાર હોય છે.

આ વખતે આપણે વાત કરીએ :

શરદી -કફના તાવ વિશે...




આ તાવનાં લક્ષણ :

* ઝીણો તાવ આવે...
* શરદી (નાક બંધ થઇ જવું અથવા નાકમાંથી પાણી પડવું)
* છીંકો આવવી, ગળામાં દુઃખાવો, ઉધરસ થવી, શરીર તૂટવું વગેરે.

કારણ :

* મોટા ભાગે શરદી-કફ વધવાથી થતા ચેપને લીધે આવાં લક્ષણ બહાર આવે છે.

આવા વખતે આહાર શું લેવો ?

* શક્ય હોય ત્યાં સુધી માત્ર ઉકાળેલું પાણી લઇ એક-બે ઉપવાસ કરવા. જો ઉપવાસ થઇ શકે તેમ ન હોય તો તાવ રહે તેટલા દિવસ માત્ર પ્રવાહી પર રહેવું, જેમ કે, ફ્રૂટ જયૂસ, સૂપ, મગનું ઓસામણ વગેરે.
* ગળ્યું, ચીકણું તથા ભારે ન ખાવું.
* અતિ ઠંડા પાણી કે ખાદ્ય પદાર્થોનો ઉપયોગ ન કરવો.

### વિવિધ ઉપચાર....

કોઇ પણ જાતનો તાવ આવ્યો હોય તો ૧૦ ગ્રામ મીઠું ગરમ પાણીમાં દિવસમાં ૩ વાર લેવાથી તાવમાં રાહત થાય છે.

ફુદીનો, તુલસી અને આદુંનો ઉકાળો પીવો.

તુલસીના રસ અને મધ સાથે ૧-૧ ચમચી આદુંને લીંબુનો રસ લેવો.

તુલસી અને સૂરજમુખીના પાન વાટીને તેનો ૨૫ મિલી લિટર જેટલો રસ પીવાથી બધી જાતના તાવમાં રાહત થાય છે.

૧૦ ગ્રામ ધાણા અને ૩ ગ્રામ સૂંઠ લઇ તેનો ઉકાળો બનાવી તેમાં મધ નાખી પીવું.

૭ પાન તુલસીના, ૭ પાન ફુદીનાના, ૧ ગ્રામ મરીની ભૂકી, ૧૦ ગ્રામ ગોળને ૧ કપ પાણીમાં ઉકાળી, તેને ગાળીને સવાર-સાંજ પીવું. હળદર, સૂંઠ, મરી અને તુલસીના પાનનું ૫ ગ્રામ જેટલું ચૂર્ણ ગરમ પાણીમાં કે મધ સાથે લેવું.

### સાવધાન :

* દર્દીએ ખાંસી કે છીંક આવે ત્યારે મોં અને નાક આગળ રૂમાલ કે હાથ રાખવો, જેથી વાયરસ જંતુઓનો બીજાને ચેપ ન લાગે. * દર્દીએ વાપરેલ કોઇ પણ વસ્તુનો ઉપયોગ બીજાએ ન કરવો. * દર્દીએ પોતાના હાથને વારેવારે ધોવાનો આગ્રહ રાખવો, જેથી હાથ જંતુરહિત થાય અને બીજી કોઇ જગ્યાએ જંતુ ન ફેલાય.

### મલેરિયા (ટાઢિયો તાવ)

શું આપ જાણો છો?....

* વિશ્વમાં દર વર્ષે અંદાજિત ૨૧ કરોડ અને ૪૦ લાખ લોકો મલેરિયાના તાવમાં સપડાય છે. * મલેરિયાના વિવિધ પ્રકાર : * સાદો મલેરિયા * ઝેરી મલેરિયા * મલેરિયાનાં લક્ષણ.... * તાવ આવવાનો હોય તે પહેલા શરીર તૂટવું, કમરમાં દુઃખાવો થવો, માથું દુઃખવું અને આંખોમાં બળતરાં થવી. * શરીરમાં અશક્તિ આવવી અને ઠંડી લાગવી. * તાવ ઊથલો મારીને બે-ત્રણ દિવસમાં ફરી આવવો. * સાંધા તથા સ્નાયુઓમાં દુઃખાવો થવો. * વધુ પડતી ઠંડીના લીધે શરીર ધ્રૂજવું અને શરીરમાં પરસેવો વળવો. * ઝાડા-ઊલટી, તરસ, રાતો-પીળો પેશાબ અને લમણામાં દુઃખાવો.

### નોંધ :

આ તાવ મલેરિયાનો ચેપ લાગેલ એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં મચ્છરો દ્વારા સહેલાઇથી ફેલાઇ શકે તેમ છે,જેનો ક્રમ આ મુજબ છે....

૧.) ચેપ લાગેલું મચ્છર.
૨.) તે મચ્છર માણસને કરડે છે.
૩.) મલેરિયાના જંતુના ઇંડાં લીવરમાં જઇ મોટાં થાય છે.
૪.) તે જંતુ લોહીમાં આવે છે.
૫.) ચેપ વગરનું મચ્છર મલેરિયાવાળા માણસને કરડે છે.
૬.) પછી તે મચ્છર બીજી વ્યક્તિને કરડીને મલેરિયાનો ચેપ ફેલાવે છે.

### મલેરિયા થવાનાં કારણ ....

* બંધિયાર કે ગંદા પાણીમાં થતાં મચ્છરોના કરડવાથી.
* મલેરિયાના ચેપવાળું મચ્છર કરડવાથી.
* મલેરિયા થયા બાદ અપૂરતી સારવારને લીધે ફરી ઊથલો મારવાથી.
* ગર્ભવતી માતાને જો મલેરિયા થયો હોય તો તેના પેટમાં રહેલા બાળકને પણ મલેરિયા થઇ શકે.
* અન્ય કોઈ શારીરિક બીમારીઓમાં આનો ચેપ લાગવાની શક્યતા વધુ છે.

### મલેરિયામાં આહાર-વિહાર ....

* મલેરિયાના તાવને દૂર કરવાના ઉત્તમ ત્રણ તબક્કા :

તાવ રહે તેટલા દિવસઃ

શક્ય હોય તો માત્ર ઉકાળેલું પાણી લઇને એક-બે ઉપવાસ કરવા શ્રેષ્ઠ છે. જો ઉપવાસ ન થઇ શકે તો માત્ર નારંગીનો જ્યૂસ કે મગનું ઓસામણ લેવું.

તાવ ઊતર્યા પછી ત્રણ દિવસ સુધી :

માત્ર ફ્રૂટ સિવાય બીજું કાંઇ લેવું નહીં. (પપૈયું, અનાનસ, નારંગી, મોસબી, સફરજન, દ્રાક્ષ વગેરે લઇ શકાય.)

તાવ ઊતર્યા પછી ચોથા દિવસથીઃ

અમુક દિવસો સુધી ફ્રૂટ સાથે સલાડ તથા કઠોળ માપસરનું લઇ શકાય. ત્યારબાદ ધીરે ધીરે અન્નાહાર શરૂ કરવો.

* મલેરિયાના વિવિધ ઉપચાર ....

૭ પાન ફુદીનાના, ૬ પાન તુલસીના, ૩-૪ કાળા મરીની ભૂકી અને ૧૦ ગ્રામ ગોળને ૧ કપ પાણીમાં ઉકાળી તેમાં અડધું લીંબુ નીચોવીને રોજ સવાર-સાંજ પીવું.

સૂરજમુખીના ફૂલનાં પાન કે બીજ ૫થી ૧૦ ગ્રામ લઇ તેમાં ૩-૪ કાળા મરી નાખી, વાટી-ઘૂંટી, પાણીમાં મેળવી સવાર-સાંજ પીવું.

૩. ૧૦ ગ્રામ કારેલાના રસમાં ૨થી ૫ ગ્રામ જીરું મેળવીને પીવું.

ખાવાનું દેશી મીઠું તાવડીમાં કાળું થાય ત્યાં સુધી શેકવું. તાવ આવે ત્યારે ૫ ગ્રામ આ નમક ૧ ગ્લાસ પાણીમાં મેળવી પીવું. તાવ ઊતરી જાય પછી પણ આ દવા થોડા સમય શરૂ રાખવી.

શેકેલા કાંગચા (ગેંગડા) ના મીંજનું ચૂર્ણ (૪ ગ્રામ જેટલું) ૨ વાર ગરમ પાણી સાથે લેવું.

૧-૧ ચમચી જીરું અને મરી વાટીને ચાર ગણા પાણીમાં રાત્રે પલાળીને સવારે નરણે કોઠે પીવું.

ગરમ કરેલા દૂધમાં હળદર અને મરી મેળવી પીવું.

૧૦ ગ્રામ તુલસીનો રસ અને ૫ ગ્રામ આદુંનો રસ મેળવી પીવું.

૧ ગ્રામ મરીનું ચૂર્ણ, ૩ ચમચી તુલસીનો રસ અને ૨ ચમચી મધ મિશ્ર કરીને પીવું.

૨૦થી ૫૦ મિલી લિટર લીમડા અને તુલસીનો ઉકાળો પીવો.

### સાવધાની

* મલેરિયાનો ફેલાવો કરતા મચ્છરોનું પ્રમાણ ઘટાડવા ઘરની આજુબાજુમાં પાણીની ગંદકી કે ખુલ્લા પાણીનો સંગ્રહ ન થવા દેવો. * મલેરિયાના દર્દીને સમૂહમાં ન રાખતા અલગ રાખવો. * દર્દીએ તથા પરિવારના અન્ય સભ્યોએ મચ્છરથી દૂર રહેવું. જેથી મલેરિયાનો ચેપ બીજાને ન લાગે. * મચ્છરદાનીનો ઉપયોગ કરવો.

## ભાવનગર (ટ) – હરિદ્વાર એક્સપ્રેસની આવર્તન દ્વિ – અઠવાડિયે વધારો

| ટ્રેન નં. | થી | સુધી | સર્વિસના દિવસો | W.E.F |
|---|---|---|---|---|
| ૧૯૨૭૧ | ભાવનગર ટર્મિનસ | હરિદ્વાર | સોમ અને ગુરુ | ૧૩.૦૨.૨૦૨૫ |
| ૧૯૨૭૨ | હરિદ્વાર | ભાવનગર ટર્મિનસ | બુધ અને શનિ | ૧૫.૦૨.૨૦૨૫ |

સમય, હોલ્ટ્સ અને કમ્પોઝિશન અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૧૯૨૭૧ની વિસ્તૃત ટ્રિપ્સનું બુકિંગ ૧૧.૦૨.૨૦૨૫થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખુલશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: twitter.com/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ ID પ્રૂફ સાથે રાખો


# અમેરિકાની ટેરિફની ચિંતા અને એફઆઈઆઈની વેચવાલી વચ્ચે શૅરબજારમાં સતત ચોથા દિવસે પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દિલ્હી સરકાર બદલાઈ રહી હોવાના સમાચારને અવગણી શેરબજારે સતત ચોથા દિવસે પીછેહઠ નોંધાવી હતી. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ટેરિફ લાગુ કરવા સાથે આજકાલમાં દરેક દેશ સામે રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરવાની વાત કરી છે.

સેન્સેક્સ ૫૪૮.૩૯ પોઇન્ટ અથવા તો ૦.૭૦ ટકા ગબડીને ૭૭,૩૧૧.૮૦ની સપાટીએ અને નિફ્ટી ૧૭૮.૩૫ પોઇન્ટ ગબડીને ૨૩,૩૮૧.૬૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. પાછલા ચાર સત્રની પઢડાટમાં સેન્સેક્સે ૧૨૭૨ પોઇન્ટ અથવા તો ૧.૬૩ ટકા અને નિફ્ટીએ ૩૫૭ પોઇન્ટ અથવા તો ૧.૫૧ ટકા ગુમાવ્યા છે. પાવરગ્રીડ, ટાટા સ્ટીલ, ઝોમેટો, ટાઇટન, બજાજ ફાઇનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસી અને ટાટા મોટર્સ ટોપ લુઝર શેરોમાં હતા, જ્યારે કોટક મહિન્દ્રા બેન્ક, ભારતી એરટેલ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, આઇસીઆઇસીઆઇ બેન્ક અને ટીસીએસ ટોપ ગેઇનર્સ રહ્યાં હતાં.

પ્રાઇમરી માર્કેટમાં બે મેઇન બોર્ડ અને છ એસએમઇ આઇપીઓ આવી રહ્યાં છે. ક્વોલિટી પાવર ઇલેક્ટ્રિકલ ઇકવિપમેન્ટ લિમિટેડના આઈપીઓ રૂ. ૮૫૮.૭૦ કરોડનો બુક બિલ્ટ ઈશ્યુ સાથે ૧૪ ફેબ્રુઆરીએ બજારમાં પ્રવેશ કરશે અને ભરણું ૧૮ ફેબ્રુઆરીના રોજ બંધ થાય છે. શેરની ફાળવણી ૧૯ ફેબ્રુઆરીએ ફાઇનલ થવાની ધારણા છે. શેરનું લિસ્ટિંગ એનએસઇ અને બીએસઇ પર ૨૧મીએ થવાની ધારણા છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૪૦૧થી રૂ. ૪૨૫ છે.

દિલ્હીની ચૂંટણીના પરિણામમાં ખાસ કરીને ભાજપની જીત બજારના પરિપ્રેક્ષ્યમાં સકારાત્મક હોવા છતાં, બજારમાં તેજી લાવવામાં સફળ રહ્યો નથી. ડોલર ઇન્ડેક્સ ૧૦૮થી ઉપર અને દસ વર્ષના યુએસ બોન્ડ યીલ્ડ ૪.૪૦ ટકાથી ઉપર હોવાથી, એફઆઈઆઈ કોઈપણ સંભવિત અપસાઇડને પ્રતિબંધિત કરતી વેચવાલી ચાલુ રાખશે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આ અઠવાડિયે કેટલાક દેશો પર પારસ્પારિક ટેરિફ લાદવાની જાહેરાતને પગલે ગ્લોબલ ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટને ફટકો લાગ્યો છે. ટ્રમ્પે શુક્રવારે જણાવ્યું હતું કે તેઓ સોમવાર અથવા મંગળવાર સુધીમાં ટેરિફ લાગુ કરવાની યોજના ધરાવે છે. કોર્પોરેટ હલચલમાં સાઉદી અરેબિયામાં રૂ. ૩,૨૫૧ કરોડનો ઓર્ડર મેળવવા પર વા ટેક વા બેગના શેરમાં ૧૩ ટકાનો ઉછાળો હતો. નબળા પરિણામ બાદ ઝેગલ પ્રીપેડનો શેર ૧૦ ટકા તૂટ્યો હતો અને લોઅર સર્કિટ પર અથડાયો હતો.

કેબિનેટે ફોર જી વિસ્તરણ માટે રૂ. ૬૦૦૦ કરોડના પેકેજને મંજૂરી આપતાં એમટીએનએલનો શેર ૧૦ ટકા ઊછળ્યો હતો. ત્રીજા ક્વાર્ટરમાં પરિણામોની જાહેરાત પછી ડેલ્હીવરીનો શેર ચાર ટકા તૂટ્યો હતો. બે મોટા પ્રોજેક્ટ મેળવવાની જાહેરાતે ભેલનો શેર ચાર ટકા ઊછળ્યો વધ્યો હતો.

નિષ્ણાતો અનુસાર વ્યાપક બજારમાં વેલ્યુએશન્સ હજુ ઊંચા છે. બજારને જીડીપીની વૃદ્ધિ અને અર્નિંગ રિબાઉન્ડના સંકેતો જેવા મૂળભૂત ટ્રિગર્સની જરૂર છે. હાલને તબક્કે રોકાણકારોએ વાજબી મૂલ્ય ધરાવતા ઉચ્ચ ગુણવત્તાવાળા લાર્જકેપને વળગી રહેવું જોઈએ. વિદેશી ફંડોએ પાછલા અઠવાડિયામાં ઇક્વિટીમાં રૂ. ૭,૩૦૦ કરોડની વેચવાલી નોંધાવી છે. ગયા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક ૩૫૪.૨૩ પોઈન્ટ્સ અથવા ૦.૪૫ ટકા વધ્યો હતો અને નિફ્ટીમાં ૭૭.૮ પોઈન્ટ્સ અથવા ૦.૩૩ ટકાનો સુધારો હતો.

રોકાણકારોની નજર આ સપ્તાહે વૈશ્વિક બજારના વલણો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ ઉપરાંત ઇન્ફ્લેશન ડેટા સહિતના મેક્રો ઇકોનોમિક ડેટા પર રહેશે. ચાલુ ત્રિમાસિક કમાણીની જાહેરાતો અને ફોરેક્સ ટ્રેન્ડ પણ બજારને પ્રભાવિત કરશે. બજારને ફુગાવાના આંકડા, ઔદ્યોગિક ઉત્પાદન ડેટા અને કોર્પોરેટ પરિણામ દિશા આપશે. બુધવારે, જાન્યુઆરી માટે યુએસ ફુગાવાના ડેટા ફોકસમાં રહેશે. ફેડ ચેર જેરોમ પોવેલની ટેસ્ટોમોની પર ખાસ નજર રહેશે.

ભારત માટે, ફુગાવા અને ઔદ્યોગિક ઉત્પાદનના ડેટા ૧૨ ફેબ્રુઆરીના રોજ જાહેર થશે. ગુરુવારે, યુકેના જીડીપી વૃદ્ધિનો ડેટા જાહેર કરવામાં આવશે અને શુક્રવારે જાન્યુઆરી માટે યુએસના રિટેલ સેલના ડેટા જાહેર થશે. નિષ્ણાતો અનુસાર બજારના સેન્ટિમેન્ટમાં તેજી માટે જીડીપી અને કોર્પોરેટ અર્નિંગ્સમાં સુધારો આવશ્યક છે. કોર્પોરેટ કમાણી પણ બજારના સેન્ટિમેન્ટ પર અસર કરશે.

પરિણામ જાહેર કરનારી મુખ્ય કંપનીઓમાં આઇશર મોટર્સ, ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ, વોડાફોન આઇડિયા, સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયાનો સમાવેશ થાય છે. આરબીઆઇ દ્વારા અપેક્ષિત ધોરણે રિપોઝિશન રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો જાહેર કરાયો પરંતુ બજારને ટ્રીગર મળ્યું નથી.

એફઆઇઆઇની વેચવાલી પણ ચાલુ રહી છે અને કોર્પોરેટ પરિણામ પણ નિરસ જ રહ્યાં હોવાથી હાલ બજારને ટેકો મળે એવું કોઇ પરિબળ મોજૂદ નથી. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં કોટક બેન્ક ૧.૨૦ ટકા, ભારતી એરટેલ ૦.૯૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૪૮ ટકા, ટેક મહિન્દ્ર ૦.૪૧ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૪૦ ટકા, તાતા અને કન્સલ્ટન્સી ૦.૧૫ ટકા વધ્યા હતા, હિંદુસ્તાન યુનિલિવર સ્થિર રહ્યો હતો. જ્યારે મુખ્યત્વે પાવર ગ્રીડ ૩.૪૫ ટકા, તાતા સ્ટીલ ૩.૧૧ ટકા, ઝોમેટો ૨.૮૭ ટકા, ટાઈટન ૨.૮૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૧૮ ટકા, એનટીપીસી ૨.૦૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૮૯ ટકા, ટાટા મોટર્સ ૧.૫૨ ટકા, ઈન્ફોસિસ ૧.૨૪ ટકા એક્સિસ બેન્ક ૧.૧૯ ટકા અને મારુતિ ૧.૧૩ ટકા ઘટ્યા હતા.

# મલયેશિયા પાછળ દેશી-આયાતી તેલમાં ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૯૧ રિંગિટનો ઉછાળો આવ્યાના અહેવાલ ઉપરાંત આજે ગુજરાતના મથકો પર ખાસ કરીને સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હોવાથી આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં તમામ દેશી-આયાતી તેલના ભાવમાં ચમકારો આવ્યો હતો, જેમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૫, આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ, સિંગતેલ અને સરસવમાં રૂ. ૧૦ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૧૦ ફેબ્રુઆરી સુધીની મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જાન્યુઆરી મહિનાના સમાનગાળાના ૩,૫૦,૭૮૮ ટન સામે ૩.૯૪ ટકા ઘટીને ૩,૩૬,૯૮૦ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫થી ૧૨૭૫, અદાણી વિલ્મરના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ તથા એએનએ અને રૂચીના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૫૦ અને રૂ. ૧૩૪૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ગોકુલની સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૪૫થી ૧૨૫૨માં બાયબેકમાં લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સ્થાનિકમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ. ૧૪૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સરસવના રૂ. ૧૩૪૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૩૫માં થયાના અહેવાલ હતા.

આજે રાજસ્થાનનાં મથકો પર સરસવની અંદાજે ૮૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૧૨૫થી ૬૧૫૦માં થયા હતા, જ્યારે જયપુરની મંડીમાં સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૭૨ અને રૂ. ૧૨૮૨માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૧૦૦થી ૨૧૦૫માં થયાના તેમ જ મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૧૦ લાખ ગૂણી સોયાસીડની આવક થઈ હોવાના અહેવાલ હતા.

# ડૉલર સામે રૂપિયો ૮૮ની સપાટીની નજીકથી પાછો ફરીને સ્થિર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ખાસ કરીને અમેરિકા સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ડ્યૂટી લાદવાની જાહેરાત કરે તેવી શક્યતા અને મંગળવાર અથવા તો બુધવારે રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરે તેમ હોવાથી વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર વધુ વકરે તેવી ભીતિ હેઠળ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો એક તબક્કે ૪૫ પૈસા ગબડીને ૮૮ની સપાટીની નજીક ૮૭.૯૫ની સપાટી સુધી પહોંચ્યો હતો. જોકે, ત્યાર બાદ સંભવિતપણે રિઝર્વ બૅન્કે બજારમાં હસ્તક્ષેપ કરતાં ગત શુક્રવારની ૮૭.૫૦ની સપાટીએ જ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૭.૫૦ના બંધ સામે ૮૭.૯૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૯૫ અને ઉપરમાં ૮૭.૪૪ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૮૭.૫૦ની સપાટીએ જ બંધ રહ્યો હતો. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૪ ટકા વધીને ૧૦૮.૧૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી આજે સત્રના આરંભે સ્થાનિકમાં રૂપિયો વિક્રમ નીચી સપાટી સુધી ગબડ્યો હતો, પરંતુ ત્યાર બાદ સંભવિતપણે રિઝર્વ બૅન્કે બજારમાં હસ્તક્ષેપ કરતાં નીચી સપાટીએથી પાછો ફર્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનનાં વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૭.૨૫થી ૮૭.૮૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૮ ટકા વધીને બેરલદીઠ ૭૫.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૪૮.૩૯ પૉઈન્ટનો અને ૧૭૮.૩૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૭૦.૩૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટીન અને નિકલની આગેવાનીમાં ચોક્કસ ધાતુઓમાં સુધારો

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને ટીન અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૫નો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિરસ માગે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. બે ઘટી આવ્યા હતા અને ખપપૂરતી માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે ટ્રમ્પની ટેરિફની ચિંતા વચ્ચે કોપર સહિતની અન્ય ધાતુઓના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હોવા છતાં આજે સ્થાનિકમાં ખાસ કરીને નિકલ, ટીન અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ.૧૫ વધીને રૂ. ૧૪૦૫, રૂ. ૧૩ વધીને રૂ. ૨૭૯૬ અને રૂ. પાંચ વધીને રૂ. ૫૮૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૦૨, કોપર સ્ક્રેપ હેવીના રૂ. ત્રણ વધીને રૂ. ૮૧૧, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૨૧ અને રૂ. ૭૫૨ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૬૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૫૩૮, રૂ. ૮૮૧ અને રૂ. ૨૭૨ના મથાળે રહ્યા હતા, જ્યારે છૂટીછવાઈ માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૮ અને રૂ. ૧૮૨ના મથાળે ટકેલા રહ્યા હતાં.

# ખપપૂરતા કામકાજે ખાંડમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગત શનિવારે સ્થાનિક તેમ જ દેશાવરોની સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૯૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સાર્વત્રિક સ્તરેથી કામકાજો ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજર તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ચારથી ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા. તે જ પ્રમાણે નાકા ડિલિવરી ધોરણે સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. પાંચનો ઘટાડો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૫થી ૨૫નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલી ખપપૂરતી રહી હતી અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**REDEVELOPMENT NOTICE**

PALASH PMC LLP

Sealed Tenders are invited from reputed Developers for REDEVELOPMENT of property of

**"SANTACRUZ RAJPIPLA CHSL (BUILDING SUJATA)"**

AT Situate At Bearing Plot FP NO. 27C, TPS SCHEME II, BANDRA G VILLAGE, JUHU RD, SANTACRUZ (WEST), MUMBAI – 400 054.

**HIGHLIGHTS**
- MAIN JUHU ROAD OF 27MTR CLOSE TO JUHU GARDEN.
- OPP. POLICE STATION.
- NEAR LINKING ROAD JUNCTION
- NEAR TEMPLE, SCHOOL & COLLEGE.

**PLOT DETAILS:**
Gross Plot Area in possession as per Pvt. Survey = **1560.23** sq.mtr., Conveyance Deed = **1847.78** sq.mtr., Road Widening May Be Required.

**MEMBERS DETAILS:**
MOFA Carpet Area of **22** Residential flats = **14561** sq.ft., MOFA Carpet Area of **10** Commercial Shop = **2932** sq.ft., Enclosed Garages **6** Nos. = **1055** sq.ft. and **4** stilt parkings Attached Terrace **4** Nos. = **2398** sq.ft.

**Tender Cost: Rs. 5,100/- D.D./P.O./ cheque (non-refundable) in name of SANTACRUZ RAJPIPLA CHSL, Tender collection from 11/02/2025 to 26/02/2025, 11 AM to 5 PM on working days from Society Office.**

EMD: Rs. 2,00,000/- (refundable) in name of Society by DD/Pay Order. Submission on or before **13/03/2025, 11 AM to 5 PM** on working days at the Society Office.

**Society Contact Details:**
**Mr.Narinder Singh Kaler-9619699668**

**PALASH PMC LLP**
106, Panchvati Building, Junction of S. V. Rd. & Bajaj Rd, Kandivali (W), Mumbai-67.
9821322140 / 9821715564
palashpmc@gmail.com

The society reserves the right to accept or reject any or all bids with out assigning any reason thereof.

**જાહેર નોટિસ**

**મુંબઈ ખાતે ન્યાયાધિકારીની વડી અદાલતમાં**
**સામાન્ય અસલ દિવાની હકૂમત**
**૨૦૨૩નો હાઈકોર્ટ સૂટ (L) નં. ૨૬૪૪૮**

સતીષ બલબીર બુધરાજા ... વાદી

વિરુદ્ધ

કંચન રતેશ બુધરાજા અને અન્યો ....પ્રતિવાદી

તારીખ ૨૬મી ઓક્ટોબર ૨૦૨૩ના આદેશ અને તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૪ના તદ્પશ્ચાદ્‌ના નામદાર હાઈકોર્ટ, મુંબઈ દ્વારા પસાર કરાયેલ આદેશ અન્વયે અહીં નીચે પરિશિષ્ઠમાં વિગતવાર વર્ણવેલ ફ્લેટના લીવ એન્ડ લાયસંસ ધોરણે ૩૬ માસની મદત માટે અને વ્યાજ મુક્ત ત્રણ માસની સીક્યુરીટી ડીપોજીટની લાયસંસ ફીની ચૂકવણી પર વપરાશ અને ભોગવટા માટે સીલબંધ અલગ કવરમાં ઓફર નીચે સહી કરનાર દ્વારા "જેમ છે જ્યાં છે" ધોરણે બીડના નિયમો અને શરતો મુજબ મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર "કોર્ટ રીસીવર, હાઈકોર્ટ, મુંબઈ"ની તરફેણમાં ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કના દ્વારા રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ માત્ર)ની જરૂરી બાનાની રકમ ડીપોજીટ (બારડી) સાથે નીચે સહી કરનારની ઓફિસે **૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના સાંજે ૫ વાગ્યા સુધી** પહોંચે એમ મંગાવવામાં આવે છે. ઓફરરોએ ઓફર અલગ સીલબંધ કવર્સમાં "**૨૦૨૩ના હાઈકોર્ટ સૂટ (L) નં. ૨૬૪૪૮ માં ફ્લેટ માટે લીવ એન્ડ લાયસંસ માટે ઓફર**" એવું મથાળું કરી સુપ્રત કરવાની રહેશે.

ઓફરરોએ પાર્ટીઓની મીટીંગના સમયે **૫મી માર્ચ, ૨૦૨૫ના સાંજે ૪.૩૦** વાગે કોર્ટ રીસીવરની ઓફીસે હાજર રહેવું.

દાવાની જગ્યા ઈચ્છુક ઓફરરોને નિરીક્ષણ માટે **૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના સવારના ૧૧ થી સાંજે ૫ સુધી** ખુલ્લી રાખવામાં આવશે.

બીડ માટે નિયમો અને શરતોની નકલ કોર્ટ રીસીવર, હાઈકોર્ટ, મુંબઈની અહીં નીચે દર્શાવેલ આ ઓફિસના સરનામે ઓફિસ સમય દરમિયાન રૂા. ૧૦૦/- (રૂપિયા એકસો માત્ર) (પરત ન કરવા પાત્ર/નોન એડજસ્ટેબલ)ની ચૂકવણી કરવા પર ઉપલબ્ધ રહેશે.

ઉચ્ચતમ બીડર દ્વારા ફ્લેટના લીવ એન્ડ લાયસંસ માટેની ઓફર તારીખ ૫મી માર્ચ, ૨૦૨૫ના પાર્ટીઓની મીટીંગમાં સ્વીકારાશે અને ઓફર ફાઈનલ કરવામાં આવશે.

**મિલકતનું પરિશિષ્ઠ**

**ફ્લેટ નં. એ-૭૦૧ (૫ બીએચકે) માપમાં ૨૩૬૦ ચો.ફી. (રેરા કારપેટ એરિયા ૨૪૪૧ ચો.ફી.) ૭મા માળે, મીરચંદાની ટ્રાયટોન, ૧૭મો રોડ, રાજેશ ખન્ના ગાર્ડન સામે, સાંતાક્રુઝ (વે.), મુંબઈ-૪૦૦૦૫૪ ખાતે પાર્કિંગની જગ્યાઓ તેના નંબર્સ ૧) P2-8, ૨) P2-14 અને ૩) P2-15 સાથે આવેલ છે (જૂના ફ્લેટ નં. ૩એ, ગંગા જમુના કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ.ના)**

તારીખ: ૪/૨/૨૦૨૫

**સરનામું:**
કોર્ટ રીસીવરની ઓફિસ,
હાઈકોર્ટ, મુંબઈ
બેન્ક ઓફ ઈન્ડિયા બિલ્ડિંગ, ૨જા માળે,
એમ. જી. રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૨૩

સહી/-
૪/૨/૨૦૨૫
કોર્ટ રીસીવર
હાઈકોર્ટ, મુંબઈ
સીલ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

આસી. એન્જિનિયર (સોઈલ મેક.)ની ઓફિસ, સુદામ કાલુ આહિરે માર્ગ, વરલી, મુંબઈ-૪૦૦૦૩૦.
ટેલિ. નં.: ૨૪૯૪૧૯૪૯ ૦૨૨, ઈમેલ:-ae01soilmech.vig@mcgm.gov.in

**ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના તકેદારી વિભાગ નીચે દર્શાવેલ નીચેના માટે "ટેન્ડર" મંગાવે છે.

| ટેન્ડર નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ | ટેન્ડર પ્રારંભ તારીખ અને સમય | ટેન્ડર સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૨૦૨૫_MCGM_૧૧૪૭૪૫૭ | IS :૨૪૫-૧૯૮૮ રિફ ૨૦૦૬ મુજબ ૨૮૦/૨૯૦ કિગ્રા ડ્રમ્સમાં ટ્રાઈક્લોરેથીલીન લિક્વિડનું સપ્લાય | રૂા. ૮૩૫૦/- | ૧૨.૦૨.૨૦૨૫ સાં. ૧૭.૩૦ | ૨૦.૦૨.૨૦૨૫ સાં. ૧૭.૩૦ |

પાત્રતા માપદંડ અને વધુ વિગતો માટે "ટેન્ડર" સેક્શન હેઠળ Https://portal.mcgm.gov.in પર લોગ ઓન કરો અથવા આસિસ્ટન્ટ એન્જિ. (સોઈલ મેક.) બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશન, મટેરિઅલ ટેસ્ટિંગ લેબોરેટરી સુદામ કાલુ આહિરે માર્ગ, જૂની પાસપોર્ટ ઓફિસ પાસે, વરલી, મુંબઈ-૪૦૦૦૩૦ની ઓફિસમાં સંપર્ક કરો.
ઈમેલ id:- ae01soilmech.vig@mcgm.in

PRO/2488/ADV./2024-25

સહી/-
આસિસ્ટન્ટ એન્જિનિયર (સોઈલ મેક.)

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.

**ઈ-ટેન્ડર નોટિસ**

નં. KEMH/૫૮૫૦/AEME તા. ૧૦.૦૨.૨૦૨૫

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહદ્ મુંબઈના મ્યુનિસિપલ કમિશનર "આઈટમ રેટ ધોરણ" પર નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| અ. ક્ર. | કામનું નામ | બાનાની રકમ ડીપોઝીટ રૂા. | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | K.E.M. હોસ્પિટલના ટાએટ સેકશનમાં ચપાતી બનાવવા માટે મેનપાવરની સપ્લાય. ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૪૮૨૩૨_૧ | ૨૬૦૦૦/- @૧% | ૧૧.૦૨.૨૦૨૫ (૧૭ ક.) | ૧૮.૦૨.૨૦૨૫ (૧૭ ક.) |
| ૨. | K.E.M. હોસ્પિટલ ખાતે સિસ્ટમ સેન્ટેનરી સર્ટન રાઈઝર ઈવેન્ટ ધોરણે બાયોમેડિકલ વેસ્ટ ડિસઈન્ફેક્શન માઈક્રોવેવની જાળવણી માટે મેનપાવર (૦૩ નં.)ની સપ્લાય. ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૪૮૨૩૮_૧ | ૧૨૦૦૦/- @૧% | ૧૧.૦૨.૨૦૨૫ (૧૭ ક.) | ૧૮.૦૨.૨૦૨૫ (૧૭ ક.) |
| ૩. | K.E.M. હોસ્પિટલમાં વિવિધ હોસ્ટેલની ઈલેક્ટ્રિકલ જરૂરિયાતો. ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૪૮૪૦_૧ | ૮૦૦૦/- @૧% | ૧૧.૦૨.૨૦૨૫ (૧૭ ક.) | ૧૮.૦૨.૨૦૨૫ (૧૭ ક.) |
| ૪. | લાયકાતની શરત (પેકેટ 'A') | ૨૦.૦૨.૨૦૨૫ | ૧૭.૩૦. ક. | |
| ૫. | ટેક્નીકલ બીડ (પેકેટ 'B') | ૨૦.૦૨.૨૦૨૫ | ૧૭.૪૫. ક. | |
| ૬. | કોમર્શિયલ બીડ (પેકેટ 'C') | શેડ્યુલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે (http://mahatender.gov.in)ની મુલાકાત લેવી.

ટેન્ડરરોએ નોંધ લેવાની કે આ ટેન્ડર અંગે જારી થનાર કોઈપણ સુધારો માત્ર (http://mahatender.gov.in) પર જ પ્રકાશિત થશે. સ્થાનિક વર્તમાનપત્રોમાં કોઈ સુધારો નહીં છપાય.

**ટેન્ડર દસ્તાવેજો ટપાલથી જારી કે પ્રકાશિત થશે નહીં.**

PRO/2494/ADV./2024-25

સહી/-
ડીન K.E.M. હોસ્પિટલ

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ડે.ચી.એન્જિ./M&E/૪૭૮૧/W.S. ૦૬.૦૨.૨૦૨૫ના

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશનર લાયક બિડરો પાસેથી **"ટકાવારી ધોરણે"** નીચેના કામો માટે **ઓનલાઈન ઈ-ટેન્ડરો** મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય "ટેન્ડર" સેક્શન હેઠળ MCGMની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખિત છે.

**બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશન**
**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| **વિભાગ :** | ચી.એન્જિ.(M&E) |
| **સેક્શન :** | ડે.ચી.એન્જિ.(M&E)W.S. |
| **ઈ-ટેન્ડર નંબર :** | ૧. ૨૦૨૫_MCGM_૧૧૪૫૯૪૪_૧<br>૨. ૨૦૨૫_MCGM_૧૧૪૫૮૮૮_૧ |
| **વિષય :** | ૧) બાંદ્રા ફાયર સ્ટેશન ખાતે CCTV સિસ્ટમનું રિમૂવલ, રિપ્લેસમેન્ટ અને ફિક્સિંગ.<br>૨) E. E. (Tr.) W S SWM વિભાગ હેઠળ મલાડ ટ્રાન્સપોર્ટ ગેરેજના પ્રિમાઈસીસમાં વેધર શેડ અને સંલગ્ન ઈલેક્ટ્રિક કામનું ઇન્સ્ટોલેશન. |
| **બીડ પ્રારંભ :**<br>**બીડ અંતિમ :** | તારીખ- ૧૧.૦૨.૨૦૨૫ સમય- સ. ૧૧.૦૦<br>તારીખ- ૧૭.૦૨.૨૦૨૫ સમય- બ. ૧૬.૦૦ |
| **પ્રી-બીડ મિટિંગ** | NA |
| **પોર્ટલ :** | Http://portal.mcgm.gov.in |
| **સંપર્ક વ્યક્તિ :**<br>**a) નામ :**<br>**b) સંપર્ક નં.(ઓફિસ) :**<br>**c) મોબાઈલ નંબર :**<br>**d) ઈ-મેલ સરનામું :** | E.E.(M&E)W.S.-II<br>શ્રી. પી. સી. આયરે<br>૦૨૨-૨૯૬૭૫૮૬૨<br>૯૩૨૨૦૩૬૪૨૮<br>aews01me@mcgm.gov.in, aews03me@mcgm.gov.in |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે **http://portal.mcgm.gov.in/** પર મ્યુનિસિપલ વેબસાઈટની મુલાકાત લેવી પડશે. ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ/કુરિયર દ્વારા ઈશ્યૂ કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

PRO/2470/ADV./2024-25

સહી/-
**E.E.(M&E) WS II** (i/c)

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** "મુંબઈ સમાચાર" પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના "મુંબઈ સમાચાર" પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.

VEG JAIN

અદભુત.. અકલ્પનીય.. અલૌકિક ..
અવિસ્મરણ અને "અસ્સલ" યુરોપ ટુરો ..
ફક્ત વેલ્વેટ સંગાથે
● પેરિસ નાઇટ ટુર ● TGV ટ્રેન - પેરિસ થી સ્વીટઝરલેંડ
● ગ્લેશિયર ૩૦૦૦ ● LINDT ચોકલેટ ફેક્ટરી





OTHER DESTINATIONS - AMERICAN ROCKIES | CANADIAN ROCKIES | RUSSIA NORTHERN LIGHTS

Velvet Vacations By NOVEX COMMUNICATIONS
www.velvetvacations.in
અનુજ: +91 8355851053 | શ્વેતલ: +91 8652648223
અમિત: +91 9920887058 | હરેશ: +91 8355851057



કુલીન કુમાર હોલિડેઝ – એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે. પ્રસ્તુત કરે છે...

ડિસ્કવર
ક્વિન્સલેન્ડ
ઑસ્ટ્રેલિયા




**તમારી ટૂર પેકેજ તમે જ બનાવો**
₹ 1,15,000 થી શરૂ વ્યક્તિ દિઠ
3 રાત્રિ કેઇર્ન્સ | 2 રાત્રિ બ્રિસ્બેન
3 રાત્રિ ગોલ્ડ કોસ્ટ
સાહસ કરવાની ઇચ્છા છે? સેલ્ફ ડ્રાઇવ કાર દ્વારા કોસ્ટલ ડ્રાઇવની દિલધડક સફર
પ્રસ્થાનઃ તમારી મનપસંદ તારીખમાં

**ગ્રુપ પેકેજ**
₹ 2,15,000 થી શરૂ વ્યક્તિ દિઠ
3 રાત્રિ ગોલ્ડ કોસ્ટ | 2 રાત્રિ કેઇર્ન્સ
• મુંબઇ થી મુંબઇ બધુ જ સામેલ • વર્લ્ડ ક્લાસ સિંગાપૂર એરલાઇન્સમાં મુસાફરી • બધાજ સાઇટસીઇંગ/હાઇ ટેક બસમાં મુસાફરી • આલીશાન સિટી સેન્ટર હોટેલ્સ • અત્યંત અનુભવી અને પ્રોફેશનલ ટૂર લીડર • ટૂર દરમ્યાન ભારતીય સ્વાદિષ્ટ ભોજન • સ્પષ્ટ વ્યવહાર / ટ્રાન્સપરન્ટ પોલિસી
પ્રસ્થાનઃ એપ્રિલઃ ૨૫ | મેઃ ૭, ૧૦, ૧૨, ૧૮, ૨૪, ૨૬, ૩૦ | જૂનઃ ૦૪, ૧૦

SCAN ME
KULIN KUMAR HOLIDAYS
Queensland AUSTRALIA
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500



# મોટાભાઇ! ૩૯ વરસો નો અનુભવ છે!

■ સ્વતંત્ર વાહન ની સગવડો. ■ બજેટ મુજબ ૪/૩ સ્ટાર હોટેલો. ■ દરેક સ્થળોએ તમારા ભાવતા ભોજનો.
■ Deluxe - Premium - Club Class ટુરો ■ વરસોનો અનુભવી ઓફીસ/ટુરની 'Team Heena' નું માર્ગદર્શન.
■ સસ્તો ભાવ/રેવડી જોઇએ કે સુવિધાઓ એ પ્રવાસી નક્કી કરે

**ભુમથાંગ, ફોબ્જીકા વેલી સાથે ભુતાન**
પારો ■ થીમ્પુ ■ પુનાખા
* ૯ અને ૧૧ દિવસ ની ગ્રુપ ટુરો * ૩/૪ સ્ટાર હોટલો
9137890531 / 9833515645

**લુંબીની (બુધ્ધ નું જન્મ સ્થળ) સાથે જનકપુર (સીતા નું જન્મ સ્થળ) નેપાલ**
પોખરા ■ ચિતવન ■ જનકપુર
* ૪/૮ અને ૧૦ દિવસ ની ગ્રુપ ટુરો * ૩/૪ સ્ટાર હોટલો
9769442741 / 9326474508

**૪ સ્ટાર ઉત્તર પ્રદેશ**
લખનૌ ■ અયોધ્યા પ્રયાગરાજ ■ વારાણસી — દિવસ–૭
સાથે
નેમીશરણ ચિત્રકુટ — દિવસ–૯
* ૭ અને ૯ દિવસ ની ગ્રુપ ટુરો * ૪ સ્ટાર હોટલો
9137890531 / 9769442741

**પ્રિમિયમ અને Club Class ચારધામ યાત્રા**
બદ્રિનાથ ■ કેદારનાથ ■ યમુનોત્રિ
ગંગોત્રિ ■ હરિદ્વાર ■ ઋષિકેશ
* સ્વતંત્ર વાહન ની વ્યવસ્થા * સૌથી સારી હોટલો
* તમને મનગમતા ભોજન * વરસો ના અનુભવી અમારા ટુર મેનેજરો
* ૧૧ અને ૧૪ દિવસ ની ગ્રુપ ટુરો * ૩/૪ સ્ટાર હોટલો
9930092741 / 9324210059

**લેહ–લદાખ**
દ્રાસ ■ આર્યનવેલી ■ લેહ
નુબ્રાવેલી ■ પેંગોંગ લેક ■ તુર્તુક
દિવસઃ ૭,૮,૧૦,૧૧
7021657978 / 9833515645

**કાશ્મીર**
શ્રીનગર ■ પહેલગામ ■ સોનમર્ગ
ગુલમર્ગ ■ વૈષ્ણોદેવી
વૈષ્ણોદેવી માં તાજ હોટેલમાં યાદગાર મુકામ TAJ
દિવસઃ ૮,૯,૧૦
9769442741 / 9326474508

**સ્પીતી–વેલી**
નારકંડા ■ શાંગલા ■ તાબો ■ કાઝા
ચંદ્રતાલ ■ કલ્પા સરહાન ■ સીમલા
દિવસઃ ૮,૧૦,૧૧
8928467688 / 9137890531

**હિમાચલ પ્રદેશ**
અમૃતસર ■ ડેલહાઉઝી ■ ધરમશાલા
ખજીયાર ■ કુલુ–મનાલી ■ સીમલા
દિવસઃ ૭,૮,૧૦,૧૪
ખજીયારમાં ૧ રાત્રીનો યાદગાર મુકામ
9930092741 / 9324210059

**સિક્કિમ દાર્જીલીંગ**
ગેંગટોક ■ પેલીંગ ■ લાચુંગ
ઝીરો પોઇન્ટ ■ ચાંગુ લેક
દિવસઃ ૮,૧૧
બારે મહિના નિયમીત ટુરો
7021657978 / 9833515645

**ઉત્તરાખંડ**
ભીમતાલ ■ મસૂરી ■ હરિદ્વાર
બિનસર ■ કોર્બેટ પાર્ક ■ નૈનિતાલ
દિવસઃ ૭,૮,૧૦
બારે મહિના નિયમીત ટુરો
9769442741 / 9326474508

**દક્ષીણ ભારત**
કેરાલા ■ ઉટી ■ મૈસુર ■ કૂર્ગ ■ બંદિપુર
વાયનાડ ■ મદુરાઇ ■ રામેશ્વરમ ■ કન્યાકુમારી
દિવસઃ ૮,૧૦,૧૪
બારે મહિના નિયમીત ટુરો
8928467688 / 9137890531

**આસામ–મેઘાલય**
અરૂણાચલ ■ તવાંગ ■ કાઝીરંગા
શિલોંગ ■ ગુવાહટી ■ દિરાંગ
દિવસઃ ૭,૮,૧૨
જાન્યુઆરી થી મે નિયમીત ટુરો
9930092741 / 9324210059

Heena TOURS & TRAVELS ®
DOMESTIC & INTERNATIONAL

વધુ વિગતો માટે જુઓ અમારી વેબ સાઇટઃ www.heenatours.in
૩૦૩–૩૦૫, એમ.એલ.સ્પેસ, જૈન દેરાસર સામે, સ્ટેશન રોડ, વિલે પાર્લે (વે), મુંબઇ – ૪૦૦ ૦૫૬.
વિલે પાર્લેઃ 6729 4444 / 6159 6900 ઘાટકોપરઃ 022-6729 5000
સુરતઃ 0261-2456 655 અમદાવાદઃ 079-4906 5500 પુનાઃ 8237 042741



મોટાભાઇ ૩૯ વર્ષનો અનુભવ છે!